વર્ષ : ૬૬ ■ અંક : ૧૧ ■ તા.૦૧-૦૬-૨૦૨૬

# ગુજરાત


ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



૧૨ વર્ષ વિશ્વાસનાં, વિકાસનાં અને જનકલ્યાણનાં

## આદિજાતિની સ્વાભિમાનથી સ્વાવલંબન સુધીની સફર



જીવનશૈલી અને પરંપરાની વિવિધતા

લોકકલા, લોકસાહિત્ય અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો

પ્રકૃતિ સાથેનો સંવાદ

સર્વાંગી વિકાસ તરફ આગળ ધપતો આદિવાસી સમુદાય

આદિવાસી વિકાસ વિશેષ



# ગરમીમાં લૂથી બચવા આટલું કરો

**01**



### તરસ ન લાગી હોય છતાં પૂરતા પ્રમાણમાં પાણી પીવું

શરીરમાં પાણીની માત્રા જાળવવા ORS, છાશ, લીંબુ પાણી પીવું

**02**

### બપોરે બહાર નીકળો ત્યારે માથાનો ભાગ કપડા કે ટોપીથી ઢાંકેલો રાખો

બપોરે ૧૨થી ૩ના સમયગાળા દરમિયાન બહાર તડકામાં જવાનું ટાળો



**03**

### બાળકો, વૃદ્ધ અને બીમાર વ્યક્તિએ તડકામાં ફરવાનું ટાળવું

માથામાં અસહજ દુઃખાવો, ચક્કર આવે તેમ લાગે તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવો



**04**

### આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો

જો કોઇ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો



ગરમીથી બચવું એ જ સલામતી

**સાવચેત રહો, સુરક્ષિત રહો**

- પાણી પીતા રહો
- માથું ઢાંકો
- બપોરે બહાર ના નીકળો
- તકલીફ થાય તો તાત્કાલિક સારવાર લો

**Gujarat**

The Reliable fortnightly of Gujaratis

**Year : 66 • Issue : 11 • Date : 1 - 6 - 2026**

**તંત્રી** : કે. એલ. બચાણી

**સહતંત્રી** : અમિત ગઢવી

**કાર્યવાહક તંત્રી** : જયેશ દવે

**સંપાદક** : મનીષા વાઘેલા

**સહસંપાદક** : બેલા મહેતા, નીરવ રાવલ

**કલાનિર્દેશક** : જસ્મીન દવે

**લેઆઉટ ડિઝાઇન** : મૌલિક એમ. રાજપૂત

**વિતરણ વિભાગ** : મિલન બેરા, દિવ્યરાજસિંહ ઝાલા

'ગુજરાત' પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી

**વિતરણ** : ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨

**ફરિયાદ એડ્રેસ** : gujaratpaxik1@gmail.com

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦. ◆ ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

વાર્ષિક લવાજમ ₹ ૫૦-૦૦ ◆ 64 + 4 Cover = Total 68



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



'ગુજરાત' પાક્ષિકનું ઓનલાઇન લવાજમ ભરવા માટે આ QR કોડ સ્કેન કરો.

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે

www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- 'ગુજરાત' પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- 'ગુજરાત' પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લૉટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

**માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત**


# શબ્દશઃ




- વન-રાજની વૈભવ વિરાસત જાળવી રાખીને વન્ય જીવસૃષ્ટિના સર્વાંગી વિકાસ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલો 'પ્રોજેક્ટ લાયન' સફળ રહ્યો છે.
- વડાપ્રધાનશ્રીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની કલ્પના 'વન નેશન, વન ઈલેક્શન'થી સાકાર થશે.
- બદલાતા પ્રવાહો સાથે સહકાર ક્ષેત્ર પણ કદમથી કદમ મિલાવી શકે એવા વિઝનથી વડાપ્રધાનશ્રીએ 'સહકાર સે સમૃદ્ધિ'નો માર્ગ અપનાવ્યો છે.
- 'ડિઝાઈન ઈન ઈન્ડિયા, ડિઝાઈન ફોર ધ વર્લ્ડ'ના મંત્રથી વડાપ્રધાનશ્રીએ ભારતને વિશ્વનું ડિઝાઈન હબ બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે.
- NID વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીથી ભારતની સર્જનાત્મકતાનું જીવંત પ્રતીક બની છે.
- ભારતનો પ્રથમ સેમિ હાઇસ્પીડ રેલ પ્રોજેક્ટ ગુજરાતને મળ્યો તે સમગ્ર રાજ્ય માટે ગૌરવની બાબત છે.
- ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ વન્ય જીવસૃષ્ટિ અને પર્યાવરણ સંરક્ષણ માટે 'જીવમાં શિવ' અને 'પૌધામાં પરમાત્મા'ની સંસ્કૃતિનું વિશ્વને દર્શન કરાવશે.
- ગુજરાત હવે ટેક્નોલૉજી, ઈનોવેશન અને નૉલેજ આધારિત અર્થતંત્રનું વૈશ્વિક કેન્દ્ર બનશે.
- શહેરો બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ ગ્રીન એન્વાયર્નમેન્ટ સાથે પૉલ્યુશન-ફ્રી, ગાર્બેજ-ફ્રી અને સ્લમ-ફ્રી બને તેવો રાજ્ય સરકારનો નિર્ધાર છે.
- એકવીસમી સદીમાં ક્રિએટિવિટી, ઈનોવેશન અને ડિઝાઈનથી જ રાષ્ટ્ર વૈશ્વિક પ્રતિસ્પર્ધામાં આગળ વધી શકે છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યના અંશો)

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત 'ગુજરાત' પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઈમેલ આઈડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો. યોગ્યતા અનુસાર તેને 'ગુજરાત' પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.

## આકર્ષણ





૬ પ્રતિભાવ






૭ સંવાદ

૮ કલ્પસર





૧૦ કવર સ્ટોરી





૩૨ આદિજાતિ વિશેષ








૨૪ જનસુખાકારી

૩૧ આયોજન

૪૩ વિકાસયાત્રા

૫૦ ચિત્રવીથિકા

૫૧ મિલન

૫૨ રમત-ગમત

૫૩ સંવેદના

૫૪ સંક્ષિપ્ત સમાચાર

૫૫ સમાચાર વિશેષ

૫૬ નિર્ણય

૫૯ ગૌરવ

૬૦ સ્વદેશી

૬૧ અવનવું

૬૨ ઝૂમ-ઇન

૬૩ પ્રેરણા

૬૪ ક્વિઝ કોર્નર

૬૫ જાણકારી

૬૬ શબ્દયાત્રા

# વનબંધુ કલ્યાણની દિશામાં નવો સૂર્યોદય અપ્રતિમ વિકાસની ગૌરવગાથા



આદિ એટલે પહેલું, પ્રારંભનું. તેથી જે-તે પ્રદેશમાં જે લોકો આદિકાળથી વસે છે, જે જંગલ અને જમીનનું સંરક્ષણ, સંવર્ધન અને પોષણ કરી રહ્યા છે એ આદિવાસી કહેવાય. ગુજરાતમાં પૂર્વ પટ્ટીમાં વસતો આદિવાસી સમુદાય પ્રાચીન સમયથી રાજ્યને સમર્પિતભાવે વિકાસયાત્રામાં સહયોગી થતો રહ્યો છે.

રાજ્ય સરકારની કોઈ પણ યોજનામાં જનસેવાનો ભાવ અભિપ્રેત હોય છે. સમાજના તમામ વર્ગના એકસમાન ઉત્થાન માટે વિવિધ યોજનાઓ રાજ્ય સરકારે અમલી બનાવી છે. ગુજરાત સરકારે આદિવાસી-કલ્યાણને માત્ર કાગળ પરની યોજનાઓ પૂરતું સીમિત ન રાખતાં તેને એક 'જન-આંદોલન' અને 'સેવાયજ્ઞ'નું સ્વરૂપ આપ્યું છે. પરિણામે, આજે અંતરિયાળ જંગલો અને ડુંગરાળ વિસ્તારોમાં પ્રગતિનો એક નવો સૂર્યોદય થયો છે. આ અંકમાં આદિવાસી સમુદાયના ઉત્કર્ષ માટે સરકારના યત્નો, વનવાસી બંધુઓને મળેલા યોજનાકીય લાભો ઉપરાંત તેમની આત્મનિર્ભરતા, સમાજમાં ઉન્નત સ્થાન પ્રાપ્ત કરવાની તેમની સાફલ્યગાથાઓને સંકલિત કરી વિશેષાંકરૂપે રજૂ કરાઈ છે, જે રાજ્ય સરકારના સેવાયજ્ઞને સુપેરે સાબિત કરે છે.

તાજેતરમાં વિદેશમાંથી ગુજરાત માટે સારા સમાચાર આવ્યા, જેની વિશ્વઆખાએ પણ નોંધ લીધી. કલ્પસર યોજના માટે ટૅક્નિકલ સહયોગને લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ભારતના જળશક્તિ મંત્રાલય તથા નેધરલૅન્ડ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર મૅનેજમેન્ટ મંત્રાલય વચ્ચે આશયપત્ર (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જે વડાપ્રધાનશ્રીના ડ્રીમ પ્રોજેક્ટને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

કેન્દ્ર સરકારનું ગુજરાત ઉપર વિશેષ ધ્યાન છે, જેની પાછળનું કારણ કોઈ પણ કેન્દ્રીય, ફ્લૅગશિપ યોજના કે પહેલનો અમલ રાજ્ય સરકાર અસરકારક રીતે કરતી આવી છે. કરકસર અને સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપીલનું રાજ્ય સરકારે શબ્દશ: અનુસરણ કર્યું છે. ઈંધણ-બચત અને પર્યાવરણ સુરક્ષા માટે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી સહિતના મંત્રીમંડળના સદસ્યોએ જાહેર પરિવહનનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે. આ સાથે મુખ્યમંત્રીશ્રીએ અધિકારીઓને પણ ઈંધણ-બચતનાં પગલાં લેવા સૂચના આપી છે.

તો, કેન્દ્ર સરકારે અમદાવાદથી ધોલેરા સેમિ હાઈસ્પીડ ડબલ લાઈન રેલ-પ્રોજેક્ટને મંજૂરી આપી ગુજરાતના વિકાસને બમણો કરવાની ઉત્તમ તક પ્રદાન કરી છે. જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંસદીય ક્ષેત્રમાં વિકાસકાર્યોની વણઝાર વરસાવી.


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રધાનસેવક તરીકેની ૧૨ વર્ષની સુરાજ્યની સફરને માણી શકશો. આ સાથે કિસાન પરિવહન યોજના હેઠળ સનેડાની સહાયમાં વધારો, 'વતન પ્રેમ યોજના'ની જોગવાઈઓમાં લોકોપયોગી સુધારા, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે નવી શિષ્યવૃત્તિ યોજનાને મંજૂરી સહિતના રાજ્ય સરકારના જનહિતલક્ષી નિર્ણયોને વર્તમાન અંકમાં સમાવવામાં આવ્યા છે.

જય જય ગરવી ગુજરાત...

**- કે. એલ. બચાણી,** આઈ.એ.એસ.
**માહિતી કમિશનર**

# ઉઠાવો કલમ પ્રતિભાવ

## વાચકોના વિચારો.. અમારા પ્રેરણાસ્રોત



**'ગુજરાત'** પાક્ષિકના આગામી અંક માટે વાચકોએ **'ગુજરાત'** અંગે પોતાના વિચારો ૧૫૦થી ૨૦૦ શબ્દોમાં મોકલવા વિનંતી.

gujaratmagazine@gmail.com

બ્લૉક નં. ૧૯/૧, માહિતી કમિશનરની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

**01**

“છેવાડાના ગામડે બેઠાં બેઠાં છેક ગીર સોમનાથના લોઢવામાં રહેનારો માણસ સરકારની ઉપલબ્ધિઓ અને નીતિઓથી માહિતગાર થઈ શકે છે, તેનું કારણ 'ગુજરાત' પાક્ષિક છે. છેવાડાનાં ગામડાં સુધી ગુજરાતની ઉપલબ્ધિઓની ઝાંખી કરાવતું તેમજ સમગ્ર પખવાડિયા દરમિયાન થયેલી અવનવી બાબતોની જાણકારી 'ગુજરાત' પાક્ષિકના એક જ અંકમાં રજૂ થાય છે સરળ શૈલીની ભાવનાત્મક રજૂઆતની અસર દરેક ગુજરાતીના હૃદયને સ્પર્શે છે.

**– આહીર અજય ગોવિંદભાઈ વાઢેર** (ગીર સોમનાથ)

**02**

“'ગુજરાત' પાક્ષિક જનતા અને સરકાર વચ્ચે સમન્વય સાધતી મહત્ત્વની કડી છે. પાક્ષિકમાં સરકારે જાહેર કરેલી નવી યોજનાઓની સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે, જેના કારણે હવે છેવાડાના માણસ સુધી યોજનાઓની માહિતી પહોંચી છે. આ ઉપરાંત સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓને મહત્ત્વની અને સચોટ માહિતી આ મૅગેઝિન દ્વારા મળી રહે છે.

**– મયૂરસિંહ ડોડિયા** (ભાવનગર)

**03**

'ગુજરાત' પાક્ષિક રાજ્યના વહીવટી તંત્રની પારદર્શિતા છેવાડાના માણસ સુધી પહોંચવાનું એક સબળ માધ્યમ છે. પાક્ષિક સરકારી સિદ્ધિઓનું વર્ણન તેમજ ગુજરાતની અસ્મિતા અને વિકાસના મૉડેલની ખરી તસવીર રજૂ કરે છે. સરકારની નીતિઓ સમજવામાં અને વિદ્યાર્થીઓ માટે ગુજરાતના સાંપ્રત પ્રવાહો તથા સાંસ્કૃતિક વારસાને ઊંડાણપૂર્વક જાણવા માટે આ એક સર્વોત્તમ સાધન છે.

**– નિસર્ગ ભૂરિયા** (દાહોદ)



# મન કી બાત
## મે ૨૦૨૬

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો ‘મન કી બાત’ કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### રમતગમત

થોડા દિવસો પહેલાં ઝારખંડના રાંચીમાં નૅશનલ સિનિયર ઍથ્લેટિક્સ ફેડરેશન કૉમ્પિટિશન યોજાઈ હતી. આખા દેશમાંથી લગભગ ૮૦૦ ઍથ્લીટ્સે તેમાં ભાગ લીધો હતો. આ દરમિયાન ચાર અલગ-અલગ ઈવેન્ટમાં ચાર નૅશનલ રેકૉર્ડ તૂટ્યા હતા. ગુરિન્દર વીર સિંહ, વિશાલ ટીકે, તેજસ્વિન શંકર, દેવ મીના અને કુલદીપ કુમાર... આ મિત્રોએ અલગ-અલગ કૅટેગરીમાં નવા રેકૉર્ડ બનાવ્યા. સૌથી પહેલાં તો હું આ સૌને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

૧૦૦ મીટર દોડની એક ઈવેન્ટમાં માત્ર બે દિવસમાં પુરુષોની ૧૦૦ મીટર દોડમાં નૅશનલ રેકૉર્ડ ત્રણ વખત તૂટ્યો. આ સિદ્ધિ મેળવનારા બે ઍથ્લીટ્સ ગુરિન્દર વીર સિંહ અને અનિમેષ કુજુર છે. મેં વિચાર્યું કે આ વખતે ‘મન કી બાત’માં આ બંને ઍથ્લીટ્સ સાથે ફોન પર વાત કરી અભિનંદન પાઠવું. આ જોડીએ નક્કી કરેલું કે આપણે ભારતીય સ્પ્રિન્ટિંગને આગળ લઈ જવાનું છે, આપણે જે કંઈ કરીશું તે અન્ય લોકોને પ્રેરણા આપશે.

### કેરી

ઉનાળામાં કેરી ચર્ચાનો સામાન્ય વિષય છે. ભારતમાં ભાગ્યે જ એવું કોઈ ઘર હશે જ્યાં ઉનાળામાં કેરીની વાત ન થતી હોય ! દરેક પ્રદેશની પોતાની કેરી, પોતાનો સ્વાદ, પોતાની સુગંધ ! મહારાષ્ટ્ર અને કોંકણની આફુસ, ગુજરાતની કેસર, તે આમરસનો આત્મા છે. ઉત્તર પ્રદેશની દશેરી અને મારા કાશીની લંગડો કેરી. લંગડો કેરીમાં એક વિશેષ ગુણ છે. તે પાક્યા પછી પણ ઘણીવાર લીલી જ રહે છે. બિહારની જરદાલુ, જેની સુગંધ દૂરથી ઓળખી શકાય છે. બીજા શબ્દોમાં કહીએ તો, જેમ જગ્યા બદલાય છે તેમ કેરીનાં દેખાવ, રંગ અને સ્વાદ પણ બદલાય છે.

### તામ્રપત્રો

તાજેતરમાં મને યુરોપમાં નેધરલૅન્ડ્સની મુલાકાત લેવાની તક મળી હતી. આ દરમિયાન એક એવી ક્ષણ આવી જેણે દરેક ભારતીયને ગર્વથી ભરી દીધો. નેધરલૅન્ડ્સમાં યોજાયેલા એક વિશેષ સમારોહમાં ચોલ કાળના પ્રાચીન તામ્રપત્રો ભારતને પરત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નેધરલૅન્ડ્સના વડાપ્રધાન પણ હાજર હતા. આ તામ્રપત્રો મુખ્યત્વે રાજા રાજેન્દ્ર ચોલ પ્રથમ સાથે સંબંધિત છે. તેમાં અનાઈમંગલમ્ ગામના બૌદ્ધ મઠના દાનનો ઉલ્લેખ છે. આ તામ્રપત્રો ચોલ વંશની સિદ્ધિઓનું વર્ણન કરે છે. તેઓ દર્શાવે છે કે ચોલ સામ્રાજ્યની દરિયાઈ શક્તિ કેટલી પ્રચંડ હતી.

### ગંગા ડોલ્ફિન રેસ્ક્યુ ઍમ્બ્યુલન્સ

ભારતની પ્રથમ ગંગા ડોલ્ફિન રેસ્ક્યુ ઍમ્બ્યુલન્સે એક ડૉલ્ફિનના જીવને બચાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી. આ ઘટના ઉત્તર પ્રદેશમાં બની હતી. ત્યાં એક નહેરમાં ગંગા ડોલ્ફિન ફસાઈ ગઈ હતી. તે સમયે ઍમ્બ્યુલન્સ ત્યાં આશાના કિરણ તરીકે પહોંચી. ત્યાર બાદ તેને સાવચેતીપૂર્વક બહાર કાઢી સારવાર કરી તેને સુરક્ષિત રીતે રાપ્તી નદીમાં છોડી દેવામાં આવી. જ્યારે આપણે ગંગા ડોલ્ફિનને બચાવીએ છીએ, ત્યારે આપણે માત્ર એક પ્રજાતિને બચાવતા નથી; પરંતુ આપણે ગંગાની જૈવ-વિવિધતાને બચાવીએ છીએ. આપણે નદીની સમગ્ર જીવનપ્રણાલીને બચાવીએ છીએ.

### 'મન કી બાત'માં ગુજરાત

આપણે ભારતીયોને હંમેશાં ખગોળશાસ્ત્ર પ્રત્યે વિશેષ આકર્ષણ રહ્યું છે. સદીઓ જૂની વેધશાળાઓ આજે પણ આપણા દેશમાં અસ્તિત્વ ધરાવે છે. રાજકોટની ‘ધ બિગ બૅંગ ઍસ્ટ્રોનૉમી ક્લબ’ દ્વારા ગીરનાં જંગલોથી લઈને કચ્છના રણ સુધી ખગોળશાસ્ત્રના અસંખ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મિત્રો, તમારા શોખ માટે સમય કાઢવો અને સતત કંઈક નવું શીખવું ખૂબ જ જરૂરી છે. હું યુવાનોને આગ્રહ કરીશ કે તેઓ આ રજાઓ દરમિયાન ઍસ્ટ્રોનૉમી ક્લબમાં જોડાય અને પ્લૅનેટેરિયમની મુલાકાત લે.



# કલ્પનાને સાકાર કરતો પ્રોજેક્ટ
# કલ્પસર યોજના

ગુજરાતની મહત્ત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. નેધરલૅન્ડ્સના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેધરલૅન્ડ્સના વડાપ્રધાન શ્રી રોબ જેટન સાથે નેધરલૅન્ડ્સના વિશ્વપ્રસિદ્ધ ડેમ 'અફસ્લુઇટડિજક' (Afsluitdijk)ની મુલાકાત લીધી હતી. તેમણે આ ડેમમાં ઉપયોગમાં લેવામાં આવેલી ટૅક્નોલૉજીને ઉદાહરણરૂપ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે, 'Afsluitdijk' અને ગુજરાતની કલ્પસર યોજના વચ્ચે ઘણી સમાનતા છે. કલ્પસર યોજના માટે ટૅક્નિકલ સહયોગ અંગે વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભારતના જળશક્તિ મંત્રાલય અને નેધરલૅન્ડ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર મૅનેજમેન્ટ મંત્રાલય વચ્ચે આશયપત્ર (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આનાથી આ યોજનાના અમલીકરણને વધુ વેગ મળશે.

આપણે જાણીએ છીએ કે, અનિયમિત ચોમાસા જેવી પરિસ્થિતિઓનો લાંબા સમયથી સામનો કરી રહેલા ગુજરાતને સરદાર સરોવર ડેમના નિર્માણથી રાહત તો મળી, પરંતુ લાંબા ગાળાની જળસુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખંભાતના અખાતમાં મહત્ત્વાકાંક્ષી કલ્પસર યોજનાની કલ્પના કરી હતી. જોકે, આ યોજના પડકારજનક છે.

વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કલ્પસર યોજનાની રૂપરેખા નિર્ધારિત કરવા માટે ભાવનગર ખાતે દરિયાઈ સર્વેક્ષણનો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. જોકે, આ યોજના બહુ જટિલ હોવાના કારણે તેને સાકાર કરવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે નેધરલૅન્ડ્સનાં રાજદૂત સુશ્રી મારિસા ગેરાર્ડ્સ સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કલ્પસર યોજના અંગે મહત્ત્વપૂર્ણ ચર્ચા કરી હતી. આ દરમિયાન 'ઈન્ડો-ડચ' નિષ્ણાત સમૂહની રચના અને G2G ભાગીદારી અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

કલ્પસર યોજનાને સાકાર કરવા માટે સમયાંતરે વિસ્તૃત અભ્યાસ-અહેવાલો તૈયાર કરવામાં આવ્યા છે. દરિયાઈ ક્ષેત્રમાં





લાંબો અનુભવ ધરાવતી નેધરલૅન્ડ્સની વિશ્વવિખ્યાત સંસ્થા રૉયલ હાસ્કોનિંગે કલ્પસર પ્રોજેક્ટના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR)માં સૌથી મહત્ત્વપૂર્ણ 'ક્લોઝર મૅથડોલૉજી'માં ખૂબ જ તલસ્પર્શી કાર્ય કર્યું છે.

નેધરલૅન્ડ્સના તાજેતરના પ્રવાસ દરમિયાન વડાપ્રધાનશ્રી દ્વારા 'અફસ્લુઈટડિજક'ની મુલાકાત અને કલ્પસર યોજના માટે ભારત-નેધરલૅન્ડ્સ વચ્ચે આશયપત્ર પર હસ્તાક્ષર થવાથી સ્પષ્ટ થાય છે કે, વડાપ્રધાનશ્રી આ યોજના બાબતે પ્રતિબદ્ધ છે. ભારતના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ, આ મુલાકાત બંને દેશોનાં જળ-વ્યવસ્થાપન, જળવાયુ અનુકૂલન અને ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સાથે મળીને કાર્ય કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. વડાપ્રધાનશ્રીની આ મુલાકાત અને કલ્પસર યોજના માટે આશયપત્ર પર થયેલા હસ્તાક્ષરથી ગુજરાત માટે સુવર્ણ સંભાવનાઓનાં નવાં દ્વાર ખૂલ્યાં છે. સાથે જ, નેધરલૅન્ડ્સ તેના વિશ્વપ્રસિદ્ધ 'અફસ્લુઈટડિજક' પ્રોજેક્ટના ૯૦ વર્ષથી વધુના અનુભવો અને ટૅક્નિકલ નિપુણતાનો લાભ ભારતને આપશે.


આ LoI ૨૯ માર્ચ, ૨૦૨૨ના રોજ ભારત અને નેધરલૅન્ડ્સ વચ્ચે થયેલી 'જળ પર ભારત-ડચ વ્યૂહાત્મક ભાગીદારી' ઉપર આધારિત છે. નેધરલૅન્ડ્સ પાસે સમુદ્રમાં ડેમ-નિર્માણની ઉચ્ચ કક્ષાની ટૅક્નિકલ નિપુણતા છે અને હવે ગુજરાતને આ વિશેષતાનો સીધો લાભ મળવા જઈ રહ્યો છે, જે રાજ્યની મહત્ત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# કલ્પસર યોજના



## શું છે કલ્પસર યોજના?

ખંભાતના અખાતમાં એક વિશાળ ડેમ બાંધીને સમુદ્રને મળતી નદીઓના જળનો ઉપયોગ કરવાની આ યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખંભાતના અખાત પર મીઠા પાણીનું એક વિશાળ જળાશય બનાવવાનો છે. સાથે જ, તેમાં ભરતીથી ઊર્જાનું ઉત્પાદન, સિંચાઈ અને પરિવહન માળખાના સંકલિત વિકાસનો પણ સમાવેશ થાય છે.




## કલ્પસર યોજનાથી મળશે આ લાભો



સૌરાષ્ટ્રના ૯ જિલ્લાના ૪૨ તાલુકાઓના અંદાજે **૧૦ લાખ હેક્ટર** વિસ્તારને સિંચાઈનો લાભ મળશે.



આ યોજના દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર **૨૪૦ કિ.મી.**થી ઘટીને **૬૦ કિ.મી.** જેટલું થઈ જશે.



૧૫૦૦ મેગાવૉટ પવન ઊર્જા, ૧૦૦૦ મેગાવૉટ સૌર ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જાસ્રોતોનું ઉત્પાદન થશે.



પ્રવાસન અને મત્સ્ય-ઉદ્યોગના વિકાસને પણ પ્રોત્સાહન મળશે.



ભરતીથી ઊર્જા ઉત્પાદન, સિંચાઈ અને પરિવહન માળખાના સંકલિત વિકાસને વેગ મળશે.

## શું છે 'અફસ્લુઈટડિજક' બેરિયર ડેમ?

**વૈશ્વિક મૉડેલ:** જળ-વ્યવસ્થાપન ક્ષેત્રે નેધરલૅન્ડ્સનો ૮૦ વર્ષ જૂનો વિશ્વપ્રસિદ્ધ એન્જિનિયરિંગ પ્રોજેક્ટ.

**ખારા-મીઠા પાણીનું વિભાજન:** ૩૨ કિમી લાંબો ડેમ સમુદ્રના ખારા પાણીને રોકી અંદર મીઠા પાણીનું વિશાળ જળાશય બનાવે છે.

**પૂરથી રક્ષણ:** નીચાણવાળા વિસ્તારોને દરિયાઈ પૂરથી સુરક્ષિત રાખતો વૈશ્વિક માપદંડ.

**બહુહેતુક વિકાસ:** તેમાં મીઠા પાણીનો સંગ્રહ, શિપિંગ, વાહન વ્યવહાર અને નવીનીકરણીય ઊર્જા ઉત્પાદનનો સમાવેશ થાય છે.





મીઠા પાણીનો સંગ્રહ | શિપિંગ | પરિવહન જોડાણ | નવીનીકરણીય ઊર્જા ઉત્પાદન

# ૧૨ વર્ષ

## વિકસિત ભારતનો અમૃતકાળ

# વિશ્વાસનાં, વિકાસનાં અને જનકલ્યાણનાં

## વિકાસપુરુષના પ્રધાનસેવક તરીકેના 12 વર્ષનું સરવૈયું



આપણે ટ્રેનમાં મુસાફરી કરીએ કે ઍક્સપ્રેસ બસમાં કે અંગત વાહનમાં, પાણીના રેલાની માફક લીસો રોડ અને મુસાફરીમાં જ્યાં કલાકોના કલાકો નીકળી જતા, ત્યાં સાવ ઓછા સમયમાં પહોંચી જવાય, બસ કે ટ્રેનની રાહ ના જોવી પડે, બાગ-બગીચાની મનમોહક સુંદરતા, અભ્યાસની ઘરઆંગણે સુવિધા, પાણી માટે વલખાં ન મારવાં પડે : આવું તે કદી હોતું હશે! - એવું ૨૫-૩૦ વર્ષ પહેલાં કહેવાતું. આજની યુવા પેઢીએ તો વડીલો-મોટેરાંઓનાં મોઢે જનસુવિધાઓની વિપદાઓની ઢગલો ફરિયાદો સાંભળી છે!

આજે યુવાપેઢી અને આનાથી પહેલાંની પેઢીના શબ્દકોશમાં બે શબ્દો અંકિત થઈ ગયા છે - એક છે 'વિકાસ-પુરુષ' અને બીજો છે ‘વિકાસ’. પ્રસાર-માધ્યમો હોય કે રોજબરોજની વાતચીત, આ બે શબ્દો રોજિંદી ક્રિયા-પ્રતિક્રિયામાં સામેલ થયા છે, જેની પાછળ એક જ વ્યક્તિની 'જનસેવાથી સુરાજ્ય'ની સંકલ્પશક્તિ રહેલી છે. આ વ્યક્તિ એટલે આપણા પોતાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, જેમણે ૨૬ મે ૨૦૧૪ના રોજ વડાપ્રધાન તરીકે શપથ લેતાં જ પોતાને 'પ્રધાન સેવક' ગણાવ્યા.

૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના મુખ્યમંત્રી અને ૨૬ મે ૨૦૧૪થી દેશના વડાપ્રધાનપદે ૧૨ વર્ષ પૂર્ણ કરી શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના કર્ણધાર તરીકે જ નહીં, વૈશ્વિક આગેવાન રાજનેતા તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે.

ગુજરાતની પ્રગતિની તવારીખ જોઈએ તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જનતાએ આપેલું ‘વિકાસ-પુરુષ’નું બિરુદ યથાર્થ ઠરે એવાં વિકાસકાર્યોની નોંધ લઈ શકશો.

પ્રધાન સેવક તરીકે ગુજરાતને વડાપ્રધાનશ્રીએ સુરાજ્યનાં ૧૨ વર્ષમાં આપેલી વિકાસકાર્યોની ભેટ સાથે અનુકરણીય ગુજરાત મૉડલને સીમિત શબ્દભંડોળમાં વર્ણવવાનું ખરેખર મુશ્કેલ કાર્ય અહીં રજૂ થયું છે. વડાપ્રધાનશ્રી અને ગુજરાતની પ્રગતિની પારાશીશીમાં હજી ઉન્નત શિખરો સર કરવાનાં છે. અનેક લક્ષ્યોને હાંસલ કરવા વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં ગુજરાત સરકાર જનહિતલક્ષી કાર્યોને પ્રજાપ્રિય પરિણામમાં પરિવર્તિત કરવા સતત પ્રયત્નશીલ છે.

૨૦૧૪ની સામાન્ય ચૂંટણીઓમાં નોંધપાત્ર સફળતા બાદ તા.૨૬ મે, ૨૦૧૪ના રોજ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત દેશના વડાપ્રધાન તરીકે શપથ લીધા. ભારતને વિકસિત રાષ્ટ્ર

બનાવવાના ધ્યેય સાથે આગળ વધી રહેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશની પ્રજાનો અભૂતપૂર્વ સહયોગ મળ્યો. જનતા-જનાર્દનના આશીર્વાદથી તેમણે ૨૦૨૪માં સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તા.૨૬ મે, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન તરીકેના તેમના કાર્યકાળનાં ૧૨ વર્ષ પૂર્ણ થયાં છે.

ગત ૧૨ વર્ષોમાં ભારતે વિકાસ, સુશાસન, ગરીબ-કલ્યાણ અને વૈશ્વિક પ્રતિષ્ઠાના નવા અધ્યાય આલેખ્યા છે. વડાપ્રધાનશ્રીના દૃઢ નેતૃત્વથી દેશે નવી દિશા મેળવી. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ના મંત્ર સાથે 'વિકસિત ભારત @૨૦૪૭'ના સંકલ્પ સાથે આત્મનિર્ભર ભારતના નિર્માણ માટેના ભગીરથ પ્રયાસો શરૂ થયા.

'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'ના ધ્યેય સાથે ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક રાજ્ય તરીકે જ નહીં, પરંતુ હરિત ઊર્જા, સેમિકન્ડક્ટરનું ઉત્પાદન, વૈશ્વિક રોકાણો અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું કેન્દ્ર બનીને ઊભર્યું છે. સરદાર સરોવર ડેમ, સ્ટૅચ્યુ ઑફ યુનિટી, ગિફ્ટ સિટી અને ધોલેરા SIR જેવા પ્રોજેક્ટથી ગુજરાતને વૈશ્વિક નકશા પર નવી ઓળખ મળી છે.




## વડાપ્રધાનશ્રીના નેતૃત્વ હેઠળ ૧૨ વર્ષ દરમિયાન ગુજરાતને મળેલી મોટી ભેટ

### વડાપ્રધાનપદ સંભાળ્યાના ફક્ત ૧૭ દિવસમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરીની મહોર

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર યોજનાને સાકાર કરવા માટે અનેક સંઘર્ષો અને વિઘ્નોનો સામનો કર્યો. રાજ્યના મુખ્યમંત્રી તરીકેના ૧૩ વર્ષના કાર્યકાળ દરમિયાન તેમણે સરદાર સરોવર બંધને તેની પૂર્ણ ઊંચાઈએ પહોંચાડવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો હતો, અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ તેને સાકાર કરવા માટે તેમને કેન્દ્ર સરકારના સહકારની જરૂર હતી. આખરે ૨૬ મે, ૨૦૧૪ના રોજ તેઓએ ભારતના વડાપ્રધાન તરીકે પ્રથમ વાર શપથ લીધા. વડાપ્રધાનપદ સંભાળ્યાના ફક્ત ૧૭ જ દિવસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની અને ડેમને તેની પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવાની મંજૂરી આપી દીધી.

વર્ષ ૨૦૧૬માં તમામ ૩૦ દરવાજાઓના નિર્માણની કામગીરી પૂર્ણ કરવામાં આવી. ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ સરદાર સરોવર ડેમ તેની સંપૂર્ણ જળસપાટી, એટલે કે ૧૩૮.૬૮ મીટર સુધી પાણીથી છલકાયો હતો અને ગુજરાતની પ્રજાનું વર્ષો-જૂનું સપનું આખરે સાકાર થયું. દૃઢ સંકલ્પશક્તિ અને દૃઢ રાજકીય ઇચ્છાશક્તિના બળે વડાપ્રધાનશ્રીએ સરદાર સરોવર યોજનાને તેની પૂર્ણતાએ પહોંચાડી છે.

### વર્ષોથી લેવાની બાકી નીકળતી ક્રૂડ રૉયલ્ટી ગુજરાતને સુલભ કરાવી

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે કેટલાક વિષયો શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યક્ષેત્રની બહાર હતા. દેશના વડાપ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યા પછી, તેમણે પ્રાથમિકતાના ધોરણે આવા મુદ્દાઓ પર ધ્યાન આપ્યું અને વર્ષ ૨૦૧૫માં ગુજરાત રાજ્ય માટે વર્ષોથી લેવાની બાકી

નીકળતી ક્રૂડ રૉયલ્ટીની તાત્કાલિક ચુકવણી મંજૂર કરી.

માર્ચ, ૨૦૧૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે ગુજરાતને ક્રૂડ ઓઇલ રૉયલ્ટી તરીકે રૂ. ૭૬૩ કરોડની તાત્કાલિક ચુકવણીને મંજૂરી આપી. આ ઉપરાંત, કેન્દ્ર સરકારે ૬ મહિનાની અંદર બીજા રૂ.૮૦૦ કરોડનું ગુજરાતને વિતરણ કરવાનો નિર્ણય કર્યો હતો. આ સક્રિય નિર્ણય થકી ગુજરાત માટે લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સચોટ ઉકેલ આપ્યો હતો.

## સ્માર્ટ સિટી મિશન – ૨૦૧૫માં આરંભ અને વિકાસ

મજબૂત માળખાગત સુવિધાઓ, કાર્યક્ષમ સેવાઓ અને ટકાઉ પર્યાવરણ પ્રદાન કરીને દેશનાં ૧૦૦ પસંદગીનાં શહેરોનો અભૂતપૂર્વ વિકાસ કરીને તેમને સ્માર્ટ સિટી બનાવવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જૂન ૨૦૧૫માં સ્માર્ટ સિટી મિશનની શરૂઆત કરી હતી. આ મિશન અંતર્ગત, ગુજરાતમાંથી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તથા દાહોદ એમ કુલ ૬ શહેરોની પસંદગી કરવામાં આવી હતી.

બીઆરટીએસ બસ, અમદાવાદ મેટ્રો, બુલેટ ટ્રેન જેવા સફળ પરિવહન પ્રોજેક્ટ્સ અને સાબરમતી રિવરફ્રન્ટ, અટલ ફૂટઓવર બ્રિજ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જેવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સાથે ભારતનું પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદ ગુજરાતનું સૌથી અદ્યતન સ્માર્ટ શહેર બન્યું છે. ડ્રીમ સિટી, ડાયમંડ બુર્સ, સુરત મેટ્રો, આધુનિક રોડ અને ઇન્ડસ્ટ્રિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ સાથે આજે ગુજરાતનું ડાયમંડ સિટી વધુ સસ્ટેનેબલ, એક્સેસેબલ અને સિટિઝન ફ્રેન્ડલી શહેર બન્યું છે. સુદૃઢ રોડ નેટવર્ક, પરિવહન સેવા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, તેમજ C-295 ઍરક્રાફ્ટ્સના ઉત્પાદન માટે ટાટા ઍરક્રાફ્ટ કૉમ્પ્લેક્સના ઉદ્ઘાટન સાથે સંસ્કારી નગરી વડોદરા બન્યું સ્માર્ટ સિટી તરીકે વિકસ્યુ છે.

અદ્યતન AIIMS હૉસ્પિટલ, હીરાસર ખાતે ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ, લાઇટ હાઉસ પ્રોજેક્ટ્સ સહિતની માળખાગત સુવિધાઓ સાથે રંગીલું રાજકોટ સ્માર્ટ સિટીનો પર્યાય બન્યું છે.

સ્માર્ટ સિટી મિશન અંતર્ગત દાહોદ ખાતે રૂ.૧૨૦.૮૭ કરોડના ખર્ચે છાબ તળાવનું પુનરુત્થાન, તેમજ રૂ.૧૨૧ કરોડના ખર્ચે ઇન્ટિગ્રેટેડ કમાન્ડ ઍન્ડ કંટ્રોલ સેન્ટરનું નિર્માણ. ગિફ્ટ સિટી, મેટ્રો રેલવે, અદ્યતન ૫ લીલા હોટલ, અદ્યતન રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર, દાંડીકુટિર જેવા સફળ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ સાથે ગ્રીનસિટી ગાંધીનગર ગુજરાતનું સ્માર્ટ શહેર બન્યું છે.

## બુલેટ ટ્રેન

ગુજરાતના અમદાવાદ શહેર અને મહારાષ્ટ્રના મુંબઈ શહેરને ઝડપી ગતિથી કનેક્ટ કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની જનતાને બુલેટ ટ્રેન પ્રોજેક્ટની ભેટ આપી છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાપાનના ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી શિંજો આબેની ઉપસ્થિતિમાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો.

અમદાવાદ અને મુંબઈ, આ બંને ભારતનાં એવાં પ્રથમ શહેરો બનશે જે ઝડપી ગતિએ દોડતી બુલેટ ટ્રેનનાં પ્રત્યક્ષ સાક્ષી બનશે.

## વડોદરામાં દેશની પ્રથમ રેલવે યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યને સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઓનું કેન્દ્ર બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. દેશના વડાપ્રધાન બન્યા પછી પણ તેમણે આ જ બાબતને ધ્યાનમાં રાખીને સપ્ટેમ્બર ૨૦૧૮માં દેશની પ્રથમ રેલવે અને પરિવહન યુનિવર્સિટીની ગુજરાતને ભેટ આપી.

તા.૫ સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ 'શિક્ષક દિન' નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડોદરા શહેર ખાતે નૅશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઇન્સ્ટિટ્યૂટનું ઉદ્ઘાટન કર્યું. વડોદરા સ્થિત તે દેશની પ્રથમ રેલવે અને પરિવહન યુનિવર્સિટી છે.


## સ્ટૅચ્યુ ઑફ યુનિટી

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સરોવર બંધ અને તેની આસપાસના પરિસરને વૈશ્વિક કક્ષાના



પ્રવાસન કેન્દ્રમાં પરિવર્તિત કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. તેના સાકાર સ્વરૂપ એટલે કે, સ્ટૅચ્યુ ઑફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૮૨ મીટરની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટૅચ્યુ ઑફ યુનિટી'નું નિર્માણ, જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૧૮માં કર્યું હતું. સ્ટૅચ્યુ ઑફ યુનિટીની મુલાકાતે આવતા લાખો પ્રવાસીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા સુધી પ્રવાસીઓ સરળતાથી પહોંચી શકે તે માટે કેવડિયા સુધીની રેલવે કનેક્ટિવિટી પ્રદાન કરી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ કેવડિયા રેલવે સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું. આજે ભારતીય રેલવેની ૮ ટ્રેનો કેવડિયા સુધીના રૂટ પર દોડી રહી છે. લાખોની સંખ્યામાં પ્રવાસીઓ સ્ટૅચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લે છે, અને સાથે જ સ્ટૅચ્યુ ઑફ યુનિટીના પરિસરમાં આજે આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો યોજવામાં આવે છે.




### લોથલ ખાતે નિર્માણાધીન નૅશનલ મેરિટાઇમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC)

દેશના વિકાસની સાથે-સાથે દેશના ઐતિહાસિક વારસાનું જતન કરવાના ઉદ્દેશ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકાસ ભી, વિરાસત ભી'નું વિઝન આપ્યું છે. આ વિઝનને સાકાર કરવાના ભાગરૂપે ગુજરાતની ઐતિહાસિક અને વૈશ્વિક ધરોહર એવા લોથલના પુરાતન વૈભવને પુનર્જીવિત કરવા તેમજ ભારતના સમૃદ્ધ વૈવિધ્યસભર દરિયાઈ વારસાને પ્રદર્શિત કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોથલ ખાતે માર્ચ, ૨૦૧૯માં નેશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC)નો શિલાન્યાસ કર્યો હતો.

લગભગ રૂ.૪૫૦૦ કરોડના ખર્ચે લોથલ ખાતે નૅશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સ (NMHC)નું નિર્માણ થઈ રહ્યું છે. NMHCમાં સિંધુ ખીણની સંસ્કૃતિથી વર્તમાન સમય સુધીના સમૃદ્ધ દરિયાઈ વારસાને રજૂ કરવામાં આવશે. આ કૉમ્પ્લેક્સમાં આધુનિક ટૅક્નૉલૉજી થકી ભવ્ય દરિયાઈ પ્રાચીન વારસાની અનુભૂતિ કરાવવામાં આવશે. ગુજરાતના સમૃદ્ધ પ્રાચીન સામુદ્રિક વારસાને આધુનિક યુગના આયામો સાથે જોડીને નિર્માણ પામી રહેલું આ મ્યુઝિયમ 'વિકાસ ભી, વિરાસત ભી'ના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ધ્યેયને સાકાર કરશે.

### ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષાશક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટી તરીકે રાજ્યમાં બે મહત્ત્વપૂર્ણ યુનિવર્સિટીઓ ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (GFSU) અને રક્ષાશક્તિ યુનિવર્સિટી (RSU)ની સ્થાપના કરી હતી. દેશના વડાપ્રધાન બન્યા પછી તેમણે ગુજરાતની આ બંને યુનિવર્સિટીઓને રાષ્ટ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો, અને તેમનું મહત્ત્વ અનેકગણું વધારી દીધું. આ માટે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી કિશન રેડ્ડીએ લોકસભા અને રાજ્યસભામાં વિશેષ બિલ પાસ કર્યું હતું. હવે આ યુનિવર્સિટીઓ નૅશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) તરીકે ઓળખાય છે.



### લાઇટ હાઉસ પ્રોજેક્ટ (LHP) – રાજકોટ

ગરીબોને પાકાં મકાનો આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના જાહેર કરી હતી. આ યોજનાના ભાગરૂપે કેન્દ્રીય શહેરી બાબતોના મંત્રાલયે મહત્ત્વાકાંક્ષી લાઇટ હાઉસ પ્રોજેક્ટ યોજના લાગુ કરી. ગુજરાતમાં રાજકોટ શહેરને આ પ્રોજેક્ટ માટે પસંદ કરવામાં આવ્યું છે, જે હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસો બનાવવામાં આવ્યા છે. ખાસ ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને બનાવાયેલાં આ મકાનો સસ્તાં, મજબૂત અને સંપૂર્ણપણે ભૂકંપ-પ્રતિરોધક છે.

- પીએમ મોદી દ્વારા ૨૦૨૧માં પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન
- મોનોલિથિક કન્સ્ટ્રક્શનની ફ્રેન્ચ ટૅક્નૉલૉજીથી રાજકોટમાં લાઇટ હાઉસ પ્રોજેક્ટનું નિર્માણ
- આ ટૅક્નૉલૉજી અફૉર્ડેબલ છે, પરવડે એવી છે, અને ટૅક્નૉલૉજીથી અદ્યતન મકાનો પ્રાકૃતિક આપદા સામે અડીખમ રહેવા સક્ષમ છે.

### ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન, જામનગર

મે, ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ગુજરાતના જામનગરમાં વિશ્વના પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિન (GCTM)નો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોરેશિયસના વડાપ્રધાન શ્રી પ્રવિંદ જુગનાથ અને WHOના ડાયરેક્ટર જનરલ ડૉ. ટેડ્રોસ ઘેબ્રેયસસ વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આયુર્વેદ, યોગ, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી તથા અન્ય વૈશ્વિક પરંપરાગત પદ્ધતિઓ સામેલ છે. પરંપરાગત ચિકિત્સા-પદ્ધતિઓમાં રિસર્ચથી ભારત આ ક્ષેત્રે ગ્લોબલ હબ બનશે.

### તારંગા હિલ-અંબાજી આબુ રોડ રેલવે લાઇન પ્રોજેક્ટને મંજૂરી

જુલાઈ-૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તારંગા હિલથી અંબાજી આબુ રોડના ૧૧૬.૬૫ કિમી લાંબા રેલવે લાઇન પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી. આ લાઇન તૈયાર થતાં શ્રદ્ધાળુઓ અને ભાવિકો સરળતાથી પોતાના ધર્મસ્થાને જઈ શકશે.

- રૂ. ૨૭૯૮ કરોડના ખર્ચે નિર્મિત રેલવે લાઇનથી યાત્રાધામનો વિકાસ.
- આધ્યાત્મિક યાત્રાએ જતા શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો.
- પરિવહન ઝડપી બનશે, સ્થાનિક ઉદ્યોગોને ફાયદો.
- ગુજરાતના ત્રણ જિલ્લાનાં ૧૦૪ ગામડાંઓને ફાયદો, મુખ્ય મથકો રેલવે કનેક્ટિવિટીથી જોડાશે.

### GIFT સિટીનો વિકાસ, IFSCA અને પ્રથમ ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જની ભેટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ ગિફ્ટ સિટી ભારતનો ફાયનાન્સિયલ ગેટ-વે બન્યો છે. ગાંધીનગર સ્થિત ફાઈનાન્સિયલ ટૅક-સિટી GIFT સિટી ખાતે ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આંતરરરાષ્ટ્રીય ફાયનાન્સિયલ સર્વિસ સેન્ટર ઑથોરિટી (IFSCA)ના હેડક્વાર્ટરનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ગિફ્ટ સિટીમાં સુવિધાઓનો વ્યાપ વધારવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા જુલાઈ, ૨૦૨૨માં દેશના પ્રથમ ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX) તેમજ NSC IFSC-SGX કનેક્ટને લૉન્ચ કરવામાં આવ્યા હતા.

- ગિફ્ટ સિટી અત્યાધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ
- ભારતને સોનાના વૈશ્વિક ટ્રેડીંગ બજારમાં એક પ્રભાવી દેશ તરીકે પ્રસ્થાપિત કરવાની દિશામાં IIBX એક મહત્ત્વપૂર્ણ નિર્ણય
- મૂડીબજારો, ઑફશોર ઇન્સ્યોરન્સ, ઑફશોર બૅન્કિંગ અને એસેટ મેનેજમેન્ટ તેમજ વૈકલ્પિક ઇન્વેસ્ટમેન્ટ ફંડ્સ, ઍરક્રાફ્ટ, શિપ લીઝિંગ, આનુષંગિક સેવાઓ, બે આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્સચેન્જ અને એક આંતરરાષ્ટ્રીય બુલિયન ઍક્સચેન્જ ઉપરાંત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બૅન્કિંગ એકમો કાર્યરત.



### વંદે ભારત ઍક્સપ્રેસ ટ્રેન

સપ્ટેમ્બર, ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને પ્રથમ વંદે ભારત ટ્રેનની ભેટ આપી હતી. અત્યારે ગુજરાતમાં પાંચ વંદે ભારત સેમિ હાઇસ્પીડ ટ્રેન દોડી રહી છે. તે ઉપરાંત ભુજ અને અમદાવાદ વચ્ચે નમો ભારત રૅપિડ રેલની ભેટ પણ મળી છે. ગુજરાતમાં અત્યાધુનિક કનેક્ટિવિટી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રેલવે સુવિધાઓના વિકાસથી શહેરો તેમજ ગામડામાં વિકાસયાત્રા ઝડપી બની છે.

ગુજરાતમાં દોડતી વંદે ભારત ઍક્સપ્રેસ

- અમદાવાદ-ઓખા
- મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર
- અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ
- સાબરમતી-જોધપુર
- સાબરમતી-વેરાવળ

### ભારતની G-20 અધ્યક્ષતા હેઠળ ગુજરાતમાં ૧૮ બેઠકોનું આયોજન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારતને ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી ૧ વર્ષ માટે G-20ના સભ્યદેશોની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ હતી. G-20 અંતર્ગત ભારતમાં કુલ ૨૦૦ મીટિંગોનું આયોજન કરવામાં આવ્યું હતું, જે પૈકી ૧૮ બેઠકોનું આયોજન ગુજરાતમાં કરવામાં આવ્યું હતું. G-20 બેઠકમાં ગુજરાતે પોતાનાં સંસ્કૃતિ અને ઇતિહાસને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યાં. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાથી પ્રેરિત આ બેઠકો દરમિયાન વિદેશી મહેમાનોએ ગુજરાતના સાંસ્કૃતિક વૈભવને માણ્યો અને જાણ્યો.


### રાજકોટમાં રાજ્યનું પ્રથમ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૭ જુલાઈ, ૨૦૨૩ના રોજ રાજકોટ ખાતે ગુજરાતના પ્રથમ ગ્રીનફિલ્ડ ઍરપોર્ટ - હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટની ગુજરાતના નાગરિકોને ભેટ આપી હતી. ૧૪૦૦ કરોડના ખર્ચે નિર્મિત હીરાસર ગ્રીનફીલ્ડ ઍરપોર્ટને પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ટ કરવામાં આવ્યું છે.

- પૅસેન્જર ટર્મિનલ પીક અવર્સમાં દર કલાકે ૧૨૮૦ મુસાફરોનું સંચાલન કરવા સક્ષમ
- ટ્રાવેલ લૉજિસ્ટિક્સ, હોટેલ ઉદ્યોગ, રેસ્ટોરાં, વેરહાઉસ-કાર્ગો હૅન્ડલિંગ, ક્લિયરિંગ બિઝનેસ વગેરેને થયો લાભ

### રાજકોટ ખાતે ગુજરાતની પ્રથમ અત્યાધુનિક AIIMS

ગુજરાતમાં હેલ્થ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે રાજકોટમાં રૂ.૧૨૦૦ કરોડના ખર્ચે ગુજરાતની પ્રથમ એઇમ્સ (ઑલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીસ)નું નિર્માણ કરવામાં આવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફેબ્રુઆરી, ૨૦૨૪માં આ સુવિધાનું લોકાર્પણ કર્યું હતું. ૭૫૦ બેડની મલ્ટિ તેમજ સુપર સ્પેશ્યાલિટી હૉસ્પિટલ અને ઍકેડમિકની સુવિધા ઉપલબ્ધ. ઓ.પી.ડી. ઉપરાંત દર્દીને ટેલિ-મેડિસિન સર્વિસ થકી ઘરે બેઠાં સુપર સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરોના માર્ગદર્શનની સવલત ઉપલબ્ધ. ૫૦૦ લોકોને સમાવી શકવાની ક્ષમતા ધરાવતા ડાઇનિંગ હૉલ સાથેની અંડર ગ્રેજ્યુએટ બોયઝ અને ગર્લ્સ હૉસ્ટેલ, ૬૬ કેવી કંટ્રોલ ગ્રીડ સબસ્ટેશન,



શોપિંગ કૉમ્પ્લેક્સ, ૧૪ વિભાગો હેઠળની ઓપીડી સેવાઓ વગેરે જેવી વિવિધ સુવિધાઓ.

### નવસારીમાં PM મિત્ર પાર્ક

ટેક્સટાઈલ ક્ષેત્રમાં ક્રાંતિ લાવવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકારની પીએમ મિત્ર યોજના અન્વયે નવસારીના વાંસી-બોરસીમાં અદ્યતન સુવિધા સાથે ટેક્સટાઈલ પાર્કના નિર્માણનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતનો પીએમ મિત્ર પાર્ક ભારતના મુખ્ય ટેક્સટાઈલ હબ તરીકે વિકસિત થશે. આ પાર્કથી વાંસી બોરસી લૅન્ડમાર્ક બનશે અને સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગને વેગ મળશે. આ પીએમ મિત્ર પાર્ક કાપડ ઉત્પાદન માટેના વૈશ્વિક કેન્દ્ર તરીકે ઊભરી આવશે. એક જ જગ્યાએ વીવિંગ, ગાર્મેન્ટિંગ અને મિલ સહિતનાં સેક્ટર એક જ પ્લૅટફૉર્મ પર આવવાથી ટેક્સટાઈલ ઉદ્યોગ માટે તે ઈકૉનોમી ઝોન બનશે.

### વડોદરા ખાતે ટાટા ફૅસિલિટી C-295 ઍરક્રાફ્ટનું ઉત્પાદન

ભારતના ઍરોસ્પેસ ઉદ્યોગને મજબૂત બનાવીને દેશને આત્મનિર્ભરતાની દિશામાં લઈ જવા માટે વડોદરા ખાતે ટાટા ફૅસિલિટી C-295 ઍરક્રાફ્ટનું ઉત્પાદન કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઑક્ટોબર, ૨૦૨૪માં સ્પેનના વડાપ્રધાન શ્રી પેડ્રો સાંચેઝ સાથે ટાટા એરક્રાફ્ટ કૉમ્પ્લેક્સનું સંયુક્તપણે ઉદ્ઘાટન કર્યું હતું. C-295 ઍરક્રાફ્ટ લશ્કરી વિમાનનું ઉત્પાદન ડિફેન્સ પ્રોડક્શનમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ફૅસિલિટી ભારતમાં લશ્કરી વિમાનો માટે ખાનગી ક્ષેત્રની પ્રથમ ફાઈનલ ઍસેમ્બલી લાઇન (FAL) હશે. દેશભરમાં ૧૦,૦૦૦થી વધુ નોકરીઓનું થશે સર્જન.

### દાહોદમાં ઇલેક્ટ્રિક લૉકોમોટિવ એન્જિન ઉત્પાદન એકમ

દાહોદ ખાતે ‘મેઈક ઈન ઈન્ડિયા’ના અભિગમ સાથે રૂ.૨૦ હજાર કરોડના ખર્ચે રેલવે પ્રોડક્શન યુનિટ તૈયાર થયું છે. મે-૨૦૨૫માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અહીંથી ૯૦૦૦ HPનું પ્રથમ લૉકોમોટિવ એન્જિન દેશને સમર્પિત કર્યું હતું. દાહોદમાં રેલવે પ્રોડક્શન યુનિટ ૧૦ હજાર લોકો માટે રોજગારીનું માધ્યમ બનશે અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપશે. દાહોદમાં બનેલા લૉકોમોટિવ એન્જિનને આગામી સમયમાં ૧૦૦% મેઈક ઇન ઈન્ડિયાની તર્જ પર બનાવવામાં આવશે. ભવિષ્યમાં દેશ-વિદેશમાં તેની નિકાસ કરાશે. લૉકોમોટિવ એન્જિન ૪૬૦૦ ટનના કાર્ગોનું વહન કરી શકશે. આગામી ૧૦ વર્ષમાં ૧૨૦૦ જેટલાં એન્જિન તૈયાર કરવાનું લક્ષ્ય છે.

### કચ્છમાં વિશ્વના સૌથી મોટા હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની ભેટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કચ્છના ખાવડામાં વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્કની ભેટ આપી છે. રૂ.૧.૫ લાખ કરોડના અંદાજિત રોકાણ સાથે ૭૪,૭૦૦ હેક્ટર વિસ્તારમાં વિશ્વનો સૌથી મોટો હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક બનાવવામાં આવશે, જેની ક્ષમતા લગભગ ૩૭,૩૫૦ મેગાવૉટ રિન્યુએબલ એનર્જી (પવન અને સૌર)ની હશે. ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક ખાતે હાલ અંદાજિત ૧૪,૦૦૦થી વધુ લોકોને રોજગાર મળ્યો છે. સંપૂર્ણ પાર્ક કાર્યરત થશે ત્યારે લગભગ ૨૫,૦૦૦ લોકો રોજગારી મેળવશે.

- શિલાન્યાસ: ૧૫ ડિસેમ્બર, ૨૦૨૦
- પ્લાન્ટની ક્ષમતા : વાર્ષિક ૩૦ GW રિન્યુએબલ ઊર્જા-ઉત્પાદન
- ૧.૬૧ કરોડ ઘરોને વીજળી પૂરી પાડી શકાશે
- વાર્ષિક ૫.૮ કરોડ ટન $Co_2$ પ્રદૂષણ ઓછું થશે

### અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટના પ્રથમ અને બીજા તબક્કાનો પ્રારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને અમદાવાદ મેટ્રો અને સુરત મેટ્રો પ્રોજેક્ટની ભેટ આપી છે. આ પ્રોજેક્ટ



અંતર્ગત અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો વર્ષ ૨૦૨૨માં પૂર્ણ થયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ થલતેજથી વસ્ત્રાલ રૂટ પર મેટ્રો રેલવેનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સપ્ટેમ્બર ૨૦૨૪માં અમદાવાદ મેટ્રો રેલના બીજા તબક્કાનો પ્રારંભ કરાવ્યો હતો. મેટ્રોના બીજા તબક્કાના રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરનાં મહત્ત્વનાં સ્થળો, જેમ કે જીએનએલયુ, પીડીપીયુ, ગિફ્ટસિટી, રાયસણ, રાંદેસણ, ધોળાકૂવા સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવામાં આવ્યા છે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે, તેમજ નાગરિકોની મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને પોસાય તેવી થઈ છે.

### ભરૂચમાં રાજ્યના પ્રથમ બલ્ક ડ્રગ પાર્કનું નિર્માણ

ભારતને બલ્ક ડ્રગમાં આત્મનિર્ભર બનાવવા માટે ભરૂચના જંબુસર ખાતે રૂ.૨૫૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યના પ્રથમ સર્વ સુવિધાયુક્ત બલ્ક ડ્રગ પાર્કનું નિર્માણ કરવામાં આવશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૨માં આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું.

૨૦૧૫.૦૨ હેક્ટર વિસ્તારમાં રૂ.૨૫૦૦ કરોડના ખર્ચે બલ્ક ડ્રગ પાર્ક તૈયાર થશે. આ પ્રોજેક્ટથી સપ્લાય ચેઈન સરળ થશે અને આયાતની અવેજી માટેનો માર્ગ મોકળો થશે.

### ભાવનગર ખાતે વિશ્વનો પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટ નિર્માણાધીન

કાર્ગો-પરિવહનની ક્ષમતા વધારવાના લક્ષ્ય સાથે ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલ પોર્ટનું નિર્માણ થવા જઈ રહ્યું છે. ઑક્ટોબર, ૨૦૨૨માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સીએનજી ટર્મિનલ પોર્ટનું ભૂમિપૂજન કર્યું હતું. આ ટર્મિનલ બંદર કાર્ગો પરિવહન માટે એક નવું સીમાચિહ્ન બનશે.

આ બંદર રૂ.૪૦૨૪ કરોડના ખર્ચે તૈયાર થશે. અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથેસાથે વિશ્વની ચોથી સૌથી મોટી લૉક-ગેટ સિસ્ટમ હશે. વાહન સ્ક્રેપિંગ, કન્ટેઈનર-ઉત્પાદન, અન્ય મેગા પ્રોજેક્ટ્સ, ખાસ કરીને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન માટેની જરૂરિયાતોને પરિપૂર્ણ કરશે.

### ભારતનો સૌથી લાંબો કેબલ-સ્ટેડ બ્રિજ- સુદર્શન સેતુ

સુદર્શન સેતુ સ્વરૂપે દ્વારકા અને બેટદ્વારકા આવતા પ્રવાસીઓ માટે નવું નજરાણું ઉમેરાયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ફેબ્રુઆરી, ૨૦૨૪માં દ્વારકા અને બેટ-દ્વારકાને જોડતા અત્યાધુનિક સિગ્નેચર બ્રિજ સુદર્શન સેતુનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રૂ.૯૭૯ કરોડના ખર્ચે બનેલો આ બ્રિજ ભારતનો સૌથી લાંબો કેબલ-સ્ટેડ બ્રિજ ગણાય છે.

રૂ.૨.૩ કિલોમીટર લંબાઈના બ્રિજની સાથોસાથ ૨.૪૫ કિમીનો એપ્રોચ રોડ અને પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ છે. કર્વ પાયલૉન ધરાવતા આ અનોખા બ્રિજ મારફતે દ્વારકાથી બેટદ્વારકા સરળતાથી પહોંચી શકાય છે.



## આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ એનર્જી સમિટનું ગુજરાતમાં પ્રથમ વાર આયોજન

ગુજરાત પુનઃપ્રાપ્ય ઊર્જાની પહેલ કરવામાં અગ્રેસર રાજ્ય તરીકે જાણીતું છે. ગુજરાતની આ ભૂમિકા મજબૂત બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સપ્ટેમ્બર, ૨૦૨૪માં રાજ્યમાં પ્રથમ વાર આંતરરાષ્ટ્રીય રિન્યુએબલ એનર્જી સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે ભારત સરકારના નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE) દ્વારા યોજાયેલી ચોથી RE-ઇન્વેસ્ટ ગ્લોબલ રિન્યુએબલ એનર્જી મીટ એન્ડ એક્સ્પો (RE-INVEST) નું ઉદ્દઘાટન કર્યું હતું. RE-INVEST સમિટમાં નવીનીકરણ ઊર્જા ક્ષેત્રે પરિવર્તન લાવવામાં મજબૂત ભૂમિકા ભજવી રહી છે. આ સમિટ ઉદ્યોગના અગ્રણીઓ માટે સહયોગ, અંતર્દષ્ટિનું આદાન-પ્રદાન અને નવીનીકરણ ઊર્જામાં રોકાણની તકો શોધવા માટે મહત્ત્વપૂર્ણ પ્લૅટફૉર્મ સાબિત થઈ.

## વડનગરમાં વિશ્વસ્તરીય આર્કિયોલૉજિકલ મ્યુઝિયમ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝન સાથે ગુજરાતના પ્રાચીનતમ શહેર વડનગર ખાતે ૧૩,૫૨૫ ચો.મી. વિસ્તારમાં ભારતનું પ્રથમ આર્કિયોલૉજિકલ એક્સપિરિયન્સિયલ મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે. રૂ.૨૯૮ કરોડના ખર્ચે બનેલું આ મ્યુઝિયમ જાન્યુઆરી ૨૦૨૫માં શરૂ કરવામાં આવ્યું હતું. આ સંગ્રહાલયનો ઉદ્દેશ અહીં ખોદકામ દરમિયાન પ્રાપ્ત થયેલા પુરાતત્ત્વીય પદાર્થો મારફતે વડનગરના બહુસ્તરીય સાંસ્કૃતિક ઇતિહાસને ઉજાગર કરવાનો અને ૨૫૦૦ વર્ષોથી પણ વધુ સમયથી આ શહેરમાં અસ્તિત્વ ધરાવતી માનવ-સંસ્કૃતિને પ્રદર્શિત કરવાનો છે. મ્યુઝિયમમાં પુરાતત્ત્વીય ખોદકામ દરમિયાન મળેલી અંદાજિત ૭૦૦૦થી વધુ કલાકૃતિઓનું પ્રદર્શન છે. વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો અને આ વિસ્તારની ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરી છે.

## ગુજરાતને મળ્યું ૨૪મી કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાનું ગૌરવ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરદર્શિતા અને તેઓના પ્રોત્સાહન તથા રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના પ્રયાસો થકી ગુજરાતના અમદાવાદ શહેરને આ આંતરરાષ્ટ્રીય રમતોત્સવની યજમાની પ્રાપ્ત થઈ છે. ગુજરાતના અમદાવાદ શહેરને વર્ષ ૨૦૩૦માં યોજાનારી ૨૪મી કોમનવેલ્થ ગેઈમ્સની યજમાની કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું. આ અંગેની જાહેરાત ગ્લાસગો, સ્કોટલૅન્ડ ખાતે યોજાયેલી 'કોમનવેલ્થ સ્પોર્ટ્સ જનરલ એસેમ્બલી'ની બેઠકમાં કરવામાં આવી. ગુજરાત રાજ્ય આજે દેશના સ્પોર્ટ્સ કૅપિટલ તરીકે ઊભરી રહ્યું છે, જે 'વિકસિત ગુજરાત'થી 'વિકસિત ભારત'ની સંકલ્પનાને સાકાર કરશે.

## સોમનાથ સ્વાભિમાન પર્વ ૨૦૨૬

જાન્યુઆરી ૧૦૨૬માં સૌપ્રથમ વખત મહમૂદ ગઝનવીએ સોમનાથ મંદિર પર હુમલો કર્યો હતો અને વર્ષ ૨૦૨૬માં આ ઘટનાને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયાં. સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાનાં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના આ ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાન્યુઆરી ૨૦૨૬માં સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી હતી.


સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી માટે સમગ્ર સોમનાથ મંદિર અને શહેરને લાઇટ્સથી શણગારવામાં આવ્યું હતું, તેમજ સોમનાથ મંદિરમાં ૭૨ કલાક સુધી સતત અખંડ ઓમકારનો નાદ કરવામાં આવ્યો હતો. સોમનાથ ખાતે ભવ્ય ડ્રોન શો આયોજિત કરવામાં આવ્યો હતો, જેમાં સોમનાથ મંદિરની મહાન ગાથાને પ્રસ્તુત કરવામાં આવી હતી.

વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતામાં શ્રી સોમનાથ સ્વાભિમાન શૌર્યયાત્રા કાઢવામાં આવી હતી, જેમાં ૧૦૮ સુશોભિત અશ્વો સામેલ કરવામાં આવ્યા હતા અને ૧૦૦૦ કલાકારો દ્વારા શંખનાદ કરવામાં આવ્યો હતો.



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સોમનાથે ન માત્ર પોતાના ઇતિહાસને જીવંત રાખ્યો છે, પરંતુ ઉજ્જ્વળ ભવિષ્યની દિશામાં પણ તે આગળ વધી રહ્યું છે.

પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર પહેલી વાર ૧૧ મુખ્ય તીર્થોનાં જળથી વિશેષ કુંભાભિષેક કરવામાં આવ્યો, કળશની ક્ષમતા ૧૧૦૦ લિટરની અને વજન ૧૮૬૦ કિલો હતું.




## સાણંદમાં માઇક્રોન સેમિ-કન્ડક્ટર ફેસિલિટીનો શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાતના સાણંદ ખાતે માઇક્રોન ટૅક્નૉલૉજીના અદ્યતન ATMP (ઍસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પૅકેજિંગ) પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સાણંદમાં માઇક્રોન સેમિ-કન્ડક્ટર ટૅક્નૉલૉજી ઇન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા રૂ.૨૨,૫૧૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે અને ગુજરાતમાં માઇક્રોનની ATMP સુવિધા શરૂ થવાથી, ભારતમાં સેમિ-કન્ડક્ટરક્ષેત્રે નવી ક્રાંતિનો શુભારંભ થયો છે.

જૂન ૨૦૨૩માં આ સુવિધા માટે MoU થયા, સપ્ટેમ્બર ૨૦૨૩માં તેનું ખાતમુહૂર્ત થયું અને હવે ફેબ્રુઆરી ૨૦૨૬માં કમર્શિયલ પ્રોડક્શન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. વિશ્વના વિકસિત દેશોમાં આવી મંજૂરીઓ અને પ્રક્રિયાઓમાં વર્ષો નીકળી જતાં હોય છે, પરંતુ ભારતે આ અશક્ય કામ માત્ર ૯૦૦ દિવસોમાં પૂર્ણ કરી બતાવ્યું છે. આ પ્લાન્ટ એક ATMP (ઍસેમ્બલી, ટેસ્ટિંગ, માર્કિંગ અને પૅકેજિંગ) સુવિધા છે, જેમાં SSD (સોલિડ સ્ટેટ ડ્રાઇવ-હાર્ડ ડિસ્ક ડ્રાઇવ પ્રકારનું સ્ટોરેજ માટેનું આધુનિક ઉપકરણ) અને રૅમ પ્રકારનાં DRAM અને NAND ઉત્પાદનો તૈયાર કરવામાં આવશે. આ ઉત્પાદનો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)ના યુગમાં અત્યંત મહત્ત્વનાં સાબિત થશે.

સાણંદ પ્લાન્ટમાં અત્યારે ૨૦૦૦ લોકોની ટીમ કાર્યરત છે, જેમાં આગામી સમયમાં ૫ હજાર લોકોને સીધી રોજગારીની તકો ઉપલબ્ધ બનશે. આ પ્લાન્ટમાં દિવ્યાંગ નાગરિકોને પણ ઑપરેશન અને ટૅક્નિશિયન તરીકે રોજગારીની સમાન તકો પૂરી પાડવામાં આવે છે. માઇક્રોનનો આ પ્લાન્ટ વિશ્વના સૌથી મોટા અને અત્યંત સ્વચ્છ 'ક્લીનરૂમ' ધરાવતા એકમોમાં સ્થાન પામ્યો , જ્યાં ઑપરેશન થિયેટર કરતાં પણ વધુ શુદ્ધ વાતાવરણમાં ચિપનું પૅકેજિંગ કરવામાં આવે છે.

## યુનિફોર્મ સિવિલ કોડ (UCC) વિધેયક ગુજરાત વિધાનસભામાં થયું પસાર

વિકસિત ભારત @૨૦૪૭ સુધીના અમૃતકાળમાં દેશમાં સમાનતાનું અમૃત આપવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ UCC લાગુ કરવાનો નિર્ધાર કર્યો છે. ગુજરાત વડાપ્રધાનશ્રીના વિચાર અને આહ્વાનને ઝીલવામાં અગ્રેસર રહ્યું છે અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિધાનસભા ગૃહમાં ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક (UCC) પસાર કરવામાં આવ્યું છે.

UCC લાગુ કરનાર ગુજરાત દેશનું બીજું રાજ્ય બન્યું છે. સમાન નાગરિક સંહિતાના અમલના લીધે રાજ્યમાં લગ્ન, છૂટાછેડા, વારસાગત મિલકત અને દત્તક લેવા જેવા મુદ્દાઓ પર તમામ ધર્મો અને સમુદાયો માટે સમાન કાયદાકીય માળખું અમલમાં આવશે. તમામ ધર્મ અને

જ્ઞાતિની મહિલાઓને સમાન અધિકારો મળે તે સુનિશ્ચિત થશે, જેથી તેમનાં સન્માન અને સુરક્ષા વધુ મજબૂત થશે. UCC લાગુ થવાથી રાજ્યનું સામાજિક માળખું વધુ મજબૂત બનશે, તમામ સમાજ અને સમુદાયના લોકો માટે વિકાસનો ઉત્સાહવર્ધક માહોલ તૈયાર થશે.

## સાણંદ ખાતે 'કેઇન્સ સેમિકોન' OSAT પ્લાન્ટનો શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતેથી રૂ.૩૩૦૦ કરોડના ખર્ચે નિર્મિત કેઇન્સ સેમિ-કન્ડક્ટર OSAT ફેસિલિટીનો શુભારંભ કરાવ્યો. સેમિ-કન્ડક્ટરક્ષેત્રે ભારતનું વર્તમાન માર્કેટ રૂ.૪.૫ કરોડનું છે, જેને વર્ષ ૨૦૩૦ સુધીમાં રૂ.૯ લાખ કરોડ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે, જેને સાકાર કરવામાં ગુજરાત મુખ્ય ભૂમિકા ભજવશે.

સાણંદ જીઆઈડીસી ખાતે અંદાજે રૂ.૩૩૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ પ્લાન્ટનો શુભારંભ ભારતના સેમિ-કન્ડક્ટર મિશન અંતર્ગત એક મહત્ત્વનું સીમાચિહ્ન સાબિત થશે, તેમજ સાણંદ-ધોલેરાને સિલિકોન વેલી બનાવવાની દિશામાં આગવું કદમ પુરવાર થશે. કેઇન્સ પ્રોજેક્ટને ભારત સેમિ-કન્ડક્ટર મિશન અંતર્ગત વર્ષ ૨૦૨૪માં મંજૂરી મળી હતી અને માર્ચ ૨૦૨૬માં આ પ્રોજેક્ટ કાર્યાન્વિત થયો છે, જે ગુજરાતની વિકાસની ગતિની ઝડપને પુરવાર કરે છે.

આ પ્લાન્ટમાં તૈયાર થયેલી સેમિ-કન્ડક્ટર ચિપ્સ અમેરિકા પહોંચશે. અહીં બનતા ઇન્ટેલિજન્ટ પાવર મોડ્યૂલ્સ અમેરિકાની કંપનીઓ સુધી પહોંચશે અને ત્યાંથી આખી દુનિયાને પાવર આપશે.કેઇન્સની આ અત્યાધુનિક OSAT ફેસિલિટી ૬૩ લાખ જેટલી ચિપ્સની દૈનિક ઉત્પાદન-ક્ષમતા સાથે સાણંદને ગ્લોબલ સેમિ-કન્ડક્ટર હબ તરીકે પ્રસ્થાપિત કરશે અને દેશના ટેક-ફ્યુચરનો ટર્નિંગ પોઇન્ટ સાબિત થશે. આ પ્લાન્ટ ફક્ત ચિપ-પૅકેજિંગ અને ટેસ્ટિંગની સુવિધા જ પૂરી નહીં પાડે, પરંતુ સ્થાનિક સ્તરે હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય ધરાવતી રોજગારીની તકોનું સર્જન પણ કરશે.

પ્લાન્ટનું ઉદ્ઘાટન કરતાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, ભારતની પોતાની કંપની કેઇન્સ હવે ગ્લોબલ સેમિ-કન્ડક્ટર સપ્લાય ચેઇનનો મજબૂત હિસ્સો બની ગઈ છે, જે દરેક ભારતવાસી માટે ગૌરવની ક્ષણ છે.


## કલ્પસર પ્રોજેક્ટ માટે નેધરલૅન્ડ્સ સાથે LoI પર હસ્તાક્ષર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૬ અને ૧૭ મે, ૨૦૨૬ દરમિયાન નેધરલૅન્ડ્સની બે દિવસીય મુલાકાત લીધી હતી. તેઓની મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્યની જળ-સુરક્ષાના કલ્પવૃક્ષ સમાન 'કલ્પસર યોજના'ને સાકાર કરવા માટે સકારાત્મક પગલાં લેવામાં આવ્યાં છે. કલ્પસર યોજના માટે વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભારતના જળશક્તિ મંત્રાલય અને નેધરલૅન્ડ્સના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર મેનેજમેન્ટ મંત્રાલય વચ્ચે ટૅક્નિકલ સહયોગ માટે આશયપત્ર (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

કલ્પસર પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ ખંભાતના અખાત દ્વારા સૌરાષ્ટ્રને દક્ષિણ ગુજરાત સાથે જોડવાનો તથા વિશાળ મીઠા પાણીનું જળાશય ઊભું કરવાનો છે. દરિયાઈ બાંધકામ અને જળ-વ્યવસ્થાપન ક્ષેત્રે વિશ્વપ્રસિદ્ધ નેધરલૅન્ડ્સ હવે આ મહત્ત્વાકાંક્ષી યોજનામાં પોતાના દાયકાઓના અનુભવ અને ટૅક્નિકલ નિષ્ણાતો થકી સહયોગ આપશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ડચ વડાપ્રધાન રોબ જેટન વચ્ચે યોજાયેલી બેઠકમાં કલ્પસર પ્રોજેક્ટ પર સહયોગને વધુ ગાઢ બનાવવા બંને દેશો સંમત થયા હતા. કલ્પસર યોજનાથી સૌરાષ્ટ્રના ૯ જિલ્લાના ૪૨ તાલુકાઓમાં આશરે ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે. સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું મુસાફરી-અંતર હાલના આશરે ૨૪૦ કિમીથી ઘટીને માત્ર ૬૦ કિમી રહેશે.






## વિવિધ વિકાસકાર્યો

- હાંસલપુર ખાતે મારુતિ-સુઝુકી દ્વારા બેટરી ઇલેક્ટ્રિક વાહન 'ઇ-વિટારા' અને TDSG લિથિયમ-આયન બેટરી પ્લાન્ટનો વડાપ્રધાનશ્રીના હસ્તે શુભારંભ. આ પ્લાન્ટ શરૂ થવાથી ગ્રીન ટેક્નૉલૉજી અને વૈશ્વિક EV ક્ષેત્રમાં ભારતે અડીખમ હાજરી નોંધાવી છે.
- ભારત સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલય હેઠળ રૂ.૪૭૦૦ કરોડના ખર્ચે છારા બંદર પર નિર્મિત HPLNG LNG રિ-ગૅસિફિકેશન ટર્મિનલનું લોકાર્પણ અને રૂ.૫૮૯૪ કરોડના ખર્ચે વડોદરાની ગુજરાત રિફાઇનરી ખાતે નિર્મિત ઇન્ડિયન ઓઇલના એક્રેલિક/ઓક્સો-આલ્કોહોલ પ્રોજેક્ટનું લોકાર્પણ.
- ભારત સરકારના ન્યૂ એન્ડ રિન્યુએબલ એનર્જી મંત્રાલય હેઠળ રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે સુરેન્દ્રનગરમાં નિર્મિત ૨૮૦ મેગાવૉટ સોલાર પ્રોજેક્ટનું અને રૂ.૧૬૬૦ કરોડના ખર્ચે ગુજરાતના અમરેલી, અમદાવાદ, બનાસકાંઠા, ભાવનગર, જામનગર, જૂનાગઢ, કચ્છ, મહેસાણા, પોરબંદર, રાજકોટ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, અરવલ્લી, મોરબી, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ અને બોટાદ એમ ૧૭ જિલ્લાઓમાં પીએમ કુસુમ યોજના અંતર્ગત ૪૭૫ મેગાવૉટના લગભગ ૧૭૨ ડિ-સેન્ટ્રલાઇઝ્ડ સોલાર પાવર પ્લાન્ટ્સનું લોકાર્પણ.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કુલ રૂ.૩૬૪૫ કરોડના ખર્ચે ખાવડાના RE પાર્ક માટે ભારત સરકારના ઊર્જા મંત્રાલય હેઠળના ૩ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ, આ પ્રોજેક્ટ્સ દ્વારા હજારો મેગાવૉટ રિન્યુએબલ એનર્જીનું રાષ્ટ્રીય ગ્રીડ સાથે અસરકારક જોડાણ સુનિશ્ચિત કરવામાં આવશે, જેના કારણે હરિત ઊર્જાનો વ્યાપ વધશે અને ઊર્જા-સુરક્ષા મજબૂત બનશે.
- ભારત સરકારના માર્ગ-પરિવહન અને હાઇવે મંત્રાલય હેઠળ અમદાવાદ-ધોલેરા પેકેજ ૧ (રૂ.૧૨૯૮ કરોડના ખર્ચે), ૨ (રૂ.૧૪૧૫ કરોડના ખર્ચે), પેકેજ ૩ (રૂ.૧૦૩૪ કરોડના ખર્ચે) અને પેકેજ ૪નું (રૂ.૧૩૫૮ કરોડના ખર્ચે) લોકાર્પણ.
- ભારત સરકારના રેલવે મંત્રાલયના રૂ.૮૯૧ કરોડના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ.
- ખેડબ્રહ્મા-હિંમતનગર-અસારવા ટ્રેનને ખેડબ્રહ્મા ખાતેથી વડાપ્રધાનશ્રી દ્વારા લીલી ઝંડી.
- ગુજરાતને અમદાવાદ-ધોલેરા વચ્ચે ૧૩૪ કિ.મી. લાંબા બ્રોડગેજ સેમિ હાઇ-સ્પીડ કૉરિડોરની ભેટ મળશે.
- ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતી જનજાતીય ગૌરવ દિવસે ગુજરાતના આદિવાસી વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે પાંચ વર્ષ માટે રૂ. ૨ લાખ કરોડની 'જનજાતીય કલ્યાણ યોજના'ની ભેટ.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકારની મોટી યોજનાઓમાં ગુજરાતની સફળતા

- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી):** ગુજરાતના શહેરી વિસ્તારોમાં ૯ લાખ ૨૦ હજારથી વધુ આવાસોનું નિર્માણ
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ):** ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૭ લાખ ૦૪ હજારથી વધુ આવાસોનું નિર્માણ
- **સ્વચ્છ ભારત મિશન (શહેરી):** સ્વચ્છ ભારત મિશન (શહેરી):


સ્વચ્છ ભારત મિશન અર્બન ૧.૦ અંતર્ગત મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં કુલ ૫,૬૦,૦૪૬ વ્યક્તિગત શૌચાલયો, ૪૧૮ પબ્લિક ટોઇલેટ અને ૨૩૮ બ્લોક કૉમ્યુનિટી ટોઇલેટ બ્લોકનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.


- **સ્વચ્છ ભારત મિશન (શહેરી):** સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ અંતર્ગત મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં કુલ ૧૨,૦૧૬ વ્યક્તિગત શૌચાલયો, ૩૦ બ્લોક કૉમ્યુનિટી ટોઇલેટ, ૬૩ બ્લોક પબ્લિક ટોઇલેટ, ૬૦ બ્લોક એસ્પીરેશનલ પબ્લિક ટોઇલેટ અને ૮૩ બ્લોક યુરીનલ બ્લોકનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.
- **સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ):** ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ૪૪ લાખ ૮૦ હજારથી વધુ શૌચાલયોનું નિર્માણ
- **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ:** આ યોજના હેઠળ ગુજરાતનાં ૬૯.૨૫ લાખ ખેડૂત-કુટુંબોને કુલ ૨૨ હપતાઓ મારફતે રૂ.૨૩૦૪૪.૮૩ કરોડની રકમ સીધી લાભાર્થીઓના બૅંક-ખાતામાં જમા કરવામાં આવી છે.
- **પ્રધાનમંત્રી સ્ટ્રીટ વેન્ડર્સ આત્મનિર્ભર નિધિ (પીએમ સ્વનિધિ) યોજના:** ગુજરાતમાં કુલ ૫,૧૬,૨૨૯ શેરીના ફેરિયાઓને આ યોજના અંતર્ગત રૂ.૧૩૪૩.૭૬ કરોડની લોન ચૂકવવામાં આવી છે.
- **પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના:** યોજના હેઠળ ગુજરાતની ૪૩ લાખ ૮૪ હજાર મહિલાઓને નિઃશુલ્ક એલપીજી ગૅસ-સિલિન્ડર પ્રદાન કરવામાં આવ્યા છે.
- **પ્રધાનમંત્રી ગરીબ-કલ્યાણ અન્ન યોજના:** ગુજરાતમાં NFSA હેઠળ ૩.૩૫ કરોડ લાભાર્થીઓને પ્રધાનમંત્રી ગરીબ-કલ્યાણ અન્ન યોજનાનો લાભ મળી રહ્યો છે.
- **લખપતિ દીદી યોજના:** ગુજરાતમાં ૫.૯૬ લાખ જેટલી મહિલાઓની આવક એક લાખથી વધુ પહોંચી છે અને તેઓ ગુજરાતની 'લખપતિ દીદી' બની છે.
- **સોઇલ હેલ્થકાર્ડ યોજના:** ગુજરાતના ૨.૨૫ કરોડ ખેડૂતોને સોઇલ હેલ્થકાર્ડ આપવામાં આવ્યાં, અને આ યોજના અમલમાં મૂકનારું ગુજરાત પ્રથમ રાજ્ય
- **ઈ-નામ પોર્ટલ:** ગુજરાતમાં ઈ-નામ પોર્ટલ હેઠળ ૮,૬૯,૯૨૨ ખેડૂતોને જોડવામાં આવ્યા છે તેમજ રાજ્યની ૧૪૪ કૃષિ ઊપજ મંડીઓને સંકલિત કરવામાં આવી છે. આ ઉપરાંત, પોર્ટલ ઉપર ૧૦,૨૯૧ વેપારીઓ અને ૭,૧૯૧ કમિશન એજન્ટ્સ નોંધાયેલા છે.
- **આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM):** આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) અંતર્ગત ગુજરાતે ૫.૧૩ કરોડથી વધુ (એટલે ૭૩%) નાગરિકોની આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ નોંધણી થયેલી છે.
- **આયુષ્માન આરોગ્ય મંદિર:** ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૦,૩૯૦થી વધુ આયુષ્માન આરોગ્ય મંદિર કાર્યરત થયાં, જેમાં ૭,૩૪૬ કમ્યુનિટી હેલ્થ ઑફિસરોની નિમણૂક કરવામાં આવી છે.
- **પીએમ કુસુમ યોજના:** આ યોજના હેઠળ ગુજરાતમાં એપ્રિલ ૨૦૨૬ સુધીમાં ૨૧૮૦૦થી વધુ ખેડૂતોએ ઑફગ્રિડ સોલાર પંપ સ્થાપિત કર્યા. આ યોજના અંતર્ગત રાજ્ય સરકારે ખેડૂતોને રૂ.૬૪૯ કરોડથી વધુની સબસિડી ચૂકવી છે.
- **અમૃત ભારત સ્ટેશન યોજના:** આ યોજના હેઠળ ગુજરાતમાં રૂ.૬૩૦૩ કરોડના ખર્ચે ૮૭ રેલવે સ્ટેશનોની કાયાપલટ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.
- **એક પેડ માં કે નામ:** ગુજરાત 'એક પેડ માં કે નામ' અંતર્ગત ૧૭ કરોડ ૪૮ લાખથી વધુ વૃક્ષોના વાવેતર સાથે સમગ્ર દેશમાં દ્વિતીય સ્થાન પર, ૫ જૂન, ૨૦૨૫થી રાજ્યમાં એક પેડ માં કે નામ 2.0નો પ્રારંભ, જે હેઠળ રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૧ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર.
- **ટેકાના ભાવે કૃષિપેદાશોની ખરીદી-યોજના:** સરકાર દ્વારા રૂ.૧૨,૬૪૬.૯૭ કરોડ મૂલ્યની ૧૭,૪૧,૨૮૭ મે.ટન મગફળી,



રૂ.૪૧૭.૮૨ કરોડ મૂલ્યના ૭૮,૪૨૦ મે.ટન સોયાબીન, રૂ. ૨૩.૭૪ કરોડ મૂલ્યના ૩,૦૪૪ મે.ટન અડદ અને રૂ.૩૪.૮૧ કરોડના મૂલ્યના ૫,૬૧૫ મૅટ્રિક ટન રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી.

- **પીએમ વિશ્વકર્મા યોજના:** આ યોજના હેઠળ ૧,૮૬,૦૦૬ કારીગરોને તાલીમ પૂરી પાડવામાં આવી છે, તેમજ ૫૦,૬૭૪ કારીગરોને રૂ.૪૫૪ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે.
- **પ્રધાનમંત્રી જન-ધન યોજના:** આ યોજના અંતર્ગત ગુજરાતમાં ગ્રામીણ વિસ્તારોમાં ૧,૩૫,૦૨,૬૯૮ અને શહેરી વિસ્તારોમાં ૬૩,૩૨,૬૫૧ મળીને કુલ ૧,૯૮,૩૫,૩૪૯ જન-ધન ખાતાઓ (૧૩ મે, ૨૦૨૬ સુધીમાં) ખોલવામાં આવ્યા છે.
- **પ્રધાનમંત્રી મુદ્રા યોજના:** આ યોજના હેઠળ કુલ ૧,૬૮,૬૫,૦૭૦ ખાતાઓમાં રૂ.૧,૫૩,૩૧૨ કરોડની લોન (૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં) આપવામાં આવી છે.
- **મિશન ઈંદ્રધનુષ:** મિશન ઈંદ્રધનુષ હેઠળ અત્યારસુધીમાં ગુજરાતમાં ૯,૯૫,૩૯૫ બાળકો અને ૨,૨૫,૯૬૦ સગર્ભા માતાઓને રસીકરણ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- **પીએમ સૂર્યઘર યોજના:** ૨૦ મે ૨૦૨૬ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્યઘર યોજના હેઠળ ૬.૭૦ લાખ સોલર રૂફટૉપ પૅનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટૉપ ઈન્સ્ટોલેશનમાં દેશમાં ૨૧% યોગદાન આપી રહ્યું છે.
- **૧૧ વર્ષમાં ગુજરાતમાં મેડિકલ કોલેજો અને મેડિકલ બેઠકો:** વર્ષ ૨૦૧૪ પછી રાજ્યમાં ૨૪ નવી મેડિકલ કોલેજો શરૂ થઈ અને ૪૫૯૫ નવી મેડિકલ બેઠકો ગુજરાતના વિદ્યાર્થીઓને મળી.
- વર્ષ ૨૦૧૪થી ૨૦૨૫ દરમ્યાન રૂ. ૬૮૫૫.૦૯ કરોડના ખર્ચે કેન્દ્ર સરકાર દ્વારા ૩૪૧૦ કિ.મી. લંબાઈના રાષ્ટ્રીય ધોરીમાર્ગનું નિર્માણ.
- એન.એચ.એ.આઈ. દ્વારા ૨૦૧૪ બાદ ૩૧૪ કિ.મી. લંબાઈનો ઍક્સપ્રેસ-વે રૂ. ૨૧,૬૧૮ કરોડના ખર્ચે પૂર્ણ થયો અને ૪૩૬ કિ.મી. લંબાઈનો ઍક્સપ્રેસ-વે રૂ. ૨૭,૯૪૪ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત, રૂ. ૧૦,૫૩૩ કરોડના ખર્ચે ૨૧૩ કિ.મી. લંબાઈનો થરાદ-ડીસા-અમદાવાદ ઍક્સપ્રેસ-વે મંજૂર થયેલ છે.
- **આયુષ્માન ભારત - પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના:** ગુજરાતમાં પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ ૨.૭૮ કરોડ નાગરિકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યા છે, જેમાં ૭.૩૯ લાખ આયુષ્માન વય વંદના કાર્ડનો સમાવેશ થાય છે.
- **પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના (PMKVY):** પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 2.0 અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ દરમિયાન રાજ્યમાં કુલ ૪૮,૬૭૯ લોકોને તાલીમ આપવામાં આવી. PMKVY 3.0 હેઠળ શોર્ટ ટર્મ ટ્રેનિંગ અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૩૫૧૭ લોકોને, અને રેકગ્નિશન ઑફ પ્રાયર લર્નિંગ (RPL) અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૬૬૦૦ લોકોને તાલીમ આપવામાં આવી. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના 4.0 ૨૦૨૨-૨૦૨૬ માટે અમલમાં મૂકવામાં આવી છે.





# ગુજરાત મૉડેલની નવી ઉડાન

વણથંભી વિકાસયાત્રા એટલે ગુજરાત મૉડેલ. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ ગુજરાત મૉડેલને નવો આયામ આપ્યો. વિકાસના સ્વરૂપે વિવિધ વિકાસકાર્યોએ વિકાસના નવા દ્વાર ખોલ્યાં. જેમાં ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રૂ.૬૨૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત, ગાંધીનગર લોકસભામાં ગ્રીન કવર વધારવા આયોજન, ગાંધીનગર NIDમાં ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન સેન્ટરનું અને દશેલામાં મધુર ડેરીના મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ તથા અમદાવાદમાં 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' તથા 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ'નાં લોકાર્પણનો સમાવેશ થાય છે. ગાંધીનગર સંસદીય વિસ્તારમાં વણંથભી વિકાસયાત્રા શરૂ કર્યાના પખવાડિયામાં જ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાજ્યના વિકાસને વધું ઊંચા મંચ ઉપર લઈ ગયા છે. તાજેતરમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ રૂ. ૩૪૦ કરોડના ૮૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર શહેર વિકાસના નવા માપદંડ સ્થાપિત કરી રહ્યું છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ રૂ. ૬૨૦ કરોડનાં વિવિધ વિકાસકાર્યોનાં ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં કર્યાં હતાં.



આ અવસરે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી વણથંભી વિકાસયાત્રાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકાર અત્યંત કુશળતાપૂર્વક આગળ ધપાવી રહી છે. ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશને હાથ ધરેલાં કામોમાં પીવાના પાણીની સુવિધા, લાઈબ્રેરી, પીએચસી-સીએચસી, અને સિમેંટના રોડ જેવા પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન અને રાજ્ય સરકારે સંયુક્ત રીતે નાગરિકોની સુખાકારી માટે ગટરના પાણીના શુદ્ધીકરણ, તળાવોના બ્યુટીફિકેશન, નર્મદાનું શુદ્ધ પાણી ઘરે-ઘરે પહોંચાડવા અને યોગકેન્દ્રો જેવી પાયાની સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, શહેરોના ડેવલપમેન્ટ પ્લાનિંગમાં બેઝિક ઈન્ફ્રાસ્ટ્રકચરની સાથે ગ્રીન એન્વાયર્નમેન્ટવાળા પૉલ્યુશન-ફ્રી, ગાર્બેજ-ફ્રી અને સ્લમ-ફ્રી સિટી બને તેવો રાજ્ય સરકારનો નિર્ધાર છે. આ નિર્ધાર અને વિઝનને અનુરૂપ હવે નાનાં શહેરો અને તેની આસપાસના વિસ્તારને 'સિટી ઈકૉનૉમિક રિજન' તરીકે વિકસાવવામાં આવી રહ્યાં છે.

કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ લોંગટર્મ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટની દિશા અપનાવીને ગાંધીનગર લોકસભા મતવિસ્તારને સૌથી વધુ હરિયાળો સંસદીય મતવિસ્તાર બનાવવાનું સુદૃઢ આયોજન કર્યું છે. એમાં ગ્રીન સિટીની ઓળખ ધરાવતા ગાંધીનગર મહાનગરપાલિકા

વિસ્તારમાં ચાલુ વર્ષે પાંચ લાખ વૃક્ષો વાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી દ્વારા ગાંધીનગરમાં નવા વિકસી રહેલા વિસ્તારો સહિત પાટનગરને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનાં ૨૬ કામોના ખાતમુહૂર્ત અને ૨૧ વિકાસકાર્યોનાં સાથે રૂ.૬૨૦ કરોડનાં વિકાસકામો ભેટ અપાયાં છે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા, ગાંધીનગર મહાનગરપાલિકા અને જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા અન્ય નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ગ્રીન કવર વધારવા આયોજન



કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે યોજેલી બેઠકમાં ગાંધીનગર લોકસભા વિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પ સાથે વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન વિશાળ સ્તરે વૃક્ષારોપણ અભિયાન હાથ ધરવા આહવાન કરાયું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા મુખ્ય સચિવ શ્રી મનોજકુમાર દાસ પણ આ બેઠકમાં સહભાગી થયા હતા.

આ ઉચ્ચસ્તરીય બેઠકમાં કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વૃક્ષારોપણ માટે રહેણાક વિસ્તારમાં ૫૦થી વધુ વૃક્ષો વાવી શકાય તેવી સોસાયટીઓ આઈડેન્ટિફાઈ કરીને વૃક્ષારોપણ હાથ ધરવાનું સૂચન કર્યું હતું. તેમણે અમદાવાદમાં લોકભાગીદારીથી GIDC વિસ્તારોમાં ગ્રીન-કવર વધારવા, રસ્તાના મીડિયન સહિત નાનામાં નાની ખુલ્લી જગ્યામાં વૃક્ષારોપણ કરવાનું સૂચન કર્યું હતું. ગાંધીનગર લોકસભા મતવિસ્તારને 'હરિયાળી લોકસભા' બનાવવાના સંકલ્પને સાકાર કરવા ગત વર્ષે લગભગ ૬૨.૮૫ લાખ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું, તેની સામે ચાલુ વર્ષે ૧ કરોડ ૩ લાખ જેટલા રોપાઓના વાવેતરનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.

### 'એક પેડ માં કે નામ 2.0' અભિયાન



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વૃક્ષારોપણ અભિયાનમાં જનભાગીદારી વધારવા માટે 'એક પેડ માં કે નામ 2.0' અભિયાન શરૂ કરાયું છે, જેમાં નાયબ વન સંરક્ષક, અમદાવાદ દ્વારા સૌથી વધુ ૩૮.૭૯ લાખથી વધુ અને નાયબ વન સંરક્ષક, ગાંધીનગર દ્વારા ૧૨.૪૭ લાખથી વધુ વૃક્ષારોપણ કરાશે. આ ઉપરાંત, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ૨૫ લાખ અને ગાંધીનગર મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા ૫.૪૨ લાખથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.

વનવિભાગ દ્વારા ગાંધીનગર જિલ્લાના ૧૮ અને અમદાવાદ જિલ્લાના ૭ એન્ટ્રી પોઇન્ટ્સ પર અનોખી ઓળખ ધરાવતા કુલ ૬૦૦૦ રોપાઓનું વાવેતર કરીને આ વિસ્તારોને સુશોભિત કરાશે, જે માટે 'વન-કવચ' બનાવવા તેમજ જરૂરી જમીન ઉપલબ્ધ કરાવવાનું આયોજન પંચાયત અને મહેસૂલ વિભાગે કર્યું છે. આ ઉપરાંત, રેલવે તંત્ર સાથે MoU કરીને રેલવે વિસ્તારમાં વૃક્ષારોપણ કરવાનું આયોજન કરાયું છે. ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૯થી ૨૦૨૫ દરમિયાન થયેલા વૃક્ષારોપણના કારણે ૧૧.૨૫ ટકા, એટલે કે ૨૭૨૯ હેક્ટરનું ગ્રીન-કવર વધ્યું છે.

### NIDમાં ઈન્ક્યુબેશન ઍન્ડ ઈનોવેશન સેન્ટરનું લોકાર્પણ

ગાંધીનગર સ્થિત નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID) ખાતે 'ઈન્ક્યુબેશન ઍન્ડ ઈનોવેશન સેન્ટર'નું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે કેન્દ્રીય વાણિજ્ય તથા ઉદ્યોગમંત્રી શ્રી પીયૂષ ગોયલ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં સંપન્ન થયું હતું.

કેન્દ્રીય મંત્રીશ્રીએ NIDની સમગ્ર ટીમ, પ્રોફેસર્સ તથા દેશનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ ભવિષ્ય માટે અનેકાનેક શુભેચ્છાઓ પાઠવી જણાવ્યું હતું કે, NID રચનાત્મકતા, ઈનોવેશન અને ઉદ્યોગ-સાહસિકતાને એકસૂત્રમાં સાંકળતી



દેશની અગ્રણી સંસ્થા છે. NID અને ડિઝાઈનક્ષેત્રે પણ આ જ પ્રકારની વ્યાવસાયિક ક્ષમતાને સંપૂર્ણ બહાર લાવવાની જરૂર છે. દેશના પ્રતિભાવંત ડિઝાઈનરોને યોગ્ય પ્લૅટફૉર્મ અને વળતર મળવું જ જોઈએ, જેથી મધ્યમ વર્ગના યુવાનો પણ આ ક્ષેત્રને કૅરિયર તરીકે સ્વીકારતાં ખચકાય નહીં.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગમંત્રી શ્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે, દેશના સર્વાંગી વિકાસ માટે ઈનોવેશન, ડિઝાઈન થીંકિંગ અને આંત્રપ્રિન્યોરશિપ એ 'વિકસિત ભારત-૨૦૪૭'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેના મુખ્ય સ્તંભો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના 'ગુજરાત મૉડેલ'ની તેમણે આ પ્રસંગે પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, એકવીસમી સદીમાં ક્રિએટિવિટી, ઈનોવેશન અને ડિઝાઈનથી જ રાષ્ટ્ર વૈશ્વિક પ્રતિસ્પર્ધામાં આગળ વધી શકે છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે, NID વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતાથી ભારતની સર્જનાત્મકતાનું જીવંત પ્રતીક બની છે. વડાપ્રધાનશ્રીના વિઝનથી હવે ડિઝાઈન માત્ર એક વિષય જ નહિ, પરંતુ 'મેક ઈન ઈન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને 'વિકસિત ભારત' જેવાં અભિયાનોનું અમૂલ્ય અંગ છે.



### દશેલામાં મધુર ડેરીના મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું લોકાર્પણ

ગાંધીનગરના દશેલા ખાતે મધુર ડેરીના નવનિર્મિત મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટનું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે લોકાર્પણ કર્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, સહકાર મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તેમજ ધારાસભ્ય શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દશેલા ખાતે ૧૫ એકર જમીનમાં રૂ.૧૨૮ કરોડના ખર્ચે નવનિર્મિત આ સંપૂર્ણ ઑટોમૅટિક મિલ્ક પ્રોસેસિંગ પ્લાન્ટ પશુપાલકોની આર્થિક ઉન્નતિનો આધાર બનશે. આ પ્લાન્ટ દૈનિક અઢી લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરશે, જેને ભવિષ્યમાં પાંચ લાખ લિટર સુધી વધારવાનું આયોજન છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મધુર ડેરીના આ

### ખાતમુહૂર્ત કરાયેલા ભાવિ પ્રોજેક્ટ્સ

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | અંદાજિત ખર્ચ / વિગત |
|---|---|---|
| ૧ |  સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) | જાસપુર ખાતે ૧૦૦ MLD ક્ષમતાવાળો પ્લાન્ટ અને નવું ટર્મિનલ પમ્પિંગ સ્ટેશન |
| ૨ |  સ્પૉર્ટ્સ અને એજ્યુકેશન | પેથાપુર ખાતે અદ્યતન સ્પૉર્ટ્સ કોમ્પ્લેક્સ યોગ સેન્ટર અને ડિજિટલ લાઇબ્રેરી |
| ૩ |  નવા કોમ્યુનિટી હોલ | કોબા અને પેથાપુર ખાતે નિર્માણ |
| ૪ |  રોડ ડેવલપમેન્ટ-૧ | રક્ષાશક્તિ ફ્લાયઓવરથી ધોળેશ્વર મહાદેવ બ્રિજ સુધીનો ગાંધીનગર બાયપાસ રોડ |
| ૫ |  રોડ ડેવલપમેન્ટ-૨ | કોબા સર્કલથી પંચેશ્વર સર્કલ સુધીનો રોડ પ્રોજેક્ટ |
| ૬ |  ટી.પી. વિસ્તારોના માર્ગો | કુડાસણ, રાયસણ અને સરગાસણ સહિતના વિસ્તારોમાં નવા આંતરિક માર્ગો |
| ૭ |  બગીચાનું નવીનીકરણ | સેક્ટર-૨૭ ગાયત્રીનગરના બગીચાનું આધુનિકીકરણ |
| ૮ |  તળાવનું સુશોભન | સેક્ટર-૨૫ના તળાવનો બ્યૂટિફિકેશન પ્રોજેક્ટ |




કાર્યક્રમને શ્રી અમિતભાઈના દિશાદર્શનમાં ગાંધીનગર માટે શ્વેતક્રાંતિથી વિકાસ-ક્રાંતિનો ઉત્સવ ગણાવ્યો હતો.

### ડેરી સેક્ટર મહિલા સશક્તીકરણનું માધ્યમ

ડેરી સેક્ટરને મહિલા સશક્તીકરણનું વિશેષ માધ્યમ ગણાવતાં શ્રી શાહે ઉમેર્યું કે, આજે ગુજરાતમાં ૩૬ લાખ પશુપાલક બહેનોના માધ્યમથી દૈનિક ત્રણ કરોડ લિટર દૂધ એકત્રિત કરવામાં આવે છે, જેના પરિણામે દરરોજ અંદાજે રૂ. ૨૦૦ કરોડની રકમ બહેનોનાં બૅંક-ખાતાઓમાં સીધી જમા થાય છે. તેમણે અંગત અનુભવ વર્ણવતાં કહ્યું કે, પહેલાં જે બહેનો આર્થિક રીતે સ્વનિર્ભર ન હતી, તે આજે ડેરી સેક્ટરને કારણે 'ઘરની શેઠાણી' બની છે.

### લોકાર્પણ કરાયેલાં મુખ્ય વિકાસકાર્યો

| ક્રમ | સુવિધા | લોકાર્પણ સ્થળ |
|---|---|---|
| 1 | અર્બન હેલ્થ સેન્ટર | સેક્ટર-૨૧ અને સેક્ટર-૨૨ તેમજ સરગાસણ |
| 2 | પી.એચ.સી. સેન્ટર | ભાટ અને ઝુંડાલ |
| 3 | આધુનિક યોગ સ્ટુડિયો | સેક્ટર-૨૫ અને સરગાસણ |
| 4 | પીવાના પાણીની સુવિધા | પેથાપુર ખાતે ૨ નવી ઓવરહેડ ટાંકી |
| 5 | વહીવટી અને કોમર્શિયલ | રાંધેજા ખાતે GMC વોર્ડ-ઑફિસ અને શોપિંગ સેન્ટર |
| 6 | સામાજિક સુવિધા | અમિયાપુર ખાતે ભવ્ય કોમ્યુનિટી હોલ |
| 7 | મનોરંજન/ ગ્રીન સ્પેસ | સેક્ટર-૧ ખાતે નયનરમ્ય ગાર્ડન વિકાસ |
| 8 | જનસેવા વાહનો | મહાનગરપાલિકા દ્વારા ૩૭ અત્યાધુનિક વાહનો |

### ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે ‘મિલિયન માઇન્ડ્સ ટૅક-પાર્ક’ તથા ‘ગણેશ રિયલ એસ્ટેટ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ’નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ છે. લોકાર્પણ કરાયેલા આ બંને પ્રોજેક્ટથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતને મેન્યુફૅક્ચરિંગ હબથી આગળ વધારી વૈશ્વિક સેવા અને ટૅક્નોલૉજી ક્ષેત્રમાં અગ્રેસર રાજ્ય બનાવવાના વિઝનને નવી દિશા મળશે.

‘મિલિયન માઇન્ડ્સ ટૅકપાર્ક’ દ્વારા રાજ્યમાં હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારીની નવી તકો ઊભી થશે. આ ટૅક-પાર્કમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), રૉબોટિક્સ, સેમિકન્ડક્ટર સહિતનાં અદ્યતન ક્ષેત્રોમાં સંશોધન, નવીનતા અને ટૅક્નોલૉજીના વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે; જ્યારે ‘ગણેશ રિયલ એસ્ટેટ મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ’ સંસ્થામાં આધુનિક અર્બન પ્લાનિંગ, ટૅક્નોલૉજી-આધારિત અભ્યાસક્રમો તથા વૈશ્વિક ધોરણોને અનુરૂપ તાલીમ દ્વારા કુશળ માનવ-સંસાધન તૈયાર કરવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા ઉચ્ચ કુશળતા ધરાવતી આશરે ૭૦ હજારથી વધુ રોજગારીનું સર્જન થશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, ‘મિલિયન માઇન્ડ્સ ટૅક-પાર્ક’ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ નહીં, પરંતુ હાઇ-સ્કિલ રોજગારી સર્જન અને ડિજિટલ અર્થતંત્રને ગતિ આપનાર કેન્દ્ર બનશે. આ અવસરે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં, પરંતુ





ટૅક્નોલૉજી, નાણાકીય સેવાઓ અને આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે.

### સોનીપુરથી ૮૪ વિકાસકાર્યોનું લોકાર્પણ - ખાતમુહૂર્ત

ગાંધીનગર સંસદીય વિસ્તારમાં વિકાસનો પાવર પંચ આપ્યાના પખવાડીયામાં જ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે સોનીપુરમાં ખાતે કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારમાં રૂ. ૩૪૦ કરોડના ૮૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ પૂર્વે બંને મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું. આ કાર્યક્રમોમાં સરકારી વિભાગો સાથે ખાનગી સંસ્થાઓના CSR ફંડના સહયોગથી ગુડા (GUDA), પંચાયત હસ્તકના તથા માર્ગ-મકાન વિભાગના કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તદુપરાંત, રેલવે હસ્તકના અન્ડરબ્રિજનાં કાર્યોનું પણ લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈ શાહે રાજ્યમાં વહેતી વિકાસની સરવાણીનું શ્રેય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારને આપતાં કહ્યું કે, ગાંધીનગર સંસદીય મતવિસ્તારને દેશનો સૌથી વિકસિત વિસ્તાર બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે વિકાસકાર્યોની વણઝાર શરૂ થઈ ચૂકી છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ઉદ્યોગ ગૃહોના સીએસઆર (CSR) ફંડની સહાયથી ગામડાઓને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દરેક ગામ આત્મનિર્ભર અને સુવિધાસભર બને તેવા વિઝનનો ઉલ્લેખ કરતાં ગૃહમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, માત્ર નાણાકીય ભંડોળ જ મહત્ત્વનું નથી, પરંતુ દરેક ગામડું આત્મનિર્ભર બને અને તમામ આવશ્યક સુવિધાઓથી સજ્જ થાય તે સરકારની પ્રાથમિકતા છે. ગામડાંઓમાં ઉત્તમ શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને પીવાના શુદ્ધ પાણીની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. ગ્રામીણ પુસ્તકાલયોની સ્થાપના કરવા સાથે તેને ગાંધીનગરની લાઈબ્રેરી સાથે સાંકળવામાં આવશે. વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રી તરીકે આપેલું 'ગુજરાત વિકાસ મૉડેલ' કાશ્મીરથી કન્યાકુમારી અને સોમનાથથી ગંગાસાગર સુધી સમગ્ર દેશમાં સ્વીકૃત બન્યું છે.

વીર સાવરકરજીની જયંતી નિમિત્તે તેમને ભાવવંદના કરતાં તેમણે કહ્યું કે, તેઓ એવા રાષ્ટ્રભક્ત હતા, જેમને દેશનું દરેક બાળક આદરપૂર્વક 'વીર સાવરકર' તરીકે ઓળખે છે. આઝાદીના આંદોલન દરમિયાન તેમને બે વાર જન્મટીપની સજા થઈ હતી. કાળા પાણીની સજા દરમિયાન જેલની દીવાલો પર લોહીથી કાવ્યો લખનાર અને ૧૮૫૭ના સંગ્રામને 'સ્વતંત્ર સંગ્રામ'નું નામ આપનાર સાવરકરજીએ સામાજિક ક્ષેત્રે અસ્પૃશ્યતા-નિવારણ અને વંચિતો માટે પતિત પાવન મંદિર નિર્માણ જેવાં ક્રાંતિકારી કાર્યો કર્યાં હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર સંસદીય મતવિસ્તારને દેશનો સૌથી વિકસિત વિસ્તાર બનાવવાના ધ્યેય સાથે ગાંધીનગર ઉત્તર અને કલોલ તાલુકામાં રૂ. ૩૪૦ કરોડનાં વિવિધ વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. પ્રખર રાષ્ટ્રભક્ત વીર સાવરકરની જયંતી અવસરે યોજાયેલા આ કાર્યક્રમમાં સોનીપુર તળાવનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ હજુ ૧૦ દિવસ પહેલાં જ રૂ. ૬૨૦ કરોડનાં કામોની મંજૂરી આપ્યા બાદ, તેમના તરફથી ગાંધીનગર જિલ્લાના નાગરિકોને આ સતત બીજી મોટી ભેટ મળી છે.

ગાંધીનગર લોકસભા ક્ષેત્રમાં ૧ કરોડ વૃક્ષો વાવવાનો મક્કમ સંકલ્પ વ્યક્ત કરતાં મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આગામી સમયમાં ડિજિટલ અને સાંસ્કૃતિક સાક્ષરતાને ધ્યાનમાં રાખીને ટોયોટા કિર્લોસ્કર મોટર, જિલ્લા વહીવટી તંત્ર, CSR ફંડ તેમજ દાતાશ્રીઓના સહયોગથી ૨૦ ગામોમાં લાઈબ્રેરી સ્થાપવાનું



આયોજન છે. તે અંતર્ગત ત્રણ ગામોમાં મહાન સાહિત્યકારો કવિ નર્મદ, આદ્યકવિ દલપતરામ અને ગોવર્ધનરામ ત્રિપાઠીના નામ પર અદ્યતન વાંચનાલયો શરૂ કરાયાં છે.

જલુન્દ ગામમાં નવા આરોગ્ય સબ-સેન્ટરના નિર્માણથી સ્થાનિક સ્તરે માતાઓ અને બહેનોને ઘરઆંગણે જ તબીબી સારવાર મળશે. ડબલ એન્જિન સરકારનું લક્ષ્ય માત્ર ભૌતિક માળખું ઊભું કરવાનું નહીં, પરંતુ ગ્રામીણ વિસ્તારોમાં 'ઈઝ ઑફ લિવિંગ' વધારીને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવાનું છે.

## મા ઉમિયાધામમાં કુમાર અને કન્યા છાત્રાલયનું લોકાર્પણ

અમદાવાદના સોલા વિસ્તારમાં આવેલા મા ઉમિયાધામ કેમ્પસમાં કુમાર અને કન્યા માટેની હૉસ્ટેલનું લોકાર્પણ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે કરવા સાથે દાતાશ્રીઓને સન્માનિત કરાયા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, શહેરના હાર્દ સમા આ વિસ્તારમાં ૧૬૦૦ કન્યા અને કુમાર વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની આ આધુનિક વ્યવસ્થાઓ ઊભી કરવા માટે પાટીદાર સમાજને શુભકામનાઓ પાઠવું છું. પાટીદાર સમાજનાં ત્યાગ, તપસ્યા, પુરુષાર્થ, પ્રામાણિકતા અને દેશભક્તિની પ્રશંસા કરતાં તેમણે ઉમેર્યું કે, ખેતી, શિક્ષણ, ટેક્સટાઇલ, ફાર્મા, ડાયમંડ અને રિયલ એસ્ટેટ જેવાં ક્ષેત્રોમાં પાટીદારનો દબદબો છે.



**અનાવરણ :** કેન્દ્રીય મંત્રીશ્રીના હસ્તે નવા વાડજ સર્કલ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન નિર્મિત ૧૮ ફૂટ ઊંચાઈના 'ભારત માતા સ્કલ્પ્ચર'નું મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં અનાવરણ કરાયું હતું. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા સહિત શહેરના પદાધિકારીઓ અને અન્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.


આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો પાયો નાખનારા વીર સાવરકરજીની જયંતી નિમિત્તે ભાવવંદના કરીને જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી છેલ્લાં ૧૨ વર્ષથી સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને વિરાસતોના ગૌરવથી રાષ્ટ્રહિત સર્વોપરીનો મંત્ર સાકાર કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં અને શ્રી અમિતભાઈ શાહના ગૃહમંત્રી તરીકેના કાર્યકાળમાં ભારત એક વિશ્વસનીય અને સુરક્ષિત દેશ તરીકે ઊભરી રહ્યું છે.

જે સમાજ શિક્ષણને પ્રાથમિકતા આપે છે, એ સમાજ હંમેશાં આગળ વધે છે અને નવી ઊંચાઈઓને આંબે છે, તેથી લોકાર્પણ પામેલી આ હૉસ્ટેલ સમાજને નવી દિશા આપનારી બની રહેશે, એવો આશાવાદ વ્યક્ત કરતાં તેમણે ઉમેર્યું કે, સમાજ અને સંગઠનશક્તિ સાથે મળીને શિક્ષણમાં કેવું આમૂલ પરિવર્તન લાવી શકે તે આ સંકુલને જોઈને ખ્યાલ આવે છે.

આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, ધારાસભ્ય અને સંસ્થા તેમજ સમાજના આગેવાનો અને અન્ય લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



**સુરક્ષા :** ગુજરાતની સરહદોને વધુ સક્ષમ અને અભેદ્ય બનાવવાના સંકલ્પ સાથે કચ્છની વીરધરા પર કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે સરહદી જિલ્લા કચ્છના ભુજ ખાતે બોર્ડર આઉટપોસ્ટ G-7 અને G-13નું લોકાર્પણ કર્યું હતું. આ નવી ચોકીઓ આપણી સરહદી સુરક્ષાને વધુ મજબૂત અને આધુનિક બનાવશે. આ અવસરે, રણના આકરા ઉનાળા અને કડકડતી ઠંડીમાં પણ દેશની રક્ષા કાજે ખડેપગે રહેતા બોર્ડર સિક્યોરિટી ફોર્સના વીર જવાનો સાથે મહાનુભાવોએ 'પ્રહરી સંમેલન' દરમિયાન સંવાદ કર્યો હતો.



**નિરીક્ષણ :** કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે કચ્છ ખાતેના ભારત-પાકિસ્તાનની સંવેદનશીલ દરિયાઇ સરહદ 'હરામીનાળા' વિસ્તારની સ્પીડ બોટમાં બેસી મુલાકાત લીધી અને સુરક્ષાની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. વ્યૂહાત્મક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવા આ ક્રિક વિસ્તારની સુરક્ષા-વ્યવસ્થાની સમીક્ષા સમયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તથા BSFના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



**સમીક્ષા :** વિકાસ માટે કટિબદ્ધ કેન્દ્ર સરકાર ભારતમાં વિશ્વસ્તરીય રમત-ગમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અત્યાધુનિક તાલીમ સુવિધાઓનો વિસ્તાર કરી રહી છે. અમદાવાદમાં યોજાતી વિશ્વસ્તરીય રમત-ગમત સ્પર્ધાઓને ધ્યાનમાં રાખીને વૈશ્વિક ધોરણોને અનુરૂપ રમત-ગમત માટેની આવશ્યક અને અદ્યતન સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે. આ જ ઉપક્રમમાં અમદાવાદમાં રમત-ગમત ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સંબંધિત પરિયોજનાઓની પ્રગતિ અંગે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તેમજ રમત-ગમત કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં સમીક્ષા બેઠક યોજી હતી.

# રાજ્યમાં ઇંધણ પુરવઠાનું સુદ્રઢ આયોજન



અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા પેટ્રોલ પંપ પર ઈંધણની સપ્લાયનું સતત મૉનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલના પુરવઠા અંગેની વાસ્તવિક સ્થિતિ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, રાજ્યમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને તેનો સપ્લાય સંપૂર્ણપણે સામાન્ય છે. સોશિયલ મીડિયા અથવા અન્ય માધ્યમો દ્વારા ફેલાતી ઈંધણની અછતની અફવાઓથી નાગરિકોએ બિલકુલ ગભરાવાની જરૂર નથી.

**સર્વેલન્સથી સુવિધા સુધી...**

**રાજ્ય સરકારનું સતત મૉનિટરિંગ અને ઝડપી કામગીરી ઈંધણ સપ્લાયને બનાવી રહ્યું છે વધુ મજબૂત અને વિશ્વસનીય**

### મૉનિટરિંગ અને ડેટા કલેક્શન

રાજ્યના તમામ જિલ્લાઓમાંથી કયા પેટ્રોલ પંપ પર સ્ટોક ઉપલબ્ધ નથી તેની વિગતો સરકારી તંત્ર દ્વારા સતત એકત્રિત કરવામાં આવી રહી છે. આ ડેટાના આધારે કયા વિસ્તારોમાં ઇંધણની વધુ જરૂરિયાત છે તેનો સચોટ ખ્યાલ મેળવી ત્વરિત પગલાં લેવામાં આવે છે.

### ઓઈલ કંપનીઓ સાથે ઉચ્ચસ્તરીય સંકલન

IOCL, BPCL અને HPCL જેવી અગ્રણી ઓઈલ માર્કેટિંગ કંપનીઓના ઉચ્ચ અધિકારીઓ સાથે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે નિયમિત ધોરણે સમીક્ષા બેઠક યોજાય છે. જે વિસ્તારો કે પંપ પર સ્ટોક ઓછો જણાય, ત્યાં પ્રાથમિકતાના ધોરણે ટેન્કર મોકલવા માટે કંપનીઓને ત્વરિત સૂચના આપવામાં આવે છે.

### જિલ્લા વહીવટીની સજ્જતા

વિભાગ દ્વારા વીડિયો કૉન્ફરન્સ (VC)ના માધ્યમથી તમામ જિલ્લા પુરવઠા અધિકારીઓને સતત પેટ્રોલ-ડીઝલના જથ્થાનું મૉનિટરિંગ કરવા આદેશો અપાયા છે. રાજ્યમાં ક્યાંય પણ ઇંધણનું અનધિકૃત વેચાણ કે સંગ્રહખોરી ન થાય તે સુનિશ્ચિત કરવા વહીવટી તંત્રને કડક સૂચનો આપવામાં આવ્યાં છે.

### દૈનિક રિપોર્ટિંગ અને વિશ્લેષણ

દરરોજ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પાસેથી સમગ્ર રાજ્યનો પેટ્રોલ, ડીઝલ અને એલ.પી.જી. (LPG)નો પુરવઠા ડેટા મેળવીને રાજ્યસ્તરે એક સઘન અહેવાલ તૈયાર કરવામાં આવે છે, જેના વિશ્લેષણના આધારે સંબંધિત જિલ્લા પુરવઠા અધિકારીઓ અને કંપનીઓને જરૂરી વ્યવસ્થા ગોઠવવા દિશાનિર્દેશો અપાય છે.

### ફરિયાદોનું ત્વરિત અને સમયબદ્ધ નિવારણ

નાગરિકો અને પેટ્રોલ પંપ ડીલરોને કોઈ અગવડ ન પડે તે માટે 'પેટ્રોલ પંપ ડ્રાય આઉટ' (જથ્થો ખૂટી જવો)ની સમસ્યા અંગે મળતી ફરિયાદો પર જિલ્લા પુરવઠા તંત્ર અને ઓઈલ કંપનીઓ દ્વારા તાત્કાલિક ફોલો-અપ લેવામાં આવે છે. આ ઉપરાંત વિવિધ માધ્યમો દ્વારા મળતી માહિતીને આધારે પણ તંત્ર તાત્કાલિક જે-તે સ્થળે સપ્લાય સુનિશ્ચિત કરે છે.




“ મંત્રીશ્રી વાઘાણીએ જણાવ્યુ હતું કે, ટર્મિનલ પરથી નવો જથ્થો પંપ સુધી પહોંચવામાં જે સમય લાગે છે, માત્ર તેટલા જ પૂરતો જથ્થો હંગામી સમય માટે ખૂટવાની પરિસ્થિતિ સર્જાય છે, જે અછત નથી. ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે, અફવાઓથી ગભરાયા વગર પોતાની રોજિંદી જરૂરિયાત મુજબ જ ઈંધણની ખરીદી કરે. રાજ્યનું વહીવટીતંત્ર નાગરિકોની સુવિધા માટે સંપૂર્ણપણે સજ્જ અને કાર્યરત છે.

## પુરવઠાની વાસ્તવિક સ્થિતિ અને નિયમો

મંત્રીશ્રીએ સ્પષ્ટતા કરી હતી કે, રાજ્ય સરકાર દ્વારા સામાન્ય નાગરિકો માટે વાહનોની ટાંકીમાં ઈંધણ ભરાવવા અંગે કોઈ જ નિયંત્રણ મૂકવામાં આવ્યું નથી. જોકે, અન્ય વિશિષ્ટ હેતુઓ માટે સપ્લાય જળવાઈ રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે.

- કૃષિ હેતુ માટે ૨૦૦ લિટરની મર્યાદામાં અને મોબાઈલ ટાવર્સ માટે ૧૦૦૦ લિટરની મર્યાદામાં ડીઝલ મેળવી શકાશે.
- ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ અને ઉદ્યોગો માટે જે સાધનો પંપ પર લઈ જઈ શકાય તેમ નથી, તેઓને છેલ્લા છ માસના સરેરાશ ઉપયોગને ધ્યાને લઈ ડીઝલ ફાળવવામાં આવશે.
- ઓઈલ માર્કેટિંગ કંપનીઓના સત્તાવાર અહેવાલ મુજબ જાહેરક્ષેત્રની કંપનીઓનો માસિક સેલ ગ્રોથ રેટ ૮૦%થી વધુ નોંધાયો છે.
- નાગરિકો દ્વારા પેનિક બાઈંગને લીધે પેટ્રોલ પંપ પર નવો જથ્થો પહોંચતાંની સાથે જ તુરંત વેચાઈ જાય છે.






# આદિજાતિની સ્વાભિમાનથી સ્વાવલંબન સુધીની સફર

વનરાજી એટલે એવો વિસ્તાર કે જેને જોઈને મન રાજી થાય. વનરાજીને સાચવતો સમુદાય એટલે આપણા વનવાસી બંધુઓ. પ્રકૃતિના આરાધક વનવાસીઓ વનસંપદાને સાચવીને બેઠા છે. આદિજાતિ સમુદાયના નાગરિકો પોતાની આગવી બોલી, પોશાક, ઘરેણાં અને પરંપરાઓથી સમૃદ્ધ છે. ગુજરાતની પૂર્વ સરહદે આવેલા અરવલ્લીથી લઈને વલસાડ સુધીના ડુંગરાળ, અંતરિયાળ અને વન્ય વિસ્તારોમાં વસવાટ કરતા આદિવાસી લોકોની સાફલ્યગાથા પ્રેરણાદાયી બની રહે છે. આ સમુદાય મુખ્યત્વે પ્રકૃતિ સાથે સાયુજ્ય સાધીને જીવે છે. તેઓ પહાડો, નદીઓ, વૃક્ષો અને સૂર્ય જેવાં પ્રકૃતિનાં તત્ત્વોને વંદનીય ગણી તેની પૂજા કરે છે.

છોટાઉદેપુર અને પંચમહાલના રાઠવા જાતિના લોકો દ્વારા 'પીઠોરા' ચિત્રકામ તેમજ અન્ય જાતિઓ દ્વારા કરવામાં આવતી 'વારલી' ચિત્રકલા વિશ્વભરમાં પ્રખ્યાત છે. તેમનાં પરંપરાગત નૃત્યો 'ચાળો' અને 'ઘેરિયા' ધ્યાનાકર્ષક છે. તૂર, પાવરી અને ઢોલ જેવાં પરંપરાગત વાદ્યો તેમના ઉત્સવોમાં પ્રાણ પૂરતાં હોય છે.

છોટાઉદેપુરનો 'ભંગુરિયાનો મેળો' અને ગુણભાખરીનો 'ચિત્ર-વિચિત્રનો મેળો' આદિજાતિ સંસ્કૃતિનાં જીવંત પ્રતીકો છે.

આધુનિક યુગના પ્રવાહો વચ્ચે પણ ગુજરાતના આદિવાસી લોકોએ પોતાની ભૌગોલિક ઓળખ, પ્રાકૃતિક જીવનશૈલી અને સમૃદ્ધ વારસો અકબંધ રાખ્યો છે. આદિવાસીઓના સર્વાંગીણ વિકાસ માટે ખાસ બંધારણીય જોગવાઈ અને તેને અમલમાં મૂકતી વનબંધુ કલ્યાણ યોજના તેમજ અન્ય અભિયાનોની મદદથી રાજ્યના અનુસૂચિત જનજાતિના લોકો ગુજરાતની વિકાસયાત્રાને બમણી ગતિ પ્રદાન કરી રહ્યા છે.

ગુજરાતનો આદિજાતિ સમાજ પરંપરાને જાળવીને પ્રગતિના પંથે જઈ રહ્યો છે અને વન્ય ઉત્પાદનોની મદદથી સાતત્યપૂર્ણ વિકાસમાં ભાગીદારી નોંધાવી રહ્યો છે. પોતાના આગવા કૌશલ્યથી જનકલ્યાણ તેમજ દૃઢ સંકલ્પથી સમૃદ્ધિ સુધીની સફર સ્વામાનભેર આગળ વધારી રહ્યો છે. ગુજરાતના આદિજાતિ વિસ્તારોને ફોર લેન રોડથી શરૂ કરી બ્રિજ-ફલાય ઓવર, ડ્રેનેજ નેટવર્ક, સ્પોર્ટ્સ કોપ્લેક્સ, અદ્યતન હૉસ્પિટલ, બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી જેવી સુવિધાઓ દ્વારા રાજ્યના વિકાસમાં સહભાગી થવાની ઉત્તમ તકો ખૂબ સરળતાથી પ્રાપ્ય છે. આથી જ તો આજનાં આદિજાતિ યુવક અને યુવતી રાજ્યની વિકાસયાત્રાના માત્ર લાભાર્થી નથી પરંતુ સ્વમાનભેર ભાગીદાર બન્યાં છે.

આદિજાતિનું ગૌરવ અને ગુજરાતના વીર સપૂત એવા ધરતી આબા ભગવાન બિરસા મુંડાએ માતૃભૂમિને પરદેશી શાસકોની બેડીઓથી મુક્ત કરવાનું ઉચ્ચતમ ધ્યેય આદિવાસી પરિવારોને આપ્યું હતું. ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જયંતીને સમગ્ર દેશે 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ઊજવ્યું. આ ઉજવણીના ભાગરૂપે ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડિયાપાડાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કુલ રૂ.૯૭૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની ભેટ આદિવાસી વિસ્તારોના સર્વાંગીણ વિકાસ માટે આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રજાકલ્યાણલક્ષી નીતિથી ગુજરાતનાં આદિવાસી ભાઈ-બહેનો, વિદ્યાર્થીઓ અને બાળકોના જીવનમાં સુખાકારી વધી છે. ગુજરાતનાં આદિવાસી દીકરા-દીકરીઓ હવે ડૉક્ટર, પાઈલટ, ઍન્જિનિયર, રમતવીર ઉપરાંત રેડિયો જૉકી, સ્ક્રિપ્ટ રાઈટર, ફિલ્મ-નિર્દેશક બનીને સફળ અને સાર્થક જીવન જીવી રહ્યાં છે. ગુજરાત સરકારે રાજ્યના આદિજાતિના સર્વગ્રાહી વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ રૂ.૫૪૨૫ કરોડની ફાળવણી કરી છે. આ ઉપરાંત અન્ય વિભાગો દ્વારા પણ આદિજાતિ વિસ્તારો અને અનુસૂચિત જનજાતિના લોકો માટે વિકાસલક્ષી ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આદિજાતિના સામાજિક, આર્થિક, શૈક્ષણિક આરોગ્યલક્ષી, આંતરમાળખાકીય અને આવાસીય ઉન્નતિ માટે વિવિધ વિકાસલક્ષી નીતિ, યોજના, કાર્યક્રમો અને અભિયાનોનો અસરકારક અમલ થઈ રહ્યો છે.

## આદિજાતિઓમાં વિસ્તરતી શિક્ષણની ક્ષિતિજો

**'सा विद्या या विमुक्तये'** વિદ્યા એ છે કે જે વિવિધ બંધનોથી મુક્ત કરે છે અને આત્મનિર્ભર બનાવે છે. ગુજરાતના અનુસૂચિત જનજાતિનાં વિદ્યાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તે હેતુથી ગણવેશ સહાય, ઉચ્ચ અભ્યાસ માટે શૈક્ષણિક લોન, રહેવા-જમવાની પાયાની સુવિધાથી લઈને અદ્યતન સુવિધા ધરાવતાં છાત્રાલયો જેવી વિવિધ સવલતો વિદ્યાર્થીઓના વિકાસને ટેકો પૂરો પાડી રહી છે. આદિજાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના સમગ્ર વ્યક્તિત્વનો વિકાસ થઈ રહ્યો છે.

આદિજાતિના વિદ્યાર્થીઓને શિક્ષણ માટે શ્રેષ્ઠ વાતાવરણ મળી રહે તે માટે નિવાસી શાળાઓની વ્યવસ્થા સરકાર દ્વારા પૂરી પાડવામાં આવે છે. ૬૬૫ આશ્રમ શાળાઓના ૧ લાખથી વધુ રહેવાસી વિદ્યાર્થીઓ માટે રૂ.૫૯૫ કરોડ, જ્યારે સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મૉડેલ રેસિડેન્સિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામનાં કાર્યો માટે રૂ. ૬૭૯ કરોડની સગવડો વિદ્યાર્થીઓને મળી રહે તેનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે. ૧૭૬ સરકારી કુમાર-કન્યા છાત્રાલયો અને ૮૯૩













ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ ૧૦૬૯ છાત્રાલયોના ૭૩ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે રૂ.૩૨૭ કરોડની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. વધુમાં ૧૦ ઈ.એસ.આર.એમ., ૪૩ જી.એલ.આર.એસ., ૧૨ મૉડેલ શાળાઓ તથા ૨ સૈનિક શાળાઓના અંદાજે ૨૭ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે રૂ.૨૦૪ કરોડનું બજેટ રાજ્ય સરકારે ફાળવ્યું છે.

ગુજરાત રાજ્યની આદિજાતિ વસ્તીનો મોટો સમૂહ ૩૪ જિલ્લાઓમાંથી મુખ્યત્વે ૧૪ જિલ્લાઓમાં નિવાસ કરે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દેશભરમાંથી ફ્લૅગશિપ સ્માર્ટ સિટીઝ મિશન હેઠળ ગુજરાતમાંથી સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા માટે દાહોદ શહેરની પસંદગી કરવામાં આવી છે. જે આદિવાસી વિસ્તારમાં એક પણ મેડિકલ કૉલેજ ન હતી ત્યાં આજે મેડિકલ કૉલેજ ઉપલબ્ધ થતા અનેક આદિજાતિ વિદ્યાર્થીઓનો ડૉક્ટર બનવાનો માર્ગ મોકળો બન્યો છે. દાહોદમાં ડૅન્ટલ કૉલેજનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

પોસ્ટ મૅટ્રિક શિષ્યવૃત્તિ યોજનાનો અંદાજે ૨ લાખ ૩૫ હજાર વિદ્યાર્થીઓને લાભ આપવા રૂ.૯૦૯ કરોડની વાર્ષિક ફાળવણી તેમજ પ્રિ-મૅટ્રિકના કુલ ૧૧ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિનો લાભ આપવા રૂ.૧૩૮ કરોડ અને ૭૪ આદર્શ નિવાસી શાળાઓના અંદાજે ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓ માટે રૂ.૧૩૪ કરોડની જોગવાઈ ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી છે. ધોરણ ૧થી ૮ના અંદાજિત ૧૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂ.૯૮ કરોડ, નર્મદા જિલ્લાના રાજપીપળા સ્થિત બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટી માટે રૂ.૩૪ કરોડ અને અદ્યતન સુવિધાવાળાં સમરસ છાત્રાલયોની યોજના માટે રૂ.૨૬ કરોડના ખર્ચ સાથે પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ સુધીની આંતરમાળખાકીય સુવિધાઓ વિદ્યાર્થીઓ માટે પૂરી પાડવામાં આવી રહી છે. આદિજાતિ વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે આયોજનબદ્ધ ફાળવણીનાં અસરકારક પરિણામો જોવા મળી રહ્યાં છે.

### આદિવાસી સમુદાયોનો આર્થિક ઉત્કર્ષ

ગુજરાતના આદિજાતિ સમુદાયો પરંપરાગત ખેતી અને વનપેદાશો પર આર્થિક નિર્વહન કરતા આવ્યા છે, પરંતુ વર્તમાન સમયમાં તેમનો આર્થિક ઉત્કર્ષ નવી ક્ષિતિજોને ઓળંગી રહ્યો છે. કૌશલ્ય વિકાસ, ડિજિટલ સાક્ષરતા અને ડેરી ઉદ્યોગની મદદથી આદિવાસી યુવાનો અને મહિલાઓ સ્વનિર્ભરતા તરફ આગળ વધ્યાં છે. પરંપરાગત આદિવાસી કલા-સંસ્કૃતિ તરફ લોકોની જિજ્ઞાસા વધી છે અને તેથી જ આ ક્ષેત્રે રોજગારીની નવી તકોએ તેમના જીવનધોરણના સ્તરને ઊંચે પહોંચાડ્યું છે. આર્થિક સશક્તીકરણના નવા રાહથી આદિવાસી પરિવારોના જીવનમાં સવલતો-સુખાકારી વધી છે. આદિજાતિની આર્થિક સધ્ધરતા માટે મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ, મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ, મુખ્યમંત્રી બૉર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ અને સંકલિત ડેરીવિકાસ કાર્યક્રમ ઉપરાંત વિવિધ યોજનાઓથી પરિવારો આર્થિક સશક્ત થયા છે.

### અનુ. જનજાતિનું સામાજિક ઉત્થાન

અનુસૂચિત જનજાતિના સામાજિક ઉત્થાનની સાથે ભારતની વૈવિધ્યસભર સંસ્કૃતિના ગૌરવપૂર્ણ પુનરુત્થાનની બાબત સંકળાયેલી છે. ભૌગોલિક રીતે દૂરવર્તી વિસ્તારોમાં રહેતા આદિમ સમુદાયો આજે શિક્ષણ, જાગૃતિ અને બંધારણીય અધિકારોની મદદથી સમાજના મુખ્ય પ્રવાહમાં યોગદાન આપી રહ્યા છે. સક્ષમ નેતૃત્વ અને સામાજિક સમરસતા દ્વારા થતું સામાજિક ઉત્થાન ભારતના સર્વસમાવેશી અને વિકસિત રાષ્ટ્રના નિર્માણનો મજબૂત પાયો છે.

ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૬-૨૭માં આદિજાતિના સામાજિક ઉત્થાન માટે ન્યૂ ગુજરાત પૅટર્ન યોજના અને દૂધ સંજીવની યોજના અંતર્ગત કુલ રૂ.૪૦૦ કરોડના ખર્ચનો અંદાજ રાખ્યો છે. જ્યારે વ્યક્તિગત આવાસ યોજના અંતર્ગત રૂ.૧૪૬ કરોડ, આદિજાતિ વિસ્તારોમાં આદિજાતિના તબીબોને સ્પેશ્યાલિટી/મલ્ટિ સ્પેશ્યાલિટી હૉસ્પિટલ/ જનરલ નર્સિંગ હોમ/ડિસ્પેન્સરી

શરૂ કરવા માટેની સ્વાસ્થ્ય સહાય યોજના માટે કુલ રૂ.૨૨ કરોડ ફાળવવામાં આવ્યા છે. કુંવરબાઈનું મામેરું જેવી સામાજિક સહાય યોજના માટે રૂ.૧૪ કરોડની આર્થિક ફાળવણી કરવામાં આવી છે.

### સર્વજન હિતાય, સર્વજન સુખાય

વનની સાથે સમ-બંધ સાધી ઐક્ય સાથે જીવતા વનબંધુઓનું આરોગ્યલક્ષી ઉત્થાન એ આદિજાતિ વિકાસ અને સક્ષમ સમાજ-નિર્માણની પાયાની શરત છે. આજે કેટલીક ભૌગોલિક વિષમતાઓ વચ્ચે પણ જંગલો અને અંતરિયાળ વિસ્તારો સુધી આધુનિક તબીબી સેવાઓ પહોંચી છે. સંસ્થાકીય પ્રસૂતિ, કુપોષણ-મુક્તિ, રસીકરણ અભિયાન અને સિકલસેલ ઍનિમિયા જેવી આનુવંશિક બીમારીઓ સામેના સઘન વહીવટી પ્રયાસોને કારણે વનબંધુઓના સ્વાસ્થ્ય-સ્તરમાં સુધારો જોવા મળ્યો છે. 'આયુષ્માન ભારત' જેવી ડિજિટલ હેલ્થસેવા અને મોબાઈલ મેડિકલ વાનના સથવારે અંતરિયાળ ક્ષેત્રોમાં આરોગ્ય સુરક્ષા પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

આદિજાતિના નાગરિકોમાં ટી.બી.ના દર્દીઓને 'Ready to Eat Nutritious Snacks' આપવા રૂ.૩૦ કરોડની સંવેદનાસભર જોગવાઈ કરવામાં આવી છે. વલસાડ, ડાંગ, નર્મદા, છોટાઉદેપુર અને કચ્છ જિલ્લાનાં ૧૦ સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે રૂ.૨૮ કરોડની ફાળવણીનું આયોજન થયું છે. જ્યારે આદિજાતિનાં બાળકો, સગર્ભા અને ધાત્રી માતાઓને કુપોષણથી મુક્તિ મળે તે માટે ફોર્ટિફાઇડ દૂધ આપવા રૂ.૨૦૫ કરોડની જોગવાઈ થઈ છે. પોષણ સુધા યોજના હેઠળ આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાઓના ૧૦૬ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓને દિવસમાં એક વખત સંપૂર્ણ ગરમ ભોજન, ફોલિક ઍસિડ અને કૅલ્શિયમની દવા આપવા માટે રૂ.૮૭ કરોડના ખર્ચે તેમના આરોગ્યમાં અસરકારક લાભ થાય તે માટેનું નક્કર આયોજન કરવામાં આવ્યું છે.

### આદિજાતિઓનો વિકાસ સેતુ : આંતરમાળખાકીય સુવિધા

આંતરમાળખાકીય સુવિધા એ અંતરિયાળ અને દુર્ગમ ક્ષેત્રોને પ્રગતિના મુખ્ય પ્રવાહ સાથે જોડતો સેતુ છે. અંતરિયાળ અને ડુંગરાળ વન્ય વિસ્તારોના રહેવાસીઓને પાકા રસ્તા, પીવાનું પાણી, વીજળી મળી રહે તે માટે રાજ્ય સરકારના વિવિધ વિભાગો પણ આ દિશામાં કાર્યરત છે. આવી પાયાની સુવિધાઓનો વિસ્તાર આદિવાસી સમુદાયના જીવનધોરણમાં ક્રાન્તિકારી પરિવર્તન લાવી રહ્યો છે. ડિજિટલ કનેક્ટિવિટીના નેટવર્ક અને બ્રૉડબૅન્ડ સેવાઓએ શિક્ષણ, આરોગ્ય અને બૅંકિંગ સેવાઓને ઘરઆંગણે સુલભ બનાવી છે. આમ, તમામ પાયાની જરૂરિયાતોના મજબૂત આંતરમાળખાકીય તંત્ર સાથે આદિવાસી સમુદાયની સમૃદ્ધિનાં દ્વાર ખૂલ્યાં છે. આદિજાતિ વિસ્તારોમાં આંતરમાળખાકીય તંત્રને સશક્ત કરવા રાજ્ય સરકાર દ્વારા રસ્તા, પુલ, ચૅકડેમ, સિંચાઈ યોજના, પ્રવાસનની તકોનો વ્યાપ વધારવા જેવાં વિકાસકાર્યો માટે આયોજન કરવામાં આવ્યું છે.

જ્યારે આદિજાતિ વિસ્તારમાં ઉદ્વહન સિંચાઈ યોજના માટે રૂ.૪૮૫ કરોડ, ડાંગ જિલ્લામાં અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદી ઉપર ૪૩ મોટા ચૅકડેમ/વીયર બાંધકામથી ૨૧૦૫ હેક્ટર વિસ્તાર રૂ.૧૫૦ કરોડના ખર્ચે લાભાન્વિત થશે, જે માટેનું જરૂરી આયોજન ચાલુ વર્ષ માટે કરવામાં આવ્યું છે. વલસાડ જિલ્લાના મધુબન ડેમ આધારિત ધરમપુર-કપરાડા ઉદવહન સિંચાઈ યોજના દ્વારા ૩૫ ગામોને રૂ.૮૫ કરોડના ખર્ચે સિંચાઈ સુવિધા મળતી થાય તે માટે કામગીરી આગળ વધી રહી છે.

## સહાય થકી સમૃદ્ધિ



મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ.૧૨૫ કરોડ, મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના માટે રૂ.૧૧૧ કરોડ, મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ.૧૦૦ કરોડ, સંકલિત ડેરીવિકાસ કાર્યક્રમ હેઠળ રૂ.૬૫ કરોડ, કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ ખેડૂતોને સહાય માટે રૂ.૪૨ કરોડ, અનુસૂચિત જનજાતિના પરિવારો માટે આજીવિકા ઉપાર્જન કરવા રૂ.૪૦ કરોડ, આદિજાતિ ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય માટે રૂ.૩૦ કરોડ, રવી ઋતુ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના માટે રૂ.૨૫ કરોડ, આદિજાતિ વિસ્તારનાં ગામોમાં મોબાઈલ કનેક્ટિવિટી સુદૃઢ કરવા નવાં મોબાઈલ ટાવર ઊભાં કરવા રૂ.૨૫ કરોડ અને આદિજાતિ યુવક-યુવતીઓને વૉકેશનલ તાલીમ કેન્દ્ર દ્વારા રોજગારલક્ષી તાલીમ માટે રૂ. ૧૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારમાં કૌશલ્ય-વર્ધનથી વનવાસીઓની રોજગારીમાં વધારો કરવા રૂ.૧૦ કરોડની જોગવાઈ, જ્યારે આહવા ખાતે વનવિજ્ઞાન કેન્દ્રની સ્થાપનાના આયોજનથી ડાંગના પ્રવાસનને બળ મળી રહેશે.

# પ્રકૃતિમાં પાંગરતો પ્રગતિનો પંથ

# વલસાડ



અફાટ અરબી સમુદ્રમાં પગ ઝબોળીને બેઠો હોય કે સહ્યાદ્રિ પર્વતમાળાની ટેકરીઓના ઓશીકે આડો પડ્યો હોય તેવો લાગતો, લીલાછમ લિબાસમાં આકાશમાંથી પણ ઓળખાય તેવો સોહામણો લીલુડો પ્રદેશ એટલે વલસાડ જિલ્લો.

ગુજરાતના દક્ષિણ છેડે ઉત્તરે અરબી સમુદ્ર અને પૂર્વ દિશામાં સહ્યાદ્રિની હરિયાળી પર્વતમાળાઓમાંથી નીકળી, કાળમીંઢ ખડકોની છાતી ચીરતી લીલાં ઘનઘોર વનો વચ્ચેથી હસતી ખેલતી, અરબી સમુદ્રની આગોશમાં સમાવા માટે ધસમસતી ઔરંગા અને પાર નદીની વચ્ચે આવેલું વલસાડ પ્રાકૃતિક દૃષ્ટિએ નયનરમ્ય છે, મનોરમ છે. પૌરાણિક માન્યતા અનુસાર વલસાડ જિલ્લો પરશુરામની ભૂમિ તરીકે જાણીતો છે. તેમના સદૈવ નવપલ્લવિત રહેવાના આશીર્વાદથી આ જિલ્લો અનેક રીતે સમૃદ્ધ છે.

વર્ષ ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ તે સમયે સુરત જિલ્લાનો એક ભાગ ગણાતા વલસાડનું તા. ૧/૦૬/૧૯૬૪થી સુરત જિલ્લામાંથી વિભાજન થતાં વલસાડ જિલ્લો અસ્તિત્વમાં આવ્યો અને ફરી તા. ૦૨/૧૦/૧૯૯૭થી વલસાડ જિલ્લાનું વિભાજન થતાં વલસાડ અને નવસારી એમ બે જિલ્લાઓ અસ્તિત્વમાં આવ્યા. વલસાડ જિલ્લો વલસાડ, પારડી, ધરમપુર, કપરાડા, નાનાપોંઢા અને ઉમરગામ - એમ છ તાલુકાઓમાં વહેંચાયેલો છે. રાજ્યના છેવાડાના અને દક્ષિણમાંથી આવતા મહારાષ્ટ્ર - ગુજરાતના પ્રવેશદ્વાર ગણાતા આ જિલ્લાનું મુખ્ય મથક વલસાડ છે. આ ઉપરાંત વલસાડ જિલ્લો સંઘપ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીને પણ અડીને આવેલો હોવાથી મહત્ત્વનો ગણાય છે.

**ઈતિહાસ :** વલસાડ જિલ્લાની ભૌગોલિક અને નૈસર્ગિક સંપત્તિનો પ્રાચીન ઈતિહાસ ઈ.સ. પૂર્વેથી મળી આવે છે. અહીંના વિદ્વાનોના મતે આ સ્થળનું મૂળ નામ ન્યગ્રોધપુર હતું. સંસ્કૃતમાં ન્યગ્રોધ એટલે વડનું વૃક્ષ. કદાચ અગાઉ અહીં વડનાં વૃક્ષો વ્યાપક પ્રમાણમાં હશે, જેથી શરૂઆતમાં વડસાલ અને પાછળથી









અપભ્રંશ થઈને 'વલસાડ' નામ પડ્યું હશે એમ મનાય છે.

વેદવ્યાસે 'વિષ્ણુ સહસ્રનામ'માં ઈશ્વરીય શક્તિધારી વૃક્ષોમાં ન્યગ્રોધ (ન્યગ્રોધ, ઉદુંબર, અશ્વત્થ)ને પ્રથમ સ્થાન આપ્યું છે. આ ઈશ્વરી શક્તિનો વિકાસ અને વિકાસના પરચા પારનેરા પર્વત, તીથલ (મૂળે તીર્થસ્થળ)ના દરિયાકિનારે તથા બીજાં કેટલાંય આંતરિક સ્થાનો (દા.ત. નંદીગ્રામ, બગવાડા) ખાતે મળે છે.

ભારતના પ્રાચીન ૧૮ મુખ્ય પર્વતોમાંથી સહ્યાદ્રિ પર્વતમાળા, પુરાણોમાં જેનો ઉલ્લેખ દંડકવન/ દંડકારણ્ય તરીકે છે, તે પર્વતમાળામાંથી ઔરંગા, ખરેરા, પાર, માન, તાન, નાર, કોલક, દમણગંગા જેવી વહેતી નદીઓ જિલ્લાના હૃદયને તાજગી બક્ષતી ધમનીઓ જેવી છે. આ નદીઓ અરબી સમુદ્રને મળે છે. વિવિધ ઋતુઓમાં આ જિલ્લાની આબોહવા ખુશનુમા રહે છે. એક બાજુ પશ્ચિમે પરદેશ સાથે વેપારી સંબંધો જોડી આપતો અરબી સમુદ્ર, તો પૂર્વે ડાંગ, ઉત્તરે નવસારી અને દક્ષિણે મહારાષ્ટ્ર તથા દાદરા અને નગર હવેલીના પ્રદેશો છે, જે બધા લીલાછમ વિસ્તારો છે. એ રીતે દક્ષિણ ગુજરાતનો લીલોછમ પ્રદેશ વલસાડ જિલ્લો છે.

ઇતિહાસના પ્રવાહોની નોંધપાત્ર ઘટનાઓમાં પ્રજાકીય અસરની દૃષ્ટિએ અનુમૈત્રક તબક્કામાં જરથોસ્તીઓનું આગમન ખૂબ મોટી ઘટના છે. દૂધમાં સાકરની જેમ ભળી જવાની ભાવનાથી સવાઈ ગુજરાતી તથા આગળ વધીને સવાઈ ભારતીય થવાનું ગૌરવ લેવાની લાયકાત આ પારસી કોમે બતાવી છે. અર્વાચીન ભારતનાં વિજ્ઞાન, ઉદ્યોગ, લશ્કરી દૂરંદેશી વગેરે ક્ષેત્રોમાં આ પારસીઓનો ખૂબ મોટો ફાળો છે.

**ભૂગોળ :** રાજ્યના કુલ ભૌગોલિક વિસ્તારમાં વલસાડ જિલ્લાનો વિસ્તાર ૨૯૪૭ ચો.કિ.મી. છે. વલસાડ જિલ્લો ૨૦.૮ અંશ ઉત્તર અક્ષાંશથી ૨૧.૯ ઉત્તર અક્ષાંશ અને ૬૨.૩૯ પશ્ચિમ રેખાંશથી ૭૩.૩૦ પશ્ચિમ રેખાંશ પર આવેલો છે. જિલ્લાની આબોહવા સમઘાત છે. પશ્ચિમ ભાગમાં દરિયાકાંઠાની નીચાણવાળી જમીન







ખારોપાટ છે. પૂર્વ ભાગ ડુંગરો અને જંગલોથી છવાયેલો છે, જ્યારે મધ્ય ભાગની જમીન સપાટ અને કાંપની બનેલી છે, જે બગીચાને લાયક છે અને ત્યાં મુખ્યત્વે ડાંગર, શેરડી અને ફળઝાડનું વાવેતર થાય છે. વલસાડ જિલ્લાની મુખ્ય નદીઓ ઔરંગા, પાર અને દમણગંગા છે. આ મુખ્ય નદીઓ ઉપરાંત કોલક, તાન, માન અને વાંકી નદીઓ પણ છે.

**વૈવિધ્ય :** વલસાડ સરહદી જિલ્લો હોવાના કારણે તેનું ભૌગોલિક મહત્ત્વ પણ ઘણું છે. અમદાવાદથી મુંબઈ સુધીની મુખ્ય રેલવે લાઇન તથા ૪૮ નંબરનો રાષ્ટ્રીય ધોરીમાર્ગ જિલ્લાના અર્થતંત્ર તથા વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

બારે મહિના જિલ્લાની પોતીકી બાગાયતી મહેક વિસ્તરતી રહે છે. વલસાડી સાગ પણ આખા ભારતમાં તેની ગુણવત્તાને લીધે પ્રખ્યાત છે.

સામાજિક જીવનની દૃષ્ટિએ જોતાં અહીં આદિવાસીઓનું બાહુલ્ય ઊડીને આંખે વળગે છે. સાથે સમુદ્ર-કિનારે વસતી માછીમાર સમાજની આગવી રીતભાતો પણ નોંધનીય છે. આદિવાસીઓ વન અને ડુંગરાળ પ્રદેશમાં વસનારા છે. ધોડિયા ધરમપુર, વલસાડ તથા પારડી; કોંકણા કપરાડા તથા ધરમપુર; હળપતિ મોટા ભાગે વલસાડ તથા પારડી તાલુકામાં તથા વારલી સમૂહ ઉમરગામ તાલુકામાં જોવા મળે છે. આદિમ જૂથના કોળચા સમૂહો વલસાડ, ધરમપુર અને કપરાડા તાલુકાઓમાં વસે છે.

- વૈશ્વિક બજારમાં આગવી છાપ ધરાવતા ગોવાના ઊંચી જાતના કાજુને પણ હવે જેનો મુકાબલો કરવો પડે તેવા કાજુનું ઉત્પાદન વલસાડી વનવાસી કરી રહ્યો છે. ધરમપુર કપરાડાની વનઆચ્છાદિત ભૂમિ પર કાજુનું ઉત્પાદન થઈ રહ્યું છે.
- વલસાડ જિલ્લાની આફૂસ કેરી, પાપડીમાંથી તૈયાર થતું ઊંબાડિયું અને અથાણાંની દેશી આવૃત્તિ સમું પાણીચું એ રાજ્ય તથા રાજ્ય બહાર અને હવે તો વિદેશોમાં પણ ધૂમ મચાવી રહ્યાં છે.
- મહારાષ્ટ્ર રાજ્યમાંથી નીકળી કપરાડા-વાપી થઈ દરિયાને મળતી દમણગંગા નદી પર બંધાયેલો મધુબન ડેમ સિંચાઈ માટેની ઉમદા સુવિધા પૂરી પાડે છે.
- એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક વસાહતોમાં જેની ગણના થાય છે તે વાપીની ઔદ્યોગિક વસાહત આ વિસ્તારના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપી રહી છે.
- ઈ.સ. ૭૧૬માં પોતાના ધર્મની રક્ષા કાજે પારસીઓ ઈરાનથી દેશાંતર કરીને વલસાડ જિલ્લાના સંજાણ બંદરે ઊતર્યા. સંજાણના તત્કાલીન શાસક જાદીરાણાએ તેમને પોતાના રાજ્યમાં રહેવાની અનુમતિ આપી. ત્યારથી આજદિન સુધી આ પ્રજા દૂધમાં સાકરની જેમ ભળી ગઈ છે. સંજાણ ખાતે સ્થપાયેલો કીર્તિસ્થંભ પારસી પરિવારોના ભારતમાં આગમનની ગવાહી પૂરતો ઊભો છે.
- વલસાડ જિલ્લામાં પારનેરા, બગવાડા, કિલ્લાપારડી ખાતે આવેલા પૌરાણિક અને ઐતિહાસિક કિલ્લાઓમાં છત્રપતિ શિવાજીની ગેરીલા પદ્ધતિથી લડાતા યુદ્ધની યાદ તાજી કરાવતા અવશેષો હજી મોજૂદ છે.
- ઈમારતી લાકડાઓમાં દેશભરમાં શ્રેષ્ઠ કાષ્ઠ તરીકે જેની ગણના થાય છે તે વલસાડી સાગ અહીંની ફળદ્રુપ ભૂમિની







ઊપજ છે. આઝાદી પહેલાં બીલીમોરા તથા વલસાડનાં બંદરો પરથી ઈમારતી લાકડાંની સમુદ્ર માર્ગે વિદેશોમાં નિકાસ કરવામાં આવતી હતી.

- ઉમરગામ ખાતે આવેલા વૃંદાવન સ્ટુડિયોમાં નિર્માણ પામેલી રામાનંદ સાગર નિર્મિત ભારતની સૌથી લોકપ્રિય ટી.વી. શ્રેણી 'રામાયણ'ના કારણે વલસાડ જિલ્લાનું ઉમરગામ રાષ્ટ્રના નકશામાં ઝળકી ઊઠ્યું હતું.

## નમક સત્યાગ્રહ સ્મારક - ધરાસણા

ધરાસણા નમક સત્યાગ્રહ ૧૯૩૦માં બ્રિટિશ શાસન દ્વારા મીઠા ઉપર લગાવવામાં આવેલા વેરાના વિરોધમાં કરવામાં આવેલો અહિંસક સત્યાગ્રહ હતો. ૨૧ દિવસ લાંબા ચાલેલા આ સત્યાગ્રહની યાદમાં તત્કાલીન વડાપ્રધાન મોરારજીભાઈ દેસાઈના હસ્તે ૨૬મી મે, ૧૯૭૮માં અહીં 'ધરાસણા મીઠા સત્યાગ્રહ સ્મારક' ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

## પ્રવાસન સ્થળો :

**વિલ્સન હિલ - ધરમપુર :** ધરમપુરથી ૨૭ કિ.મી.ના અંતરે સમુદ્ર સપાટીથી ૨૩૦૦ ફૂટ ઊંચાઈએ પંગારબારી ગામે સહ્યાદ્રિ પર્વતમાળાના ખોળામાં આવેલું વલસાડનું ખૂબ જ પ્રખ્યાત હિલસ્ટેશન એટલે 'વિલ્સન હિલ'. દેશ-વિદેશનાં પ્રખ્યાત હિલસ્ટેશનોની યાદ અપાવી દે એવો મનમોહક અનુભવ આ હિલની મુલાકાત વેળાએ થાય છે.

**તીથલ :** વલસાડ મુખ્ય મથકથી આશરે ૪ કિ.મી. અંતરે આવેલું તીથલ 'બીચ લાઈફ' સુંદર હૉટસ્પોટ છે. ઉત્તર અને પશ્ચિમ ગુજરાતમાં કાળી રેતી ધરાવતા ઘણા ઓછા સમુદ્રકિનારાઓ છે. પરંતુ તીથલ બીચનું એક મહત્ત્વપૂર્ણ પાસું 'કાળી રેતી' છે.

**શંકરધોધ - ધરમપુર :** ચોમાસા દરમિયાન વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા તાલુકામાં અનેક ધોધ સોળે કળાએ ખીલી ઊઠે છે. આ બધામાં શંકરધોધ સૌથી વધુ પ્રખ્યાત અને અનોખું આકર્ષણ ધરાવે છે. વિલ્સન હિલથી થોડા જ અંતરે વાઘવળ ગામમાં શંકરધોધ આશરે ૧૫૦ ફૂટ ઊંચાઈથી પડે છે, જેને માણવા માટે ચોમાસામાં પ્રવાસીઓની ભીડ ઊમટી પડે છે.

**નારગોલ બીચ - ઉમરગામ :** લગભગ ૧૬ કિલોમીટર વિસ્તારમાં ફેલાયેલો નારગોલ બીચ ઉમરગામ તાલુકામાં આવેલો આકર્ષક, સ્વચ્છ અને શાંતિપૂર્ણ બીચ છે. આ બીચ એક દુર્લભ વણશોધાયેલાં સૌંદર્યસ્થળોમાંનો એક છે. તેની ચારે બાજુ શરુનાં લીલાંછમ વૃક્ષોની સુંદરતાથી તે અનોખો તરી આવે છે. રાજ્ય સરકારે પ્રવાસન ધામ તરીકે વિકસાવીને અનેક આનુષંગિક સુવિધા ઊભી કરી છે. પરિવાર સાથે એક દિવસની પિકનિક માટેનું સુંદર સ્થળ છે, તો હાલમાં પ્રિ-વેડિંગ ફોટોશૂટ માટે પણ આ બીચ હોટસ્પોટ બની ગયો છે.

**પારનેરા ડુંગર - વલસાડ :** વલસાડથી આશરે ૫ કિલોમીટરના અંતરે પારનેરા ગામમાં આશરે ૧૫૨ મીટર ઊંચો પારનેરા ડુંગર આવેલો છે. ડુંગરની બાજુમાંથી વહેતી પાર નદી ઉપરથી ડુંગરનું નામ પારનેરા પડ્યું હોવાનું મનાય છે. અહીંનો ઐતિહાસિક કિલ્લો અને વાવ હિન્દુ રાજાએ બનાવ્યાં હોવાનું માનવામાં આવે છે. પારનેરા ડુંગર ઉપર ચંડિકા માતાનું મુખ્ય મંદિર આવેલું છે. સાથે સાથે કાલિકા માતા, અંબિકા માતા, શિવજી અને હનુમાનજીનાં મંદિરો પણ સ્થાપિત છે. દર વર્ષે નવરાત્રિની આઠમનો ભવ્ય મેળો અહીં ભરાય છે. પારનેરા ડુંગરનો ઇતિહાસ શિવાજી મહારાજ સાથે પણ જોડાયેલો છે. તેમના રોકાણ દરમિયાન શિવાજીને પ્રતિપક્ષની સેનાએ ચારે તરફથી ઘેરી લેતાં તેમણે







તેમના અશ્વ બાદલ પર સવાર થઈ ડુંગર ઉપરથી કૂદકો લગાવી પાર નદીને ઓળંગી હોવાની માન્યતા છે. તેમણે જે જગ્યાએથી કૂદકો લગાવી નદી પાર કરી હતી તે 'બારી' આજે પણ હયાત છે.

**કોલવેરા - કપરાડા :** કોલવેરા ડુંગર અને કોલક નદીના ઉદ્ગમસ્થાન સાથે અનેક લોકવાયકાઓ, ધાર્મિક માન્યતાઓ અને ઈતિહાસ જોડાયેલાં છે. અહીંના લોકો આ ડુંગર અને નદીના ઉદ્ગમસ્થાનને અત્યંત પવિત્ર માની એની પૂજા કરે છે. કોલક નદીના ઉદ્ગમસ્થાન સાથે એવી માન્યતા જોડાયેલી છે કે, નદીનો ઉદ્ગમ આશરે ૫૦૦થી ૬૦૦ વર્ષ પહેલાં થયો હતો. એક વ્યક્તિએ 'કોળવું' (સ્થાનિક ભાષામાં-ઉંદર પ્રજાતિનું પ્રાણી)ને બખોલમાંથી પકડવાના પ્રયાસમાં ઊંડે સુધી ખોદતાં અચાનક પાણીની ધારાઓ નીકળતાં અહીંથી કોલક નદીનો ઉદ્ભવ થયો હતો. 'કોળવું' ઉપરથી નદીનું નામ 'કોલક' અને કોલક ઉપરથી ગામનું નામ પડ્યું 'કોલવેરા'.

**મોટી કોરવડ - વ્યૂ-પોઈન્ટ :** ધરમપુરથી આશરે ૨૭ કિ.મી.ના અંતરે પહાડ અને નદીના નયનરમ્ય નજારાઓથી ભરપૂર સ્થળ છે મોટી કોરવડ. તેને સુલીયા ડુંગરના નામથી પણ ઓળખવામાં આવે છે. ત્યાં સુધી પહોંચવાનો રસ્તો પણ ભરપૂર કુદરતી સૌંદર્યની અનુભૂતિ કરાવે છે.

## જિલ્લાનાં મ્યુઝિયમ

**ધ લેડી વિલ્સન મ્યુઝિયમ :** ધરમપુર શહેરમાં આવેલું 'ધ લેડી વિલ્સન મ્યુઝિયમ' આદિવાસી સંસ્કૃતિ, વારસો અને ધરમપુરના રજવાડી શાસનના ઈતિહાસનો અદ્ભુત સમન્વય ધરાવે છે. ધરમપુર રજવાડાના છેલ્લા શાસક મહારાણા વિજયદેવજી બીજાએ તત્કાલીન શાસક મહારાણા મોહનદેવજી (૧૮૯૧-૧૯૩૧)ના શાસનનાં ૨૫ વર્ષની યાદમાં મ્યુઝિયમની ઈમારતનું નિર્માણ 'સિલ્વર જ્યુબિલી હૉલ' તરીકે કરાવ્યું હતું. ઈ.સ.૧૯૨૧થી શરૂ થઈ ઈ.સ.૧૯૨૮માં તેનું સમગ્ર નિર્માણકાર્ય પૂર્ણ થયું હતું.

**ઝોરાષ્ટ્રિયન ઈન્ફોર્મેશન સેન્ટર - ઉદવાડા :** પારસીઓના ઈતિહાસને ઉજાગર કરતા આ મ્યુઝિયમનું લોકાર્પણ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વર્ષ ૨૦૦૭માં કરવામાં આવ્યું હતું. પારસીઓની અગિયારીમાં પારસી સિવાય અન્ય ધર્મ કે જાતિના લોકો પ્રવેશી શકતા નથી, તેથી અન્ય જાતિના લોકોને પણ પારસી સમાજની સંસ્કૃતિ વિશે માહિતી મળી રહે તે માટે આ મ્યુઝિયમની સ્થાપના કરાઈ હતી. પારસી સમાજની સંસ્કૃતિ, પહેરવેશ, ભારતમાં પારસીઓના આગમનથી લઈને પારસી અગ્રણીઓ દ્વારા દેશના વિકાસમાં અપાયેલા બહુમૂલ્ય યોગદાનનો ચિતાર આ મ્યુઝિયમમાં દર્શાવાયેલો છે.

## જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર ભૂતકાળના વૈભવ અને કલા-કસબના વારસાને આગળ વધારી આધુનિક વિજ્ઞાન સાથે આજની પેઢીને જોડવાની કડીરૂપ ભૂમિકા ભજવે છે. આ જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર વિજ્ઞાન અને સંસ્કૃતિના સંગમ સમું બન્યું છે. સાયન્સ એન્ડ ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ અને મૅથેમૅટિક્સનો નવતર અભિગમ STEM તરીકે જગપ્રસિદ્ધ છે.

## વલસાડમાં ઔદ્યોગિક એકમો

વલસાડ જિલ્લો તેની કૃષિ-પ્રવૃત્તિઓ માટે તો જાણીતો છે જ, પરંતુ સાથે સાથે ઔદ્યોગિક એકમો માટે પણ જાણીતો છે. વાપી, ગુંદલાવ, પારડી અને સરીગામ જીઆઈડીસી ઔદ્યોગિક વિકાસની દૃષ્ટિએ

આગવું સ્થાન ધરાવે છે.

વાપી જીઆઈડીસી ગુજરાતનાં જૂનામાં જૂનાં એસ્ટેટ પૈકીનું એક છે, જેની સ્થાપના ઈ.સ. ૧૯૬૮માં થઈ હતી. એના પછી વીતેલા છ દશકમાં વાપી જીઆઈડીસી એસ્ટેટ વિશ્વનું એક જાણીતું કેમિકલ હબ બની ગયું છે. આ એસ્ટેટ લગભગ ૧૧૮૦ હેક્ટર જમીન પર ફેલાયેલું છે, જેમાં લગભગ ૨૨૦૦ જેટલા ઔદ્યોગિક એકમો આવેલા છે. વાપી જીઆઈડીસી એસ્ટેટ કેમિકલ હબ બનવાનું કારણ એમાં લગભગ ૧૧૦૦ જેટલા નાના મોટા કેમિકલ ઉદ્યોગો આવેલા છે તે છે. કેમિકલ ઉપરાંત પણ વાપીમાં ૪૮ જેટલા રિસાઈકલ પેપર ઉદ્યોગ, ૧૦૦થી વધારે પૅકેજિંગ યુનિટ, ૬૦ જેટલા ટેક્સ્ટાઈલ પ્રોસેસિંગ યુનિટ છે. આ બધા ઉદ્યોગમાંથી લગભગ ૧.૫ લાખ સીધી રોજગારી અને ૭ લાખ જેવી પરોક્ષ રોજગારી મળે છે.

વલસાડ જિલ્લો સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોની નોંધપાત્ર હાજરી ધરાવે છે, જેમાં રાસાયણિક ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ અને કાપડનો મહત્તમ સમાવેશ થાય છે. તેમજ વલસાડમાં વિવિધ ઔદ્યોગિક વસાહતો અને ઝોન આવેલાં છે, જે માળખાગત સુવિધાઓ પૂરી પાડે છે અને આ ઉદ્યોગોને ટેકો આપે છે.

**વલસાડનાં પુરાતત્ત્વીય સ્થળો :** ભારતમાં પુરાતત્ત્વીય સ્થળો એવાં સ્થળો છે જે પ્રાચીન અવશેષો દ્વારા ભારતના ભૂતકાળ વિશે મૂલ્યવાન માહિતી પૂરી પાડે છે. ભારતમાં આવી અનેક સાઈટ્સ આવેલી છે, જેમાં ગુજરાતનાં પણ ઘણાં સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વલસાડ જિલ્લા માટે ગર્વની વાત છે કે, ધરમપુર તાલુકાનાં બે સ્થળોનો પુરાતત્ત્વીય સ્થળોમાં સમાવેશ કરાયો છે, જેમાં લક્ષ્મીનારાયણ મંદિર અને રાધાકૃષ્ણ મંદિરનો સમાવેશ થાય છે.







**વાપીમાં નિર્માણ પામશે બુલેટ ટ્રેનનું ઍરપોર્ટ જેવું હાઈટૅક રેલવે સ્ટેશન :** દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ સમાન બુલેટ ટ્રેન પ્રોજેક્ટની મુંબઈ-અમદાવાદ વચ્ચે ૫૦૮ કિલોમીટરમાં કામગીરી ચાલી રહી છે. મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું અદ્યતન ૪૧૫ મીટર લાંબું પ્લૅટફૉર્મ વલસાડ જિલ્લાના વાપીના ડુંગરા ખાતે બની રહ્યું છે, જેમાં બે પ્લૅટફૉર્મની વચ્ચે ૪ ટ્રૅક બનશે. ૨૮૯૧૭ ચો.મી. વિસ્તાર સ્ટેશનનો બિલ્ટ-અપ વિસ્તાર છે. મુસાફરોને સંપૂર્ણ કનેક્ટિવિટી મળે તે દિશામાં કામગીરી ચાલી રહી છે. મુસાફરો માટે સ્ટેશન પર લિફ્ટ, એસ્કેલેટર, બિઝનેસ ક્લાસ લાઉન્જ, બાળકોની સંભાળ માટેની સવલતો તથા સ્ટોર્સની સુવિધા પણ હશે. વાપીમાં ઍરપોર્ટ જેવા બુલેટ ટ્રેનના અદ્યતન સ્ટેશનને કારણે આ વિસ્તારનો અનેકગણો વિકાસ થશે. વાપી જીઆઈડીસી, દાદરા નગર હવેલી અને દમણના ઉદ્યોગોને આ ટ્રેન-પ્રોજેક્ટ થકી મોટો લાભ થશે.

**એક્સપ્રેસ-વે :** વડોદરા-મુંબઈ એક્સપ્રેસ-વે અંતર્ગત વલસાડ જિલ્લામાં ૨૮ ગામમાંથી કુલ ૪૭.૮૭ કિમીનો એક્સપ્રેસ-વે પસાર થશે, જેની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. એક્સપ્રેસ-વેથી ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચેની કનેક્ટિવિટી વધી જશે. આ પ્રોજેક્ટ માટે ૫૩૭.૯૮ હેક્ટર જમીનનું સંપાદન કરવામાં આવશે, જે પૈકી ૫૦૮.૮૨ હેક્ટર જમીન વિસ્તાર સંપાદન હેઠળ આવરી લેવાયો છે. જ્યારે, ૨૯.૧૬ હેક્ટર વિસ્તાર સંપાદન હેઠળ આવરી લેવાનો બાકી છે. કુલ ૫૩૭.૯૮ હેક્ટરમાંથી ૪૧૧.૭૪ હેક્ટર જમીન સંપાદિત કરી છે. જ્યારે, ૧૨૬.૨૪ હેક્ટર જમીન-વિસ્તારનું સંપાદન કરવાની કામગીરી ચાલી રહી છે.

સંપાદન સહયોગ : જિલ્લા માહિતી કચેરી, વલસાડ

# વંચિતોને મળી ઘરઆંગણે સરકારની સીધી સેવા




**- જિજ્ઞેશ સોલંકી**

ભારત સરકારના ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન અને પ્રધાનમંત્રી જનજાતીય ન્યાય મહા અભિયાન અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા “સબસે દૂર, સબસે પહેલે”ના સૂત્ર સાથે શરૂ કરાયેલા જનભાગીદારી અભિયાનને ગુજરાતના જિલ્લાઓમાં લોકસમર્થન મળી રહ્યું છે. તે અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટ ગામે યોજાયેલા કેમ્પમાં ગ્રામજનોએ સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લીધો હતો. પોતાના ઘરઆંગણે જ સરકારી સેવાઓ અને સહાય મળતાં લાભાર્થીઓએ રાજ્ય સરકાર પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.



**આયુષ્માન કાર્ડમાં મારા પતિના નામ પાછળ સસરાનું નામ ગુજરાતીમાં હતું, ઇંગ્લિશમાં ન હતું, જેના કારણે આયુષ્માન કાર્ડ બનાવી શકાતું ન હતું. જનભાગીદારી અભિયાનના આ કેમ્પમાં રૅશનકાર્ડમાં નામમાં ત્વરિત સુધારો કરાવતાં મને મારું આયુષ્માન કાર્ડ હવે મળી જશે.**

**- શોભનાબહેન પટેલ,** ગામ : બારોલિયા



**મારા ડાબા હાથમાં ઘણા સમયથી દુખાવો રહેતો હતો. મજૂરી કામ માટે રોજ બહાર જવું પડતું હોવાથી સમય મળતો ન હતો અને ખાનગી હૉસ્પિટલમાં ચેકઅપ અને ઍક્સ-રે સહિતનો ખર્ચ વધી જાય તેમ હતો. મને ગ્રામપંચાયતના સભ્યશ્રી દ્વારા કૅમ્પની જાણ થતાં હું તરત કૅમ્પમાં આવ્યો અને આરોગ્ય વિભાગ દ્વારા મારું નિઃશુલ્ક ચૅકઅપ કરી ઍક્સ-રે પાડવામાં આવ્યો હતો. ગામમાં જ આ કૅમ્પનું આયોજન કરી ગ્રામજનોને લાભ આપવા માટે હું રાજ્ય સરકારનો આભાર માનું છું.**

**- ચુનીલાલ કુરકુટિયા,** ગામ : તિસ્કરી તલાટ



**મારું ઈ-કેવાયસી કરાવવાનું બાકી હોવાથી પીએમ કિસાન સન્માન નિધિનો છેલ્લો હપતો મળતો ન હતો. હું કૅમ્પમાં આવ્યો અને સરકારી કર્મચારીઓ દ્વારા તુરંત જ મારું ઈ-કેવાયસી થઈ જતાં હવે આગામી માસથી મને નિયમિત રીતે રૂ. ૨૦૦૦નો હપતો મળતો થઈ જશે.**

**- કરસનભાઈ થોરાટ,** ગામ : તિસ્કરી તલાટ



**મારા દોઢ વર્ષીય પુત્ર હર્ષિવનું આધારકાર્ડ બનાવવાનું હતું, પરંતુ નોકરી પર રજા પાડી ધરમપુર કચેરી સુધી જઈ શકાતું ન હતું. ગામમાં કૅમ્પની જાણ થતાં હું બાળકને લઈને અહીં આવ્યો અને મારા દીકરાનું પ્રથમ વાર આધાર કાર્ડ બની ગયું.**

**- સુનીલભાઈ,** ગામ : બારોલિયા




**ગામેગામ યોજાઈ રહેલા જનભાગીદારી અભિયાનથી લોકોને સરકાર પોતાના ઘર સુધી આવી હોવાનો સુખદ અનુભવ થઈ રહ્યો છે. વંચિતોને ઘરઆંગણે સરકારની સેવાનો સીધો લાભ મળી રહ્યો છે.**



### ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન

**આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે ભારત સરકાર દ્વારા શરૂ કરાયેલ એક મહત્ત્વાકાંક્ષી યોજના છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ અંતરિયાળ વિસ્તારોમાં વસતા આદિવાસી પરિવારો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવાનો છે.**

### કોક્લિયર ઈમ્પ્લાન્ટનાં લાભાર્થી બાળકો સાથે મુખ્યમંત્રીશ્રીનો સ્નેહસેતુ

# શ્રવણશક્તિ નહીં, એક આખી સૃષ્ટિ ખૂલી



બોલવું અને સાંભળવું એકબીજા સાથે સંકળાયેલી ક્રિયાઓ છે. સામાન્ય રીતે જન્મથી સાંભળી ન શકનાર બાળક બે શબ્દો વચ્ચેનો ભેદ ન પારખવાના કારણે બોલી પણ નથી શકતું. આપણી અંગત વ્યક્તિઓ આપણને સાંભળતી તો હોય છે, સાથે આવી સંભાળ પણ રાખતી હોય છે. રાજ્ય સરકાર સ્વજન બનીને પ્રજાના પ્રશ્નોને સાંભળવાનું અને દરેકને સંભાળવાનું કામ કરે છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સરકારના કોક્લિયર ઈમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર રિપ્લેસમેન્ટ પ્રોગ્રામનો લાભ મેળવનારાં ૨૦ બાળકો સાથે અમદાવાદના સાયન્સ સિટી ખાતે સંવાદ સાધ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ એક સ્નેહાળ વડીલ અને વાલી તરીકે બાળકો સાથે આત્મીયતા કેળવી, જેના કારણે માસૂમ બાળકોના ચહેરા હરખાઈ ઊઠ્યા. મુખ્યમંત્રીશ્રીએ સાયન્સ સિટીની પ્રખ્યાત 'ઍક્વાટિક ગૅલેરી'માં જળચર સૃષ્ટિ જોઈને આશ્ચર્યચકિત થતાં બાળકો સાથે બાળસહજ વાતો કરી. તેમના આ વાત્સલ્ય ભાવથી ત્યાં હાજર રહેલાં બાળકોનાં માતા-પિતાની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, "માતા-પિતાને જ્યારે ખ્યાલ આવે કે તેમનું બાળક સાંભળી શકતું નથી, ત્યારે કેટલો મોટો આઘાત લાગે! પણ કોક્લિયર ઈમ્પ્લાન્ટ એક એવી ટૅક્નોલૉજી છે, જે નાનાં બાળકોને શ્રવણશક્તિ સાથે નવું જીવન આપે છે. આવાં જ કેટલાંક બાળકોને અમદાવાદના સાયન્સ સિટીમાં મળવાના અવસરે માસૂમ બાળકોને બોલતાં-સાંભળતાં જોયાં ત્યારે વાત્સલ્ય, આશા, વિશ્વાસ, સંતોષ એવી કેટકેટલી લાગણીઓ હૃદયમાં એકસાથે ઊમટી આવી! બાળકોની સાથે 'ઍક્વાટિક ગૅલેરી'ની મુલાકાત અને તેમની સાથે બાળસહજ સંવાદથી અનેરી અનુભૂતિ મળી. આ બાળકો માટે માત્ર શ્રવણશક્તિ નથી ખૂલી; એક આખી સૃષ્ટિ ખૂલી છે. તેમના ચહેરા પરનું સ્મિત અને તેમની વાણીની ગુંજ - મારા માટે દિવસની સૌથી મોટી ઉપલબ્ધિ બની."

દરેક બાળકના ઉજ્જ્વળ ભવિષ્ય માટે ગુજરાત સરકાર હંમેશાં કટિબદ્ધ છે. આવાં જરૂરિયાતમંદ બાળકો અને પરિવારોને આ યોજનાના લાભ માટે માર્ગદર્શન આપવા સંબંધિત અધિકારીઓને મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

## શું છે કોક્લિયર ઇમ્પ્લાન્ટ એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર રિપ્લેસમેન્ટ પ્રોગ્રામ ?

ગુજરાત સરકાર દ્વારા **૬ વર્ષ** સુધીની ઉંમરનાં સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોને તદ્દન **વિનામૂલ્યે** કોક્લિયર ઈમ્પ્લાન્ટ કરી આપવાનો પ્રોગ્રામ

વર્ષ ૨૦૧૪થી 'શાળા આરોગ્ય કાર્યક્રમ' અંતર્ગત અત્યાર સુધીમાં ૩૫૦૦થી વધુ બાળકોને કોક્લિયર ઈમ્પ્લાન્ટનો લાભ

ગુજરાતની ૧૦ નામાંકિત હૉસ્પિટલોમાં સુવિધા

વર્ષ ૨૦૨૪માં બાળકોને એકવાર વિનામૂલ્યે સ્પીચ પ્રોસેસર રિપ્લેસ કરી આપવાનો નિર્ણય.

અત્યાર સુધીમાં ૪૦૧ બાળકોને એક્સ્ટર્નલ સ્પીચ પ્રોસેસર રિપ્લેસ કરી આપવામાં આવ્યાં.

## કોક્લિયર ઇમ્પ્લાન્ટ ડિવાઇસ





કોક્લિયર ઈમ્પ્લાન્ટ ઑપરેશનના બે મુખ્ય ભાગ - ઈન્ટરનલ ઈમ્પ્લાન્ટ અને એક્સટર્નલ સ્પીચ પ્રોસેસર.

પ્રોસેસર બહારના અવાજને અંદરના ભાગ સુધી પહોંચાડે, જ્યાંથી સિગ્નલ મગજ સુધી આવે છે.

સ્પીચ પ્રોસેસરનું આયુષ્ય ૧૦ વર્ષનું હોઇ, સમય જતાં અપગ્રેડ કે બદલવું પડે.

## ઈન્ટરનૅશનલ બિગ કેટ એલાયન્સ સમિટ-૨૦૨૬ સંદર્ભે પ્રિ-ઈવેન્ટમાં

# સિંહ-સંવર્ધન અંગે મંથન




ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ઈન્ટરનૅશનલ બિગ કેટ એલાયન્સ સમિટ-૨૦૨૬ (IBCA)ના પૂર્વાર્ધરૂપે સાસણગીરમાં યોજાઈ રહેલી સૌપ્રથમ પ્રિ-ઈવેન્ટ ઓન લાયન કન્ઝર્વેશનનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી તા.૧ અને ૨ જૂનના રોજ નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની પ્રથમ સમિટ યોજાશે. આ સમિટ અગાઉ દેશનાં વિવિધ રાજ્યોમાં પણ અલગ-અલગ થીમ સાથે પ્રિ-ઈવેન્ટ યોજાવાની છે. સાસણગીરમાં સિંહ, ભોપાલમાં ચિત્તા, ભુવનેશ્વરમાં દીપડા, ગંગટોકમાં સ્નો-લૅપર્ડ અને મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં વાઘ-સંરક્ષણ અંગેની ઈવેન્ટ યોજવાનું નક્કી કરાયું છે.

પ્રિ-ઈવેન્ટના પ્રારંભે કેન્દ્રીય વન અને પર્યાવરણ તથા જલવાયુ મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે દિલ્હી ખાતે યોજાનારી ઈન્ટરનૅશનલ બિગ કેટ એલાયન્સ સમિટના સંદર્ભે જણાવ્યું કે, બિગ કેટ એટલે કે બિલાડી કુળનાં મુખ્ય પ્રાણીઓ સહિતનાં પ્રાણીઓના સંરક્ષણ માટે સર્વે હિતધારકોને એક મંચ પર લાવવા માટે ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટના માધ્યમથી મનોમંથન થશે અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે આધારસ્તંભ સ્વરૂપ દિલ્હી ડેકલેરેશન પણ જાહેર કરવામાં આવશે. ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ-સંરક્ષણનું ઉત્કૃષ્ટ રોલ મૉડલ પૂરું પાડ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ સાસણની આ પ્રિ-ઈવેન્ટને બિગ કેટના સંવર્ધન માટેના વડાપ્રધાનશ્રીના વિઝનને સમજવા માટેનું ઉત્તમ સ્થળ ગણાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, એશિયાટિક લાયન-ગીરના સાવજના જતન-સંવર્ધન અને સંરક્ષણના સફળ પરિણામદાયી પ્રયાસોથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકાસ ભી, વિરાસત ભી'નો મંત્ર સાકાર કર્યો છે.

સિંહ-સંરક્ષણને પ્રાથમિકતા અને વનવિભાગની બેસ્ટ પ્રો-એક્ટિવ પ્રૅક્ટિસિસને પરિણામે સિંહની વસ્તી જે ૧૯૯૧માં ૨૮૪ હતી, તે વધીને આજે ૮૯૧ જેટલી થઈ છે. સિંહના વિચરણનો વિસ્તાર પણ પાછલા અઢી દાયકામાં ત્રણ જિલ્લાથી વધીને ૧૧ સુધી પહોંચ્યો છે. સરકારના પ્રયાસોથી બરડા અભયારણ્યમાં ૨૪ જેટલા સિંહ વસવાટ કરે છે.

મુખ્યમંત્રીશ્રીએ પ્રોજેક્ટ લાયન અંગે ઉમેર્યું હતું કે, સિંહો માટે બ્રીડિંગ સેન્ટર, આઈસોલેશન સેન્ટર, સારવાર કેન્દ્ર આધુનિકીકરણ, રેડિયો કૉલર અને ડ્રોન સર્વેલન્સની સુવિધાઓ વિકસાવવામાં આવી છે. આ પ્રોજેક્ટ લાયન 'બૃહદ ગીર'ના સર્વાંગી વિકાસ માટે સિંહ-સંવર્ધન ઉપરાંત સ્થાનિક લોકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે પણ ઉપયોગી બનશે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પર્યાવરણના જતન સાથે ઈકો સિસ્ટિમ મજબૂત બની હોવાનું જણાવ્યું હતું. આ પ્રિ-ઈવેન્ટમાં સાસણની વન્ય જીવસૃષ્ટિ અને સંવર્ધનના માહિતીપત્રનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વન રાજ્યમંત્રી શ્રી પ્રવીણભાઈ માળી સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# 'રાજ્ય સ્વાગત'માં પ્રજાનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ થયો સુદૃઢ




રાજ્યકક્ષાના 'સ્વાગત ઓનલાઈન' જન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં રાજ્ય સરકાર સુધી સામાન્ય માનવીઓ પ્રત્યક્ષ રજૂઆતો લઈને રાજ્યના મુખ્યમંત્રીને સીધા જ મળી પોતાની રજૂઆતો જણાવી શકે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય સ્વાગત કાર્યક્રમ અંતર્ગત આવતી રજૂઆતોનું સમય મર્યાદામાં ન્યાયિક અને સરળ રીતે નિરાકરણ લાવીને પ્રજાનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ વધુ સંગીન થાય તેવી કામગીરીના જિલ્લા તંત્રને દિશા નિર્દેશ આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, જો કોઈ પણ રજૂઆતકર્તાનું કામ નિયમાનુસાર થવા પાત્ર હોય તો તાત્કાલિક તે પૂરું કરી આપવું જોઈએ. એટલું જ નહીં, જો નિયમ મુજબ કામ થઈ શકે તેમ ન જ હોય તો સંબંધકર્તા વ્યક્તિને વારંવાર કચેરીના ધક્કા ખવડાવવાને બદલે તાત્કાલિક અને સ્પષ્ટ જવાબ પાઠવી દેવો જોઈએ. આ 'રાજ્ય સ્વાગત'માં ૨૧૫થી વધુ અરજદારો પોતાની રજૂઆતો સાથે મુખ્યમંત્રી કાર્યાલયના જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહ્યા હતા. 'જિલ્લા સ્વાગત'માં ૧૫૩૧ અને 'તાલુકા સ્વાગત'માં ૨૨૭૪ સહિત સમગ્રતયા ૪૦૨૦ અરજદારોની રજૂઆતો સંબંધિત વિભાગને જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ આ 'રાજ્ય સ્વાગત'માં જુનાગઢ, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતોએ તેમનાં ખેતરોમાં જવા-આવવાના રસ્તા પર થયેલા ગેરકાયદે અને બિન અધિકૃત દબાણ અંગે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'રાજ્ય સ્વાગત'માં આવેલી બધી જ રજૂઆતોમાં જનહિતકારી સંવેદના દાખવીને ઝડપી નિવારણ અંગેનો અભિગમ દર્શાવી પ્રો-પીપલ ગવર્નન્સની અનુભૂતિ કરાવી હતી. આ 'રાજ્ય સ્વાગત'માં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે, સચિવ શ્રી ડૉ. અજય કુમાર તેમજ ખાસ ફરજ પરના અધિકારીઓ શ્રી ધીરજ પારેખ અને રાકેશ વ્યાસ તથા સંબંધિત વિભાગોના વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રી સમગ્ર આવેલી આવેલી રજૂઆતો સંદર્ભમાં સંબંધિત જિલ્લા કલેકટરો અને તંત્રવાહકો વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા અને પૂરક વિગતો તેમજ માહિતી પૂરી પાડી હતી.

# અમદાવાદની નારાયણા હોસ્પિટલમાં રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ

દાયકાઓ પહેલાં કૅન્સર એટલે કૅન્સલ એવી માન્યતા પ્રવર્તતી હતી. કૅન્સર નિવારી ન શકાય તેવી બીમારી હતી, પરંતુ આધુનિક ટૅક્નૉલૉજીના કારણે હવે કૅન્સરની બીમારીમાંથી પણ મુક્ત થઈ શકાય છે. કૅન્સરની સારવારને વધુ સુલભ અને અસરકારક બનાવવાની દિશામાં નારાયણ હૉસ્પિટલે એક મહત્ત્વપૂર્ણ કદમ ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નારાયણા હોસ્પિટલ, અમદાવાદના નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરનો પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ આ સેન્ટરની મુલાકાત લઈને હોસ્પિટલ દ્વારા અપાતી સેવાઓની માહિતી મેળવી હતી.

આ કેન્દ્ર 'હેલ્સિયન (Halcyon) રેડિયેશન થેરાપી સિસ્ટમ'થી સજ્જ છે અને આ સારવાર પદ્ધતિ ખાસ કરીને અદભુત ઝડપ અને ચોકસાઈ માટે જાણીતી છે. કૅન્સરના ટ્યુમરની આસપાસના તંદુરસ્ત કોષો (ટિશ્યુઝ) પર થતી આડઅસરને નહિવત્ કરીને હાઈ-પ્રિસિઝન, ઈમેજ-ગાઈડેડ સારવાર આ ટૅક્નૉલૉજી દ્વારા પૂરી પાડવામાં આવશે. આ નવા રેડિયેશન ઓન્કોલોજી સેન્ટરના પ્રારંભ સાથે અમદાવાદની નારાયણા હૉસ્પિટલમાં હવે મેડિકલ ઓન્કોલોજી, સર્જિકલ ઓન્કોલોજી અને રેડિયેશન ઓન્કોલોજી એમ ત્રણેય વિભાગો ઉપલબ્ધ થયા છે અને 'ઇન્ટિગ્રેટેડ કૅન્સર કેર' સારવાર શક્ય બની છે. એટલું જ નહિ, અમદાવાદ અને આસપાસના જિલ્લાના લોકોને હવે કૅન્સરની સંપૂર્ણ સારવાર સરળતાએ એક જ સ્થળેથી મળી રહેશે. આ વેળાએ નારાયણા હેલ્થના સ્થાપક અને ચેરમેન ડૉ. દેવી શેટ્ટી, ફૅસિલિટી ડાયરેક્ટર શ્રી હેમંત ભટનાગર, કન્સલ્ટન્ટ રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડૉ. તસ્નીમ નલવાલા તેમજ ગણમાન્ય તબીબો, આમંત્રિતો અને હૉસ્પિટલના સેવાકર્મીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સુરતમાં 'જમનાબા વિદ્યાર્થીભવન'નું લોકાર્પણ



ડાયમંડ સિટી, સિલ્ક સિટી સુરતના આંગણે શિક્ષણ અને સામાજિક ઉત્થાનના ક્ષેત્રે એક નવો સુવર્ણ ઇતિહાસ આલેખતાં શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા નિર્મિત 'જમનાબા વિદ્યાર્થી ભવન'ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ખુલ્લું મૂક્યું હતું. સાથેસાથે, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ૩૧ ફૂટ ઊંચી, ૯ ટન વજન ધરાવતી સરદાર વલ્લભભાઈ પટેલની પંચધાતુની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા અને સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના હસ્તે પૂર્વ મુખ્યમંત્રી સ્વ. કેશુભાઈ પટેલ ઑડિટોરિયમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ.મનસુખભાઈ માંડવિયાએ જણાવ્યું હતું કે, જમનાબા વિદ્યાર્થીભવન સંસ્કારનું કેન્દ્ર બનશે. જ્ઞાનશક્તિ અને સમાજશક્તિ એકસાથે જોડાવાથી સમાજના ઉત્થાનનું લક્ષ્ય સાકાર થઈ રહ્યું છે. તેમણે સરદાર સાહેબના વિચારો તથા સમાજના ઇતિહાસમાંથી સમાજના યુવાનોને પ્રેરણા લેવાનો અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાટીદાર સમાજ ઉદ્યોગ-ધંધા, વેપાર, શિક્ષણ, આરોગ્ય અને પંચાયતથી લઈને પાર્લામેન્ટ સુધીના દરેક ક્ષેત્રમાં અગ્રેસર રહીને સામાજિક સમરસતા અને એકતાનો સંદેશ આપી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા ગાંધીનગરથી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનમાં સુરત પહોંચ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, જમનાબા ભવન સમાજ માટે વરદાનરૂપ સાબિત થશે. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા તમામ યુવાનોને દેશ, રાજ્ય અને સમાજ માટે સમર્પિત ભાવે કામ કરવાની પ્રેરણા પૂરી પાડશે

કાર્યક્રમમાં કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, આરોગ્ય રાજયમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, નાણા રાજ્યમંત્રી શ્રી કમલેશભાઈ પટેલ સહિત સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મહાનુભાવો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ માટે રશિયાને નિમંત્રણ

રશિયન ફેડરેશનના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે બેઠક યોજી હતી, જેમાં મુંબઈ સ્થિત રશિયન કોન્સ્યુલ જનરલ શ્રીયુત ઇવાન ફેતિસોવે ગુજરાત સાથે ખાસ કરીને મેરિટાઇમ, શિપ બિલ્ડિંગ અને ઍજ્યુકેશન સેક્ટરમાં સહભાગિતા અને સંકલન માટે તત્પરતા દર્શાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, દેશના ૪૦ ટકા કાર્ગો હૅન્ડલિંગ ગુજરાતનાં બંદરો પરથી થાય છે. શિપ રિસાઇક્લિંગ અને શિપ-બિલ્ડિંગમાં પણ ગુજરાતે અગ્રેસરતા મેળવી છે તથા ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટી સહિત વિવિધ સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઝથી ગુજરાત મોડર્ન ઍજ્યુકેશન હબ બનવા સજ્જ છે, તેની પણ વિસ્તૃત વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.

રશિયન ફેડરેશનના કોન્સ્યુલ જનરલશ્રીએ મુખ્યમંત્રીશ્રીને રશિયાના સેન્ટ પીટર્સબર્ગમાં આગામી સમયમાં યોજાનારી બિઝનેસ સમિટમાં ભાગ લેવા આમંત્રણ પાઠવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પણ વાઇબ્રન્ટ સમિટની આગામી શૃંખલામાં રશિયાને નિમંત્રણ આપ્યું હતું.





# સરકાર હવે તમારા વૉટ્સઍપ પર! મેટા સાથે MoU

'નાગરિક દેવો ભવ'ની વિભાવના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપી છે. જેને ચરિતાર્થ કરતા ગુજરાતે ડિજિટલ ગવર્નન્સના ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચ્યો છે. વહીવટી પ્રક્રિયાને વધુ પારદર્શક, ઝડપી અને માનવીય બનાવવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે હવે 'વન ડે ગવર્નન્સ'ના સફળ મૉડલને એક ડગલું આગળ લઈ જઈને 'વૉટ્સઍપ ગવર્નન્સ'માં પરિવર્તિત કર્યું છે. રાજ્ય સરકાર અને વૈશ્વિક ટૅક કંપની 'મેટા' (Meta) વચ્ચે થયેલા ઐતિહાસિક MoU માત્ર સરકારી પ્રક્રિયાનું સરળીકરણ નથી, પરંતુ સામાન્ય માણસનાં સમય, શ્રમ અને નાણાંની બચત કરતું એક ક્રાંતિકારી કદમ છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે GARCની ભલામણો અનુસાર સુગમ ડિજિટલ ગુજરાત ઈનિશિયેટિવ્સ દ્વારા પાંચ જેટલા મુખ્ય વિભાગોની અંદાજે ૨૦ જેટલી નાગરિકકેન્દ્રી સેવાઓ વૉટ્સઍપ ચૅટ બોટ મારફતે ઉપલબ્ધ કરાવી છે. હવે, આ સેવાઓને લોકો માટે વધુ સરળ અને ઝડપી બનાવવા સાથો-સાથ લાસ્ટ માઈલ ડિલિવરી સુનિશ્ચિત કરવામાં મેટા અને રાજ્ય સરકાર વચ્ચેનાં આ MoU મહત્ત્વપૂર્ણ બનશે. આ MoUનું અમલીકરણ થતાં આગામી સમયમાં સર્વિસ ડિલિવરી પ્રોસેસ વધુ સરળ બનવા સાથો-સાથ રિયલ ટાઈમ સ્ટેટસ ટ્રૅકિંગ પણ વધુ મજબૂત થશે. રાજ્ય સરકાર આવનારા દિવસોમાં તબક્કાવાર વધુ સેવાઓ પણ આ વૉટ્સએપ આધારિત પ્લૅટફૉર્મ સાથે સાંકળવાની નેમ ધરાવે છે.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં કાર્યરત થનારી આ નવી વૉટ્સઍપ ગવર્નન્સ આધારિત નાગરિકકેન્દ્રિત સેવાઓનો સૌથી મોટો લાભ સામાન્ય માનવીને મળતો થશે. ખાસ કરીને હવે સરકારી સેવાઓ વધુ સરળ બનશે, સેવાઓ મોબાઈલ પર થોડી ક્લિક્સમાં ઉપલબ્ધ થશે, સમય અને ખર્ચ બંનેની બચત થશે તથા પારદર્શિતા અને જવાબદેહી વધુ સુદૃઢ થશે. ગ્રામીણ અને શહેરી, બંને વિસ્તારોમાં સરકારની સેવાઓની પહોંચ વધશે અને ટૅક્નોલૉજીનો લાભ હવે સામાન્ય માણસ સુધી ઘરે બેઠાં પહોંચશે.

મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તાલીમ અને વહીવટી સુધારણા પ્રભાગના સચિવ શ્રી હારિત શુક્લા અને 'મેટા'ના ડિરેક્ટર તથા હેડ ઑફ પૉલિસીઝ શ્રી અમન જૈન તથા કન્ટ્રી ડિરેક્ટર શ્રી એ. શ્રીનિવાસે આ MoU પર હસ્તાક્ષર કરી કર્યા હતા. આ અવસરે મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, સામાન્ય વહિવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી અંજુ શર્મા, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, અધિક અગ્ર સચિવ શ્રી ડૉ. વિક્રાંત પાંડે અને સચિવ શ્રી ડૉ. અજય કુમાર પણ ઉપસ્થિત રહ્યા હતા.

**સહયોગ :** ગુજરાત અને રશિયાના અગ્રણી શહેર અસ્ટ્રાખાન વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહયોગ બાબતે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા અસ્ટ્રાખાનના ગવર્નર શ્રી ઈગૌર બાબુશ્કિન સાથે વર્ચ્યુઅલ બેઠક યોજાઈ હતી. બેઠકમાં બંને પ્રદેશો વ્યાપાર, શિક્ષણ અને શિપ-બિલ્ડિંગ સહિતનાં ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ માટે સહમત થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય નોર્થ-સાઉથ પરિવહન કૉરિડોર વિકાસના ભાગરૂપે પરિવહન અને લૉજિસ્ટિક્સમાં સહયોગ આપવા તત્પરતા દર્શાવી હતી અને રાજ્યમાં રહેલી જહાજ-નિર્માણની તકો અંગેની પણ ભૂમિકા રજૂ કરી હતી.



# 'એક રાષ્ટ્ર - એક ચૂંટણી' સંબંધિત જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટીની બેઠક



ભારતમાં જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (JPC) એ સંસદ દ્વારા ચોક્કસ કાયદાકીય ખરડાઓની ઝીણવટપૂર્વકની અને વિગતવાર તપાસ કરવા માટેની એક આગવી વ્યવસ્થા છે, જેમાં લોકસભા અને રાજ્યસભા, બંને ગૃહોના સભ્યો ઉપરાંત સત્તાધારી અને વિપક્ષના એમ બંને પક્ષોનું પ્રતિનિધિત્વ સમિતિમાં હોય છે. તાજેતરમાં 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' સંબંધિત વિવિધ પાસાંઓ બાબતે ચર્ચા-વિચારણા માટે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીની બેઠક યોજાઈ હતી. 'વન નેશન, વન ઈલેક્શન' અંગે રાજ્યોના પ્રતિભાવો અને સૂચનો લેવા ગુજરાત આવેલી જોઈન્ટ પાર્લામેન્ટ કમિટી (JPC) સમક્ષ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં હતાં. વારંવાર યોજાતી ચૂંટણીઓથી સરકારી તંત્રની કાર્યક્ષમતા પર વિવિધ સ્તરે પડતી વિપરીત અસરથી કમિટીને અવગત કરવામાં આવી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની કલ્પના 'વન નૅશન, વન ઈલેક્શન'થી સાકાર થશે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં છેલ્લાં ૧૧ વર્ષથી વધુ સમયમાં આપણે અનેક બંધારણીય સુધારાઓના સાક્ષી બન્યા છીએ, જેમાં 'વન નૅશન-વન ટૅક્સ', 'વન નૅશન-વન રૅશન કાર્ડ', 'વન નૅશન-વન ગ્રીડ', 'વન નૅશન-વન સબસ્ક્રિપ્શન' જેવી પહેલનો સમાવેશ થાય છે. આ તમામ સુધારાઓથી દેશના વહીવટમાં એકરૂપતા આવી છે. દેશની વિકાસયાત્રામાં સુશાસનની સાથે સાથે સ્પષ્ટ નીતિ અને જનભાગીદારી ખૂબ જ જરૂરી છે. આ માટે 'વન નૅશન, વન ઈલેક્શન' દેશના વિકાસમાં એક મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે.

દેશની આઝાદી બાદ સતત ૧૫ વર્ષ સુધી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે જ થતી હતી, પરંતુ રાજકીય અસ્થિરતાના કારણે એ વ્યવસ્થા તૂટી હતી. આ વ્યવસ્થા તૂટવાના કારણે સરકારી ખર્ચ, સરકારી માનવબળ તેમજ શ્રમિક વર્ગ દ્વારા થતા ઉત્પાદનમાં અભાવ કે ખોટ જેવા વિવિધ તબક્કે અનુભવાતી ખલેલથી કમિટીને માહિતગાર કરવામાં આવી. ગુજરાત જેવા વિકસિત રાજ્યમાં કે જ્યાં અન્ય પ્રદેશોના લાખો શ્રમિકો કામ માટે આવીને નિવાસ કરે છે ત્યાં વારંવાર થતી ચૂંટણીઓના કારણે શ્રમિકોના મોટા વર્ગને મત આપવા માટે પોતપોતાના વતને જવું પડે છે. તેના કારણે રાજ્યના ઉત્પાદન પર વિપરીત અસર પડે છે. ચૂંટણી-પ્રક્રિયામાં પણ મોટાપાયે લૉજિસ્ટિક, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મૅનપાવરની જરૂર પડે છે. આના કારણે મોટા ભાગનું સરકારી તંત્ર ચૂંટણીનાં કામોમાં વ્યસ્ત રહે છે. આ દિવસો દરમિયાન જાહેર સેવાનાં કાર્યોમાં ખલેલ પહોંચે છે અને તેની પાછળ થતો ખર્ચ પણ રાજ્ય સરકારે ભોગવવો પડે છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બંધારણીય સુધારાને રાષ્ટ્રહિતમાં ગણાવ્યો. ભારતની જીવંત લોકશાહીમાં પ્રજાની ભાગીદારી વધારવા અને નાગરિકોનો ચૂંટણી-પ્રક્રિયામાં ઉત્સાહ વધારવામાં આ સુધારો મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ મુદ્દા પર પ્રતિભાવ સાંભળવા આવેલી જેપીસીને અન્ય રાજકીય પક્ષોનાં 'વન નૅશન-વન ઈલેક્શન' અંગે વિવિધ વિચારો જાણવા મળશે તેમજ આ તમામ વિચારોને એકસૂત્રે બાંધવાથી નવો માર્ગ મળશે તેવો મત પણ મુખ્યમંત્રીશ્રી વ્યક્ત કર્યો હતો.





## રાજુલામાં 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ



આરોગ્યને સંપદા સમાન મૂલ્યવાન કહેવાયું છે. આરોગ્યની સુખાકારી વિના અન્ય કોઈ પણ સુખનો અનુભવ સંતોષકારક નથી રહેતો. દાતાઓના સહયોગથી અમરેલી જિલ્લાના રાજુલા ખાતે નિર્મિત 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર' માનવસેવાના ઉત્તમ સંકલ્પના પ્રતીક તરીકે ઊભરી આવ્યું છે. તેનાથી અમરેલી જિલ્લાના રાજુલા પંથકના નાગરિકોને આરોગ્યની વિશિષ્ટ સુવિધા પ્રાપ્ત થઈ છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજુલામાં 'મહાત્મા ગાંધી આરોગ્ય મંદિર'નું લોકાર્પણ કર્યું હતું. રામકૃષ્ણ આરોગ્ય સેવા ટ્રસ્ટ અને વિદ્યાગુરુ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત આ ૧૦૦ બેડની નિઃશુલ્ક હૉસ્પિટલ વડે રાજુલા સહિત આસપાસના વિસ્તારોના નાગરિકોને ગુણવત્તાસભર આરોગ્યસેવાઓ ઉપલબ્ધ થશે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ હૉસ્પિટલમાં ઓ.પી.ડી, પેથોલૉજી, ડાયાલિસીસ, ગાયનેકૉલોજી, સર્જરી સહિત આશરે ૧૦ જેટલી મલ્ટિસ્પેશિયાલિટી આરોગ્ય સેવાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ હૉસ્પિટલ શરૂ થતાં આ પંથકના દર્દીઓને સારવાર માટે દૂરનાં શહેરોમાં જવાને બદલે સ્થાનિક સ્તરે જ સમયસર અને ઉત્તમ સારવાર મળી રહેશે. હૉસ્પિટલમાં લૅબોરેટરી, મેડિકલ સ્ટોર અને ભોજનાલયની સેવાઓ પણ ઉપલબ્ધ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ હૉસ્પિટલનું નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ આ સેવાઓ બદલ સંસ્થાના સર્વે ટ્રસ્ટીશ્રીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આરોગ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છને નવી દિલ્હી સાથે જોડતી સીધી રેલસેવાનો પ્રારંભ




ગુજરાતમાં રેલવે નેટવર્કના વિકાસની ઝડપ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વધુ ગતિશીલ બની છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગાંધીનગરથી અને કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવની રાજસ્થાનના પાલી ખાતેથી વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં ભુજથી દિલ્હી માટેની ફાસ્ટ ટ્રેનનો પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ કચ્છને નવી દિલ્હી સાથે જોડતી સીધી રેલસેવાની ભેટ તેમજ તાજેતરમાં અમદાવાદ ધોલેરા સેમી હાઈસ્પીડ પ્રોજેક્ટ મંજૂરીની ભેટ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને રેલવે મંત્રીશ્રીના માર્ગદર્શનમાં આઝાદીનો આ અમૃતકાળ રેલવેને નવી ગતિ આપનારો અને વિકસિત ભારતના નિર્માણનો યુગ બનશે.

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્યમંત્રીશ્રી ત્રિકમભાઈ છાંગા, સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા તેમજ કચ્છ જિલ્લાના મહાનુભાવો - પદાધિકારીઓ અને રેલવેના વરિષ્ઠ અધિકારીઓ તથા નાગરિકો સહભાગી થયા હતા.

**જનગણના :** દેશના ઇતિહાસમાં પ્રથમ વખત વસતિ-ગણતરી સંપૂર્ણપણે ડિજિટલરૂપે થઈ રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સહિત મંત્રીમંડળે ‘સ્વ-ગણતરી’ પોર્ટલ પર પરિવારની વિગતો નોંધીને રાષ્ટ્રીય મહાઅભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો.



**શુભેચ્છાઓ :** ગુજરાત કૅડરમાં સેવામાં મુકાયેલા ૨૦૨૫ની ભારતીય સનદી સેવા બૅચના ૮ પ્રોબેશનરી અધિકારીઓએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાથે ગાંધીનગરમાં મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ શુભેચ્છાઓ પાઠવીને સામાન્ય માનવી, વંચિત ગરીબના કલ્યાણના સેવાસંકલ્પ સાથે સેવારત રહેવાની શીખ તથા શુભેચ્છાઓ પાઠવી હતી.



**સમીક્ષા :** લોકભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી, જેમાં રાજ્યમાં ‘ટીબી મુક્ત ભારત અભિયાન’ અંતર્ગત થઈ રહેલી કામગીરીની સઘન સમીક્ષા કરાઈ હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ટીબીના પ્રત્યેક દર્દી સુધી સમયસર અને શ્રેષ્ઠ સારવાર પહોંચે તેવી સચોટ વ્યવસ્થા રાજ્યમાં સુનિશ્ચિત કરવામાં આવી છે. બેઠકમાં આરોગ્ય વિભાગ દ્વારા આગામી સમયના લક્ષ્યાંકો રજૂ કરવામાં આવ્યા હતા.



# 'ઑપરેશન મિલાપ'

## ગુજરાત પોલીસે માત્ર પંદર દિવસમાં ૭૦૧ લોકોને શોધી કાઢ્યા



કોઈ પણ પરિવારમાંથી એક પણ સભ્ય ગુમ થાય ત્યારે સમગ્ર પરિવારને અકલ્પનીય પીડામાંથી પસાર થવું પડતું હોય છે. મૃત્યુ સુધીની અંતિમ સંભાવનાઓનો સતત વિચાર કુટુંબીજનોના માનસિક આરોગ્ય પર ઊંડી અને વિપરીત અસર પાડે છે. જોકે ગુમ થયેલી વ્યક્તિ પાછળ માનવજીવનની જટિલ પરિસ્થિતિઓ જવાબદાર હોઈ શકે છે; જેમ કે, પારિવારિક તકરારો, વૈવાહિક મતભેદો, પરીક્ષાનો તણાવ, નિષ્ફળ પ્રેમ-સંબંધો, આર્થિક સંકડામણ અને ગુનાહિત શોષણ.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી ગુમ થયેલા લોકોને શોધવા પોલીસવડા ડૉ. કે.એલ.એન. રાવના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે રાજ્યવ્યાપી 'ઑપરેશન મિલાપ' લૉન્ચ કર્યું છે. આ ઑપરેશન શરૂ થયાનાં માત્ર બે જ અઠવાડિયામાં રાજ્યમાંથી ગુમ થયેલા કુલ ૭૦૧ લોકોને શોધી કાઢવાની સફળતા રાજ્ય પોલીસને મળી છે. મળી આવેલા ૭૦૧ લોકોમાં ૧૯ સગીર છોકરાઓ, ૯૭ સગીર છોકરીઓ, ૪૧૭ મહિલાઓ અને ૧૬૮ પુરુષોનો સમાવેશ થાય છે.

સમગ્ર રાજ્યમાં કેટલાય પરિવારો પોતાનાં ખોવાઈ ગયેલાં સ્વજનોની ભાળ મળે તેની કાગડોળે રાહ જોઈને બેઠા છે, ત્યારે 'ઑપરેશન મિલાપ'ની સફળતાના કારણે તેમના ચહેરા પર પુનઃ સ્મિત જોવા મળી રહ્યું છે. 'ઑપરેશન મિલાપ'ને કારણે, કોઈ ગુમ થયેલી દીકરી ઘરે પરત ફરી છે, તો કોઈ માતા અને તેનું સંતાન વર્ષો પછી એકમેકને મળી શક્યાં છે. કોઈ પરિવારે દાયકાઓ પહેલાં સ્વજનને મળવાની આશા છોડી દીધી હતી, તેને આખરે પોતાનાં પ્રિયજન ક્યાં રહે છે તેની ભાળ મળી છે.

આ અભિયાન માત્ર ગુમ થયેલા લોકોને શોધવા પૂરતું મર્યાદિત નથી. તપાસ દરમિયાન માનવતસ્કરી કરતી ગેંગ, બાળતસ્કરી તથા નવજાત શિશુઓની વેચાણ-પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ગુનાહિત નેટવર્કને તોડી પાડવાનો એક મક્કમ પ્રયાસ પણ છે.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, "મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત પોલીસે ગુમ થયેલી વ્યક્તિઓને શોધી કાઢવા માટે વિશેષ અભિયાન હાથ ધર્યું છે. પોલીસને આ માટે જરૂરી તમામ સાધન-સંસાધનો ઉપલબ્ધ થાય તેની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યભરનાં પોલીસસ્ટેશનો દ્વારા કુલ ૭૦૧ લોકોને શોધી કાઢવામાં આવ્યા છે. તેમના પરિવારો સાથે તેમનું મિલન કરાવ્યું છે,''

આ વિશેષ અભિયાન હેઠળ ગુજરાતના દરેક પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધીક્ષકને લાંબા સમયથી બાકી રહેલા ખોવાયેલા લોકોના કેસોને ફરી ખોલવા, તેમની સમીક્ષા કરવા અને ઊંડાણપૂર્વક તપાસ કરવા માટેની સૂચના આપવામાં આવી છે. 'ઑપરેશન મિલાપ' અંતર્ગત તમામ પોલીસ ટીમ હવે જૂની ફાઈલો ફરી તપાસી રહી છે, ડિજિટલ પુરાવા અને ટૅક્નિકલ માહિતીનું વિશ્લેષણ કરી રહી છે અને વર્ષોથી પોતાનાં સગાંઓને શોધતા પરિવારોનો ફરી સંપર્ક કરી રહી છે. ગુજરાત પોલીસ માટે 'ઑપરેશન મિલાપ' માત્ર પોલીસ-અભિયાન નથી, બલકે, અનેક પરિવારો માટે આ પુનર્મિલનની મોંઘેરી ઘડી છે.

### ગુજરાત પોલીસની ૧૫ મુદ્દાવાળી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP)

- *આ SOP મુજબ જૂના કેસ અને ફાઈલો ફરી ખોલી, ફરિયાદીનો સંપર્ક કરવો, ડિજિટલ અને ટૅક્નિકલ પુરાવાનો અભ્યાસ કરવો, સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓ ટ્રેક કરવી, પરિવહન કેન્દ્રો અને આશ્રયસ્થાનોની તપાસ કરવી, જાહેર સ્થળોની મુલાકાતો લેવી અને શંકાસ્પદ માનવ તસ્કરો તથા વારંવાર ગુના કરનારાઓની પૂછપરછ કરવાનો સમાવેશ થાય છે.*
- *પોલીસ અધિકારીઓને ગુમ થયેલા લોકોના મોબાઈલ ફોનને ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ હેઠળ રાખવા, છેલ્લું સક્રિય સ્થાન ટ્રેક કરવા અને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ તથા વોટ્સએપ જેવી સોશિયલ મીડિયા પ્રવૃત્તિઓની તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.*
- *તપાસકર્તાઓ સરકારી હૉસ્પિટલોની પોસ્ટમોર્ટમ રૂમની પણ તપાસ કરી રહ્યા છે, અજાણી લાશોના ફોટોગ્રાફ્સને ગુમ થયેલા વ્યક્તિઓના રેકોર્ડ સાથે મેચ કરી રહ્યા છે અને અપહરણ તથા માનવ તસ્કરીના કેસોમાં અગાઉ ધરપકડ કરાયેલા શંકાસ્પદોની પૂછપરછ પણ કરી રહ્યા છે.*
- *ગુજરાતમાં ગુમ થયેલા લોકોમાં મહિલાઓ, બાળકો અને કિશોર-કિશોરીઓનો સમાવેશ થાય છે, જે બાબતને ગુજરાત પોલીસ અત્યંત ગંભીરતાથી ધ્યાનમાં લઈ રહી છે.*

# ગાંધીનગરના આંગણે એશિયન વેઇટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ-૨૦૨૬





ભારત અને ખાસ કરીને ગુજરાતે પ્રતિભાવાન યુવાઓને તક આપવા રમત-ગમત સંસ્કૃતિ વિકસાવી છે. અદ્યતન સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ, સ્ટેડિયમ સહિતની માળખાકીય સવલતો વધારવા રાજ્ય સરકાર વિશેષ ધ્યાન આપી રહી છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ યોજી શકાય તેવી માળખાકીય સવલતો ધરાવતા ગુજરાતમાં તાજેતરમાં જ ગાંધીનગર ખાતે રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતના અધ્યક્ષસ્થાને એશિયન વેઇટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપ-૨૦૨૬નો ભવ્ય ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો, જેમાં ભારત સહિત એશિયાના ૨૯ દેશોના ૪૦૦થી વધુ ખેલાડીઓ, કોચ અને ટૅક્નિશિયનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ભારતના રમતવીરોએ પોતાનું કૌવત ઝળકાવીને સિલ્વર અને બ્રોન્ઝ મૅડલ જીત્યા હતા.

એશિયન વેઇટલિફ્ટિંગ ચૅમ્પિયનશિપના પ્રારંભે રમતગમત રાજ્યમંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, ગુજરાત હવે માત્ર વિકાસમાં જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે પણ વિશ્વનું ધ્યાન ખેંચી રહ્યું છે. ગુજરાતમાં યોજાતી આવી ઉચ્ચસ્તરીય આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ આપણા સ્થાનિક અને ભારતના ખેલાડીઓ માટે ખૂબ જ મહત્ત્વની સાબિત થશે. આ પ્રકારની ઇવેન્ટ્સ ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય માપદંડો મુજબ તૈયાર કરવામાં અને તેમનામાં આત્મવિશ્વાસ વધારવામાં મદદરૂપ બનશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'ખેલો ઇન્ડિયા' અને 'ખેલો ભારત'ના વિઝનને આગળ ધપાવતાં, ગુજરાત સરકારે રમતગમત માટે વિશ્વકક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કર્યું છે. રાજ્યમાં જિલ્લા સ્તરે ૩૯ સ્પૉર્ટ્સ સ્કૂલ અને સેન્ટર ઑફ એક્સેલન્સ દ્વારા પાયાના સ્તરેથી પ્રતિભાઓને શોધીને તેમને આધુનિક તાલીમ આપવામાં આવી રહી છે. ઉપરાંત, ગાંધીનગર ખાતે વર્ષ ૨૦૨૭ સુધીમાં ઍથ્લીટ્સ માટે હાઇ પર્ફોર્મન્સ સેન્ટર પણ કાર્યરત થઈ જશે.

અમદાવાદ ખાતે વર્ષ ૨૦૩૦માં કૉમનવેલ્થ ગેઇમ્સનું આયોજન થવા જઈ રહ્યું છે. ભારત વર્ષ ૨૦૩૬માં ઑલિમ્પિક ગેઇમ્સની યજમાની કરવા માટે મક્કમ નિર્ધાર સાથે આગળ વધી રહ્યું છે. વર્ષ ૨૦૨૯માં યોજાનારી 'વર્લ્ડ પોલીસ એન્ડ ફાયર ગેઇમ્સ' પણ ગુજરાતની યજમાન તરીકેની ક્ષમતામાં વધારો કરશે. આ તમામ પ્રયાસો ગુજરાતને દેશનું જ નહીં, પણ વિશ્વનું એક આદર્શ સ્પૉર્ટ્સ સ્ટેટ બનાવવા તરફ લઈ જશે.

ઇન્ટરનૅશનલ વેઇટ લિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ શ્રી મોહમદ હસન જલુદે જણાવ્યું હતું કે, ભારતને આ પ્રકારની વૈશ્વિક કક્ષાની સફળ સ્પર્ધાઓ માટે તમામ સહયોગ આપવા અમે તૈયાર છીએ. પ્રવર્તમાન યુદ્ધની પરિસ્થિતિમાં પણ ભારતે ૨૯ દેશોના ખેલાડીઓ માટે આ સફળ આયોજન કર્યું તે પ્રશંસનીય બાબત છે. આ સફળ આયોજન બદલ તેમણે કેન્દ્ર, રાજ્ય સરકાર, એશિયન વેઇટ લિફ્ટિંગ ફેડરેશન અને ઇન્ડિયન વેઇટ લિફ્ટિંગ ફેડરેશનનો આભાર માનીને ખેલાડીઓને મૅડલ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

એશિયન વેઇટલિફ્ટિંગ ફેડરેશનના પ્રમુખ શ્રી મોહમદ બિન યુસેફ અલમનાએ ચૅમ્પિયનશિપના સુંદર આયોજન બદલ આયોજકોનો આભાર માનતાં જણાવ્યું હતું કે, આપણે સૌ એશિયનો એક પરિવાર છીએ તેનું આપણને ગૌરવ હોવું જોઈએ. તેમણે એશિયન દેશોમાંથી આવેલા ખેલાડીઓને રમતમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, ચૅમ્પિયનશિપના ત્રીજા દિવસે ભારતના જ્ઞાનેશ્વરી યાદવે ૫૩ કિલો શ્રેણીમાં સ્નૅચ સેક્શનમાં સિલ્વર અને કમ્બાઇન્ડ કૅટેગરીમાં ૧૯૪ કિલો વજન ઊંચકીને બ્રોન્ઝ મૅડલ હાંસલ કર્યા હતા. જ્યારે ઇવેન્ટના ચોથા દિવસે અજિત નારાયણે ૭૧ કિલોની શ્રેણીમાં ડબલ બ્રોન્ઝ મૅડલ મેળવ્યા હતા. ભારતના હરજિન્દર કૌરે ૬૯ કિલો શ્રેણીમાં સ્નૅચ કૅટેગરીમાં બ્રોન્ઝ જીતવા સાથે મૅડલની સંખ્યાને આગળ વધારી હતી.

# દિવ્યાંગતા નહીં, હિંમત છે પાર્થની ઓળખ



**શ્રદ્ધા ટીકેશ**

"મને સ્પૉર્ટ્સ અને માણસની જિંદગી એકસમાન લાગે છે. જેમ સ્પૉર્ટ્સમાં હાર-જીત અને ઉતાર-ચઢાવ હોય, તેવી જ રીતે માણસની જિંદગીમાં પણ ઉતાર-ચઢાવ આવતા જ હોય છે. આ તો જીવનનો એક ભાગ છે. જો આ ઉતાર-ચઢાવ હોય તો જ જીવન જીવવાની સાચી મજા આવે." આ પ્રેરણાદાયી શબ્દો છે અમદાવાદના 30 વર્ષના દિવ્યાંગ, છતાં જોશીલા નવયુવાન પાર્થ કમલેશભાઈ રાવલના.

જ્યારે નિયતિ જન્મથી જ કોઈના રસ્તામાં કાંટા વેરી દે, ત્યારે મોટાભાગના લોકો નસીબને દોષ આપીને બેસી જાય છે, પણ કેટલાક લોકો એવા હોય છે જે એ કંટકોને જ કેડી બનાવી લે છે. વાત એમ છે કે, વર્ષ ૧૯૯૬માં આઠમા મહિને સેરેબ્રલ પાલ્સી નામની ગંભીર શારીરિક બીમારી સાથે પાર્થનો જન્મ થયો હતો. પાર્થ શારીરિક રીતે ૮૦ ટકા જેટલી ગંભીર દિવ્યાંગતા ધરાવે છે, જેના કારણે તેનું રોજબરોજનું જીવન સામાન્ય લોકો જેવું સરળ નથી. રોજબરોજના અસહ્ય અને અસંખ્ય પડકારો વચ્ચે પણ તેનામાં જીવન જીવવાની, કંઈક કરી બતાવવાની અદ્દભુત ધગશ અને ખુમારી ભરેલાં છે.

પાર્થ જેવા લાખો દિવ્યાંગોનાં સપનાંઓને પાંખો આપવા માટે દિવ્યાંગોના કલ્યાણ, શિક્ષણ, વિશિષ્ટ તાલીમ, રોજગારી અને સામાજિક સુરક્ષા માટે સરકાર અવિરત કાર્યરત છે. સરકારની વિવિધ પ્રોત્સાહક યોજનાઓ યુવાનો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે.

પાર્થના શિક્ષણની શરૂઆત અમદાવાદની સંસ્થા 'નૅશનલ સોસાયટી ફોર ઈક્વલ ઓપર્ચ્યુનિટીઝ ફોર હૅન્ડિકૅપ્ડ'થી થઈ અને ત્યાર બાદ આંબલિયાસણની સ્થાનિક સરકારી શાળામાં તેણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. ધોરણ ૧૦-૧૨ તેમજ સ્નાતક કક્ષાનું શિક્ષણ પાર્થે સામાન્ય બાળકો વચ્ચે રહીને પૂરું કર્યું. તેના હાથ લખવા માટે સક્ષમ નહોતા એટલે પોતાના પગના અંગૂઠાથી તેણે નસીબ કંડારવાનું શરૂ કર્યું. પાર્થ પગના અંગૂઠાથી લૅપટૉપ, મોબાઈલ અને અન્ય ઈલેક્ટ્રોનિક ગેજેટ્સનો સરળતાથી ઉપયોગ કરે છે અને ઝડપથી ટાઈપિંગ પણ કરે છે. તે છેલ્લાં ચાર વર્ષથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ (TCS)માં કન્ટેન્ટ રાઈટર તરીકે નોકરી કરીને આત્મનિર્ભર બન્યો છે. અમદાવાદની 'યુનિક ચિલ્ડ્રન ક્લબ'નો પણ તેના જીવનમાં મહત્ત્વનો સહયોગ રહ્યો છે.

પાર્થને નાનપણથી ક્રિકેટ અને અન્ય રમતોનો ભારે શોખ છે અને તે વ્યાવસાયિક સ્પૉર્ટ્સ જર્નાલિસ્ટ બનવા માગે છે. તે રમતગમત વિષયક ઊંડું રિસર્ચ કરીને વિશ્લેષણાત્મક લેખો લખે છે. રમતવીરોની સિદ્ધિઓ સહિત સ્પૉર્ટ્સના વિવિધ વિષયો પર તેણે કલમ ચલાવી છે.

પોતાની સફળતાનો યશ પાર્થ પોતાનાં માતા શિલ્પાબહેન, પિતા કમલેશભાઈ અને પરિવારને આપે છે. તે અન્ય દિવ્યાંગ બાળકોનાં માતા-પિતાને અનુરોધ કરે છે કે, દિવ્યાંગ બાળકોની આંતરિક શક્તિ અને કૌશલ્યને ઓળખીને તેમને હંમેશાં પ્રોત્સાહિત કરવાં જોઈએ.





**ખાતમુહૂર્ત :** વલસાડના ઉમરગામ તાલુકાના કલગામમાં રૂ. ૧૫ કરોડના ખર્ચે નિર્માણ પામનાર સાયન્સ કૉલેજનો ખાતમુહૂર્ત સમારોહ નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ૫૮૦૭.૦૦ ચો.મી.માં નિર્માણ પામનાર આ કૉલેજ લૅબરૂમ, ક્લાસરૂમ, સેમિનાર હૉલ, લાઈબ્રેરી, કમ્પ્યૂટર રૂમ, મલ્ટિપર્પઝ હૉલ સહિતની સુવિધાથી સજ્જ બનશે. આ કૉલેજથી ઉમરગામના કોસ્ટલ વિસ્તારનાં ૧૭ ગામને લાભ થશે.



**સમીક્ષા :** મહેસાણામાં ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જનહિતના પ્રશ્નો અને વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા કરી મંત્રીશ્રીએ અધિકારીઓને રજૂ કરવામાં આવેલા પ્રશ્નોને પ્રાથમિકતા આપી તેનું ઝડપથી નિરાકરણ લાવવા અનુરોધ કર્યો હતો. તેમજ સમસ્યાના નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

**બેઠક :** ગાંધીનગરમાં કર્મચારી રાજ્ય વીમા નિગમની ૯૩મી પ્રાદેશિક પરિષદ બેઠક શ્રમ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં કર્મચારી રાજ્ય વીમા યોજનાના અસરકારક અમલીકરણ, વીમાધારક વ્યક્તિઓને ઉપલબ્ધ આરોગ્ય સેવાઓની સમીક્ષા તેમજ વિવિધ વહીવટી અને આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.






**સ્થાપના દિવસ :** ગુજરાત ટેક્નોલૉજિકલ યુનિવર્સિટીનો ૧૯મો સ્થાપના દિવસ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાની ઉપસ્થિતિમાં ઊજવાયો. કાર્યક્રમમાં એઆઈ અને ઇમર્જિંગ ટેક્નોલૉજી સેન્ટરનું લૉન્ચિંગ, નવીન પ્રકલ્પોનું લોકાર્પણ તથા ઉત્કૃષ્ટ સંસ્થાઓ, પ્રાધ્યાપકો અને સંશોધકોનું સન્માન ઉપરાંત 'જીટીયુ લિગસી બુક' અને 'જીટીયુ સ્ટાર્ટ-અપ સ્ટોરીઝ' પુસ્તકોનું વિમોચન તેમજ રિજનલ સ્કિલ એન્ડ ઇનોવેશન હબનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું.



**પ્રારંભ :** અમરેલીમાં ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ ખોડિયાર સિંચાઈ યોજનાના કેનાલ નેટવર્કના સમારકામ અને નવીનીકરણની કામગીરીનો પ્રારંભ કરાવ્યો હતો, જે અંતર્ગત આશરે ૯૩ કિલોમીટર લાંબી ખોડિયાર સિંચાઈ યોજનાની કેનાલના લાઈનિંગ તેમજ સ્ટ્રક્ચરોનાં આધુનિકીકરણ, પુનઃસ્થાપન અને નવીનીકરણનાં કામો કુલ રૂ. ૪૪.૦૯ કરોડના ખર્ચે ૭ પૅકેજમાં હાથ ધરાશે, જેનો લાભ ખેડૂતોને પ્રાપ્ત થશે.

# 'સંડેઝ ઓન સાઇકલ' ઇવેન્ટને મળ્યો જબરદસ્ત પ્રતિસાદ



અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે 'કૉમનવેલ્થ ગેઇમ્સ ડે' અને 'ફિટ ઇન્ડિયા સંડેઝ ઓન સાઇકલ'ની ૭૫મી એડિશન નિમિત્તે ભવ્ય સાઇકલિંગ ઇવેન્ટ યોજાઈ હતી. વહેલી સવારે શરૂ થયેલા આ કાર્યક્રમમાં અમદાવાદના હજારો નાગરિકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

કેન્દ્રીય મંત્રી શ્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશના પ્રત્યેક નાગરિકનું ફિટ રહેવું અનિવાર્ય છે. સાઇક્લિંગ શરીરને ફિટ રાખવા માટે સર્વશ્રેષ્ઠ કસરત છે, સાઇકલના ઉપયોગથી પ્રદૂષણની સમસ્યાનું કાયમી નિવારણ થાય છે અને 'તેલ બચાવો અભિયાન'ને વેગ મળશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ અમદાવાદના યુવાનોના ઉત્સાહને બિરદાવતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'ફિટ ઇન્ડિયા' અભિયાન આપણા સૌના જીવનમાં સકારાત્મક બદલાવ લાવનારી આપણી પોતાની જ જન-મૂવમેન્ટ છે. સાઇક્લિંગ ઇવેન્ટ માટે અમદાવાદના યુવાનો આટલી મોટી સંખ્યામાં ઊમટી પડ્યા છે તે ખરેખર પ્રશંસનીય છે.

બોલિવૂડ અભિનેતા શ્રી આયુષ્માન ખુરાનાએ દેશમાં ક્રિકેટની સાથેસાથે અન્ય તમામ રમતો અને ખેલાડીઓને પણ પ્રોત્સાહન આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમમાં ઑલિમ્પિક વિજેતા શ્રી ગગન નારંગ, ઑલિમ્પિક ઍસોસિયેશનના શ્રી અજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો અને અમદાવાદના હજારો યુવાનો જોડાયા હતા.

# MICA સાથેના MoUથી માહિતી વિભાગના અધિકારીઓ બનશે ટેક-સેવી



ગુજરાત સરકારના માહિતી-પ્રસારણ વિભાગના કર્મયોગીઓ પણ હવે 'ન્યૂ મીડિયા' માટે તાલીમબદ્ધ થશે. તાજેતરમાં જ ગુજરાત સરકારના માહિતી અને પ્રસારણ વિભાગ હેઠળ કાર્યરત માહિતી કમિશનરની કચેરી અને સંચાર ક્ષેત્રની દેશની અગ્રણી શૈક્ષણિક સંસ્થા MICA વચ્ચે મહત્ત્વપૂર્ણ MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. માહિતી કમિશનર શ્રી કે. એલ. બચાણી અને MICA વતી ઍસોસિયેટ ડીન પ્રોફેસર શ્રી સુરેશ મલોડિયા તેમજ CDMC-MICAના ચૅર-પર્સન ડૉ. મનીષા પાઠક શેલત દ્વારા સમજૂતી-પત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

*આ MoU અંતર્ગત માહિતી વિભાગના અધિકારીઓને આધુનિક કમ્યુનિકેશન પ્રવાહોથી અવગત કરાવવા ઈફેક્ટિવ કમ્યુનિકેશન સ્ટ્રેટેજી, સ્ટેકહોલ્ડર એન્ગેજમેન્ટ, સોશિયલ મીડિયા આઉટરીચ, આર્કાઈવિંગ અને ડોક્યુમેન્ટેશન, મીડિયા એન્ડ ઈન્ફોર્મેશન લિટરસી, લીડરશિપ એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ જેવા વિવિધ વિષયો પર તાલીમ આપવામાં આવશે. માહિતી કમિશનરની કચેરી હેઠળ કાર્યરત ઈલેક્ટ્રોનિક મીડિયા ભવન, સે-૧૬ ખાતે સ્ટુડિયો સ્થાપિત કરવા માટે MICA જરૂરી ટૅક્નિકલ માર્ગદર્શન અને સહાય પૂરાં પાડશે. MICA અને માહિતી-પ્રસારણ વિભાગ વચ્ચેના સંબંધો વધુ સુદૃઢ બનાવવા સ્પેશિયલ રિલેશનશિપ મેનેજરની નિમણૂક કરવામાં આવશે. ઉપરાંત જ્ઞાનના આદાન-પ્રદાન માટે MICAના નિયુક્ત ફૅકલ્ટી સભ્ય સરકારી કચેરી ખાતે યોજાતી માસિક સમીક્ષા બેઠકમાં પણ ભાગ લેશે. આમ, MICA ગવર્નમેન્ટ કમ્યુનિકેશનને વધુ અસરકારક બનાવવામાં સહયોગી બનશે.*

## અમદાવાદ-ધોલેરા વચ્ચે ભારતનો પ્રથમ બ્રોડ-ગેજ સેમિ હાઇસ્પીડ કૉરિડોર બનશે

**નિર્ણય :** ગુજરાતને અમદાવાદ-ધોલેરા વચ્ચે ૧૩૪ કિ.મી. લાંબા બ્રોડગેજ સેમિ હાઇ-સ્પીડ કૉરિડોરની ભેટ મળશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી આર્થિક બાબતોની મંત્રીમંડળીય સમિતિ (CCEA)એ ગુજરાતને દેશનો પ્રથમ બ્રોડ-ગેજ સેમિ હાઇ-સ્પીડ રેલ કોરિડોર આપતાં અમદાવાદ (સરખેજ)- ધોલેરા સેમિ હાઇ-સ્પીડ ડબલ લાઇન રેલવે પ્રોજેક્ટને ઐતિહાસિક મંજૂરી આપી છે. રૂ.૨૦,૬૬૭ કરોડના ખર્ચવાળો આ પ્રોજેક્ટ ભારતીય રેલવેનો પ્રથમ સ્વદેશી ટૅક્નૉલોજી-આધારિત સેમિ હાઇ-સ્પીડ રેલ-પ્રોજેક્ટ હશે, જેમાં ભવિષ્યમાં 'નમો ભારત' ટ્રેનોનું સંચાલન કરવામાં આવશે.



**લાભ :** લગભગ ૧૩૪ કિલોમીટર લાંબી આ નવી ડબલ રેલ-લાઇન અમદાવાદ, ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન (SIR), આવનાર ધોલેરા આંતરરાષ્ટ્રીય વિમાનમથક તથા લોથલ ખાતે આવેલા નૅશનલ મેરિટાઈમ હેરિટેજ કૉમ્પ્લેક્સને આધુનિક રેલ-કનેક્ટિવિટી આપશે. આ પ્રોજેક્ટથી અંદાજે ૨૮૪ ગામો અને ૫ લાખથી વધુ વસ્તીને સીધો લાભ થશે. રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, ભારતના રેલવે-ઇતિહાસમાં આ પ્રોજેક્ટ એક નવી શરૂઆત છે. આ માત્ર એક રેલવે-લાઇન નથી, પરંતુ 'ન્યૂ ઇન્ડિયા'ની આધુનિક, ઝડપી અને આત્મનિર્ભર પરિવહન વ્યવસ્થાનું પ્રતીક છે.

## અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે નવી શિષ્યવૃત્તિ યોજના

**નિર્ણય:** રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ઉત્કર્ષ માટે એક અત્યંત મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન તથા સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉ.પ્રદ્યુમનભાઈ વાજાના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ (કુમારો) માટે રૂ. ૧૮ કરોડની નવી શિષ્યવૃત્તિ યોજનાને વહીવટી મંજૂરી આપી છે.

**લાભ :** અત્યાર સુધી માત્ર રૂ.૨.૫૦ લાખ સુધીની વાર્ષિક આવકમર્યાદા ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને જ કેન્દ્ર પુરસ્કૃત યોજનાનો લાભ મળવાપાત્ર હતો. જોકે, મધ્યમ વર્ગના પરિવારોના હિતને ધ્યાને રાખી મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઈ વાજાએ આ આવકમર્યાદા વધારીને રૂ.૬ લાખ કરવાનો નિર્ણય લીધો છે. હવે રૂ. ૨.૫૦ લાખથી રૂ.૬ લાખ સુધીની આવક ધરાવતા અનુસૂચિત જાતિના કુમાર વિદ્યાર્થીઓને પણ રાજ્યફંડમાંથી શિષ્યવૃત્તિ આપવામાં આવશે, જેનાથી આ વર્ષે અંદાજે ૩,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ લાભાન્વિત થશે.

ધો. ૧૦ કે ૧૨ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૦ અથવા ૧૨ની પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધોરણ-૧૨માં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ હોવા જરૂરી છે. આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ માટે ડિગ્રી કે ડિપ્લોમા સ્તરે પણ ૫૦ ટકા કે તેથી વધુ માર્ક્સનું ધોરણ જાળવવાનું રહેશે. યોજનામાં અરજીથી માંડીને તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન રહેશે.

## સિદ્ધપુર ડેન્ટલ કૉલેજના ઇન્ટર્ન ડૉક્ટરોના સ્ટાઇપેન્ડમાં વધારો

**નિર્ણય :** સિદ્ધપુર ડેન્ટલ કૉલેજ એન્ડ હૉસ્પિટલના ઇન્ટર્ન ડૉક્ટરો માટે મહત્ત્વનો નિર્ણય લેતાં રાજ્ય સરકારે માસિક રૂ. ૧૨,૦૦૦ સ્ટાઇપેન્ડની રકમને વધારીને હવે રૂ. ૨૦,૧૬૦ કરી છે.

**લાભ :** કૉલેજ દ્વારા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા સમક્ષ ઇન્ટર્ન ડૉક્ટરોને સરકારી ધોરણ મુજબ યોગ્ય સ્ટાઇપેન્ડ મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી, તે બાદ આ વધારો કરાયો હતો.

# સલામત સવારી... એસ.ટી. અમારી

**નિર્ણય :** ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરોની સુવિધામાં વધારો કરતાં અમદાવાદથી ભાવનગર તરફ જતી અને આવતી તમામ પ્રીમિયમ એ.સી. બસો હવે નવનિર્મિત 'અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ હાઈવે' ઉપરથી સંચાલિત કરવાનો નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત નવનિર્મિત 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી પણ નવી વોલ્વો સેવાનો પ્રારંભ કરાયો છે.

આ નવીન વ્યવસ્થા હેઠળ, અમદાવાદ તેમજ ભાવનગર તરફથી દૈનિક ધોરણે સવારે ૫:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ સુધી દર કલાકે સંચાલિત થતી કુલ ૨૪ ટ્રીપો, ગાંધીનગરથી દીવ અને ગાંધીનગરથી મહુવા રૂટની તમામ ટ્રીપો પણ આ નવા ધોલેરા એક્સપ્રેસ હાઈવે પરથી દોડશે. તો, કેન્દ્ર સરકાર દ્વારા નવનિર્મિત 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી પણ નવી વોલ્વો સેવાનો પ્રારંભ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સવારે ૬:૪૫ વાગ્યે નહેરુનગર (અમદાવાદ)થી સુરત અને બપોરે ૧:૦૦ વાગ્યે સુરતથી નહેરુનગર (અમદાવાદ) વચ્ચે 'નોનસ્ટોપ વોલ્વો સર્વિસ' શરૂ કરાઈ છે.

**લાભ :** સરકારના આ નિર્ણયના કારણે અમદાવાદથી ભાવનગરનું ભાડું ઘટીને હવે રૂ. ૩૩૬ થશે, જેમાં મુસાફરોને અંદાજે રૂ. ૧૫ જેટલો ભાડા-ઘટાડાનો લાભ મળશે. કેન્દ્ર સરકારે 'દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે' ઉપરથી નવી વોલ્વો સેવા શરૂ કરતાં નહેરુનગરથી સુરતનું ભાડું રૂ. ૬૮૭ નિયત કરાયું છે, જેનાથી મુસાફરોને અંદાજે રૂ. ૬૧ જેટલો ફાયદો મળશે.

# કામરેજમાં અદ્યતન શિક્ષણ સુવિધા

**નિર્ણય :** સુરત પાસે કામરેજમાં રાજ્ય સરકાર દ્વારા નવી હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરી શાળાના નિર્માણ માટે અંદાજે ૪,૦૦૦ ચો. મીટર જમીન ફાળવીને આધુનિક શાળા-ભવનના નિર્માણ માટે રૂ.૬ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે, જેમાં ધો.૧૨ સુધીનું શિક્ષણ નિઃશુલ્ક ઉપલબ્ધ થશે.

**લાભ :** આરોગ્ય રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયાએ વરિષ્ઠ આગેવાનો, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતના સભ્યો અને અધિકારીઓ સાથે પ્રસ્તાવિત શાળાના નિર્માણસ્થળની રૂબરૂ મુલાકાત લઈને આ દિશામાં આયોજન અંગે સ્થાનિક પદાધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્થાનિક મધ્યમવર્ગીય અને શ્રમિક પરિવારોનાં સંતાનોને ઘરઆંગણે જ ધોરણ-૧૨ સુધીનું નિઃશુલ્ક, શ્રેષ્ઠ અને ગુણવત્તાસભર શિક્ષણ ઉપલબ્ધ બનશે.

# કૃષિ સાધન-સહાયની રકમમાં વધારો

**નિર્ણય :** રાજ્યમાં ખેડૂતોની રજૂઆતોને ધ્યાને લઈ કિસાન પરિવહન યોજના હેઠળ 'સનેડો' તરીકે ઓળખાતા 'રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટિપર્પઝ ટૂલ બાર' કૃષિસાધનની ખરીદી માટે ખેડૂતોને આપવામાં આવતી સહાયમાં વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ આ મહત્ત્વની જાહેરાત કરી છે.

**લાભ :** હવે રાજ્યના સામાન્ય વર્ગના ખેડૂતોને સનેડાની ખરીદી માટે કુલ ખર્ચના ૪૦ ટકા અથવા મહત્તમ રૂ. ૬૦,૦૦૦ની સહાય મળશે. જ્યારે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાન્ય વર્ગના નાના અને સીમાંત ખેડૂતો તથા મહિલા ખેડૂતોને સનેડાની ખરીદી પર કુલ ખર્ચના ૫૦ ટકા અથવા મહત્તમ રૂ. ૭૫,૦૦૦ની સહાય મળશે, વાહન ખરીદ્યા બાદ આગામી ૨ વર્ષ સુધી તેનું વેચાણ કરી શકાશે નહીં, તેમજ તેમાં પૅસેન્જર પરિવહન માટે કોઈ ફેરફાર કરી શકાશે નહીં.

# વિકાસનાં કામોમાં વતનપ્રેમીઓ સરકારને સહાયરૂપ બનશે

**નિર્ણય :** રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોની પ્રજાના લાભાર્થે અનેક વિકાસકાર્યો તથા જનહિતલક્ષી કાર્યો હાથ ધરવા માટે લેવાયેલા મહત્ત્વના નિર્ણયમાં 'વતનપ્રેમ યોજના'માં કેટલાક લોકોપયોગી સુધારા-વધારા કરવાનો નિર્ણય લેવાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં કેટલાક અગત્યના નિર્ણયો લેવાયા હતા. 'વતનપ્રેમ યોજના'માં જન્મભૂમિની સેવામાં ઉદાર દાતાઓનાં દાન અને રાજ્ય સરકારના અનુદાનના સંગમથી ગામડાઓમાં ઉત્તમ જનસુવિધાઓ ઊભી કરાશે. આ સુધારા બાદ હવે કોઈ પણ વ્યક્તિ, સંસ્થા, ટ્રસ્ટ કે મંડળ આ યોજના હેઠળ દાન આપી શકશે. તેમાં વિકાસકાર્યોને 'A' અને 'B' એમ બે શ્રેણીમાં વિભાજિત કરાયાં છે, જેમાં શ્રેણી-Aનાં કામોમાં સરકાર ૬૦ ટકા અને દાતાશ્રીએ ૪૦ ટકા ફાળો આપવાનો રહેશે; જ્યારે શ્રેણી - Bનાં કામોમાં સરકાર ૪૦ ટકા અને દાતાશ્રીએ ૬૦ ટકા ફાળો આપવાનો રહેશે.

**લાભ :** 'વતનપ્રેમ યોજના'માં કરાયેલા સુધારા બાદ રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં સરકારી શાળાના સ્માર્ટ ક્લાસરૂમ, કમ્પ્યૂટર લૅબ, લાઈબ્રેરી, પ્રાથમિક-સામૂહિક આરોગ્યકેન્દ્ર, પશુ-દવાખાનાં, આંગણવાડી, મધ્યાહ્ન ભોજનનું રસોડું અને શેડ, ગામના આંતરિક રસ્તા, સીસીટીવી કૅમેરા સિસ્ટિમ, વેસ્ટ વૉટર ટ્રીટમેન્ટ ફૅસિલિટી વગેરે અનેક સુવિધાઓ ઊભી કરાશે.

# શેરડીના ભાવને મળી સત્તાવાર મંજૂરી



**મંજૂરી :** વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૧૪-૧૫ દરમિયાન ખાંડ મંડળીઓએ શેરડી પકવતા ખેડૂતોને ચૂકવેલા શેરડીના ભાવને રાજ્ય સરકારે સત્તાવાર મંજૂરી આપી છે. આ નિર્ણયથી ગુજરાતની ખાંડ સહકારી મંડળીઓને અંદાજિત રૂ. ૧,૫૦૦ કરોડનો મોટો આર્થિક ફાયદો થશે, જેનો સીધો લાભ બે લાખથી વધુ ખેડૂતોને થશે.

**મહત્તમ લાભ :** દેશની ખાંડ મંડળીઓ સામાન્ય રીતે શેરડી પકવતા ખેડૂતોને ભારત સરકાર દ્વારા નક્કી કરવામાં આવતા એફ.આર.પી. (ફેર એન્ડ રેમ્યુનરેટિવ પ્રાઈઝ) મુજબના ભાવો ચૂકવતી હોય છે. ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓએ માત્ર ખાંડ જ નહીં, પરંતુ મોલાસિસ, ઈથેનોલ અને કો-જનરેશન દ્વારા વીજ ઉત્પાદન સહિતની વિવિધ બાય-પ્રોડક્ટ્સમાંથી પ્રાપ્ત થતી આવકનો મહત્તમ લાભ પણ ખેડૂતો સુધી પહોંચાડ્યો છે.

**સુધારો :** સહકાર મંત્રાલયના પ્રયાસોથી વર્ષ ૨૦૨૩માં ઈન્કમટેક્સ કાયદાની જોગવાઈઓમાં કરવામાં આવેલા સુધારા મુજબ, રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરાયેલા શેરડીના ભાવોને ઈન્કમટેક્સના હેતુ માટે માન્યતા આપવાની કાયદાકીય જોગવાઈ કરવામાં આવી હતી.

**સમિતિની રચના :** કેન્દ્રીય સહકાર મંત્રાલયે કરેલા આ સુધારાના અનુસંધાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજ્ય કક્ષાએ ભલામણો કરવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ આપેલા અહેવાલ અને ભલામણોનો હકારાત્મક પ્રતિસાદ આપતાં ખેડૂતોને ચૂકવાયેલા શેરડીના ભાવોને સત્તાવાર મંજૂરી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર સહકારી ક્ષેત્ર અને ખેડૂતોનાં હિતોની સુરક્ષા માટે સંપૂર્ણ કટિબદ્ધ છે. રાજ્યની ખાંડ સહકારી મંડળીઓ હાલમાં બે લાખથી વધુ શેરડી ઉત્પાદક ખેડૂતોને સીધી ચુકવણી કરીને ખેડૂતોના આર્થિક સશક્તીકરણમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

# અટલવાડી યોજના થશે સાકાર

**નિર્ણય :** ગ્રામજનોની સુખાકારીમાં વધારો કરતી "અટલવાડી યોજના"ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી હતી. "અટલવાડી યોજના" માટે રાજ્ય સરકાર દ્વારા ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૬૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**લાભ :** પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ગામડાઓમાં સામાજિક અને જાહેર પ્રસંગો એક છત હેઠળ થઈ શકે તે પ્રકારની ૫૦૦ લોકોની ક્ષમતા ધરાવતી "અટલવાડી" બનાવવામાં આવશે. અટલવાડીમાં આર્ક-શેડ સહિતનો મોટો ઓપન હૉલ, રસોડું, મહિલા અને પુરુષો માટેનાં શૌચાલય અને પીવાના શુદ્ધ પાણીની પ્રાથમિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવશે. રાજ્યમાં ૨,૦૦૦થી વધુ વસ્તી ધરાવતાં ગામોને આ યોજનાનો લાભ મળશે.

આ નિર્ણયથી ગામડાના સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને લગ્નપ્રસંગ, સામાજિક કે ધાર્મિક મેળાવડા માટે વાજબી ભાડામાં આધુનિક સુવિધા મળી રહેશે. અટલવાડી યોજના હેઠળ પોતાના ગામમાં જ સુવિધા મળવાથી નાગરિકોના ખર્ચમાં પણ મોટી બચત થશે. આ ઉપરાંત કુદરતી આપત્તિ, વાવાઝોડું, અતિવૃષ્ટિ સમયે શેડનો ઉપયોગ શેલ્ટર હોમ તરીકે પણ કરી શકાશે. આપત્તિ સમયે આ ભૌતિક માળખું ગ્રામજનો માટે સુરક્ષિત 'શેલ્ટર હોમ' તરીકે ઉપયોગમાં લઈ શકાશે. અટલવાડીનો લાભ ગામના તમામ નાગરિકોને કોઈ પણ ભેદભાવ વિના સમાન રીતે મળશે, જેથી પરસ્પર સહયોગ અને સામાજિક સમરસતા પણ વધશે.

સંપાદન સહયોગ : સમાચાર, ગાંધીનગર

# આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળામાં ભારતનો ગૌરવવંતો પ્રભાવ

દક્ષિણ અમેરિકાના કોલંબિયાના પાટનગર બોગાટા ખાતે ૩૮મા આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળામાં ભારતને 'ગેસ્ટ ઑફ ઑનર' તરીકે મળેલું સન્માન સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ બની ગયું હતું.

આ મેળામાં ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભારતના શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાનના માર્ગદર્શન હેઠળ ભારતના શિક્ષણ મંત્રાલય દ્વારા અને કોલંબિયાના ભારતીય દૂતાવાસના સહયોગથી નૅશનલ બુક ટ્રસ્ટ ઑફ ઈન્ડિયાના ઉપક્રમે ભારતના પ્રતિનિધિમંડળે દક્ષિણ એશિયાઈ દેશ તરીકે પોતાની સાહિત્યિક અને સાંસ્કૃતિક સમૃદ્ધિઓની પ્રસ્તુતિ કરી હતી.

આ ભવ્ય આયોજનમાં ગુજરાતી સાહિત્યનું ગૌરવ વધારનાર સુપ્રસિદ્ધ કવયિત્રી અને વિવેચક ડૉ. ઉષા ઉપાધ્યાયે



ભારતીય પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું. કાવ્ય, વિવેચન, સંશોધન, બાળસાહિત્ય અને અનુવાદ જેવાં અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર ડૉ. ઉષા ઉપાધ્યાયે પોતાનાં જ્ઞાન અને સર્જનાત્મકતા દ્વારા આંતરરાષ્ટ્રીય મંચ પર સૌનાં દિલ જીતી લીધાં. 'ભારતીય સાહિત્યના સાંપ્રત પ્રવાહો', 'બહુભાષી કવિસંમેલન', 'ભારતીય સંત કવયિત્રીઓ' અને 'સમાપન સત્ર' જેવા વિવિધ કાર્યક્રમોમાં તેમની અસરકારક ઉપસ્થિતિએ ગુજરાતી ભાષાની સુગંધ વિશ્વભરમાં પ્રસરાવી દીધી હતી.

આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળા સાથે ભારતના પેવેલિયન 'ભારત મંડપમ્'નું ઉદ્ઘાટન કોલંબિયાના સંસ્કૃતિ, કળા અને જ્ઞાન મંત્રાલયના મંત્રી યાનોઈ ફ્રોનરોડોનાના વરદ હસ્તે થયું હતું. આ પેવેલિયનમાં યોજાયેલા કાર્યક્રમોનો લાભ લગભગ ત્રણ લાખથી પણ વધારે મુલાકાતીઓએ લીધો હતો. આ વિશ્વ પુસ્તકમેળામાં ભારતીય સંસ્કૃતિ તેમજ ગુજરાતની સાહિત્યધારાને સૌએ મન ભરીને માણી હતી.

# જળવ્યવસ્થાપનમાં રાષ્ટ્રીય સ્તરે મોરબીની સિદ્ધિ



'જળ એ જ જીવન'ના મંત્રને સાર્થક કરતાં, મોરબી જિલ્લાના લક્ષ્મીવાસ ગામે જળ-વ્યવસ્થાપન અને વિતરણના ક્ષેત્રમાં રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ હાંસલ કરી છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા 'જલ-મહોત્સવ-૨૦૨૬'માં મોરબીના લક્ષ્મીવાસ ગામને તેની આધુનિક અને સુઆયોજિત જળ-વિતરણ વ્યવસ્થા માટે રાષ્ટ્રપતિ શ્રી દ્રૌપદી મુર્મુજીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય કક્ષાનું સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી. આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. મોરબી જિલ્લાને મળેલું આ રાષ્ટ્રીય બહુમાન રાજ્ય સરકારના ત્રણ મહત્ત્વના વિભાગોના પરસ્પર સંકલનનું ઉત્કૃષ્ટ પરિણામ છે. 'વાસ્મો' દ્વારા લોકજાગૃતિ અને આંતરિક માળખું, GWIL દ્વારા બલ્ક પાઈપલાઈન નેટવર્ક અને પાણી પુરવઠા વિભાગના ટૅક્નિકલ માર્ગદર્શનના ત્રિવેણી સંગમે લક્ષ્મીવાસને આ ગૌરવ અપાવ્યું છે.

# સરકારના સહયોગથી જળક્રાંતિ

છેલ્લાં ત્રણ વર્ષમાં રાજ્યમાં જળાશયોની મજબૂતી અને પાણી સંગ્રહ-ક્ષમતા વધારવા માટે નોંધપાત્ર કામગીરી હાથ ધરાઈ છે. વર્ષ ૨૦૨૨-૨૩થી ૨૦૨૪-૨૫ દરમિયાન ૨૦૩ લાખ ઘન મીટર માટીકામના આયોજન સામે ૨૨૧.૩૭ લાખ ઘન મીટર માટીકામ પૂર્ણ કરી જળસંપત્તિ વિભાગે સિદ્ધિ મેળવી છે. સાથે જ ૧૨૩ લાખ ચો.મી. વિસ્તારમાંથી બિનઉપયોગી વનસ્પતિ દૂર કરવામાં આવી હતી. ત્રણ વર્ષમાં કુલ ૧,૪૭૪ સાઈટ ઉપર ૮૮થી ૯૬ મશીનો દ્વારા કામગીરી પૂર્ણ થઈ હતી. જળસંપત્તિ રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, આગામી વર્ષોમાં પણ આધુનિકીકરણ અને ટૅક્નૉલૉજીના માધ્યમથી સિંચાઈ યાંત્રિક વિભાગ ગુજરાતને વૉટર સરપ્લસ રાજ્ય બનાવવાની દિશામાં અગ્રેસર રહેશે.

# આદિવાસી સંસ્કૃતિનાં પવિત્ર ભીંતચિત્રો 'પીઠોરા'ને મળ્યું GI પ્રમાણપત્ર



ગુજરાતની સાંસ્કૃતિક વિવિધતામાં આદિવાસી કલા અને સંસ્કૃતિનો ફાળો અમૂલ્ય છે. તેમનાં ગીતો, મેળા, નૃત્યો, વાજિંત્રો ભારત અને ગુજરાતની સાંસ્કૃતિક સમૃદ્ધિમાં વધારો કરે છે. મધ્ય ગુજરાતમાં આવેલા છોટાઉદેપુર જિલ્લાની પરંપરાગત ચિત્રકલા 'પીઠોરા'ને ભારત સરકાર દ્વારા તા.૧૪.૦૯.૨૦૨૧ના રોજ હસ્તકલાની વસ્તુઓ માટે GI Tag એનાયત કરવામાં આવી. તે માટે 'રાઠવા આદિવાસી સમુદાય ટ્રસ્ટ' તરફથી છોટાઉદેપુરથી તા. ૨૩.૦૧.૨૦૧૯ના રોજ અરજી કરવામાં આવી હતી.

કોઈ પણ પ્રોડક્ટને જી.આઈ. ટેગ ત્યારે જ મળી શકે જ્યારે તેવું સાબિત થઈ શકે કે જે-તે અરજી કરવામાં આવેલી વસ્તુ ચોક્કસ ભૌગોલિક વિસ્તારની જ વિશિષ્ટતા છે. પીઠોરા માટે આ સાબિત કરવું અઘરું હતું; કારણ કે, મધ્યપ્રદેશના કેટલાક સરહદી વિસ્તારોમાં પણ ભીંતચિત્રો દોરવામાં આવે છે. આ કલા માત્ર ગુજરાતના ચોક્કસ ભૌગોલિક વિસ્તાર છોટાઉદેપુરની જ છે, તેવું સાબિત કરવા માટે સરકાર અને સ્થાનિક આદિવાસી પરિવારો સંગઠિત બન્યાં હતાં. જૂના ફોટોગ્રાફ્સ, પુસ્તકોના સંદર્ભો અને કલાકારોની વંશાવલી રજૂ કરવાની અગત્યની કામગીરી છોટાઉદેપુર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવી.

રેખાઓ અને કુદરતી રંગોના મિશ્રણથી તૈયાર થતું 'પીઠોરા' ચિત્ર, એ છોટાઉદેપુર અને પાવી જેતપુર વિસ્તારના રાઠવા આદિવાસી સમુદાયની આસ્થા અને પરંપરાનું પવિત્ર પ્રતીક છે.

રેખાઓ અને કુદરતી રંગોના મિશ્રણથી તૈયાર થતું 'પીઠોરા' ચિત્ર, છોટાઉદેપુર અને પાવી જેતપુર વિસ્તારના રાઠવા આદિવાસી સમુદાયની આસ્થા અને પરંપરાનું પવિત્ર પ્રતીક છે. આ પરિવારોમાં જ્યારે કોઈ શુભ પ્રસંગ હોય અથવા કોઈ મનવાંછિત ઇચ્છા પૂરી થાય ત્યારે ઘરની મુખ્ય દીવાલ પર 'બાબા પીઠોરા'નાં કલાત્મક ચિત્રો ચોક્કસ ભાતમાં પ્રાકૃતિક રંગોથી તૈયાર કરવામાં આવે છે. આ ચિત્રો દોરનારા કલાકારોને 'લખારા' કહે છે.

- પીઠોરા ચિત્રોમાં મુખ્ય આકૃતિ તરીકે ઘોડાનું વિશેષ મહત્ત્વ છે.
- પીઠોરા દેવ, પિઠોરી દેવી અને અન્ય દેવી-દેવતાઓને ઘોડા પર સવાર બતાવવામાં આવે છે.
- પાંદડાં, ફૂલો અને ખનિજોમાંથી બનેલા કુદરતી રંગોનો આ ચિત્રો માટે ઉપયોગ થાય છે.
- રંગોને દૂધ અને મહુડાના અર્ક સાથે ભેળવવામાં આવે છે અને વાંસની કુમળી પીંછી વડે તે દોરાય છે.
- તેમનાં ચિત્રોમાં સૂર્ય, ચંદ્ર, ખેતી, પશુ-પંખીઓ અને આદિવાસી મેળાઓ જેવી રોજબરોજની પ્રવૃત્તિઓનાં નિરૂપણ હોય છે.



આદિવાસી સમાજનાં રાઠવા ભાઈ-બહેનોને GI Tag મળતાં સુરક્ષિતતાનો અનુભવ થઈ રહ્યો છે.

- આ ટેગ મળતાં જ પીઠોરા ચિત્રકલાના નામે થતી નકલ કે બનાવટી વેચાણ પર રોક લાગી.
- સ્થાનિક લખારાઓની આર્થિક સ્થિતિ મજબૂત બની.
- આ વિસ્તારમાં પ્રવાસન ક્ષેત્રે 'આર્ટ ટૂરિઝમ'ને પણ વેગ મળ્યો.
- આવનારી પેઢીઓ સુધી આ વારસાની જાળવણીની કામગીરીને પણ પ્રોત્સાહન મળ્યું.

# શ બ્દ ર મ ત

**અરુણા ડાવરા**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ડાં | સ | યા | મું | જે | સા | વા | ડા | ભી |
| ગ | ભી | જી | જો | ડા | બ | હ | ળ | લ |
| દ | લ | સ | રિ | બિ | ર | સા | પ | સે |
| ત | ળા | વિ | યા | તિ | કાં | ડાં | ડી | વા |
| ળા | જે | સા | પ | જી | ઠા | ખે | જો | મં |
| સી | મં | ળ | ર | ડી | રા | જ | રિ | ડ |
| હા | હ | વા | મે | મી | હા | વ | યો | ળ |
| મી | રા | ળ | શ્વ | બિ | ર | સા | મું | ડા |
| ડાં | ગ | દ | ર | બા | ર | યા | જા | શ્વ |

સમૃદ્ધ વારસો ધરાવતા આદિવાસીઓ ગુજરાતનું ગૌરવ છે. સ્વતંત્રતા સંગ્રામમાં તેમનો ફાળો અવિસ્મરણીય રહ્યો છે. ભગવાન બિરસા મુંડા અને અન્ય આદિવાસી સ્વાતંત્ર્યવીરોની ગાથા જન-જન સુધી પહોંચે તે હેતુથી લેખક-સંશોધક ડૉ. અરુણ વાઘેલાએ 'આઝાદીના જંગમાં ગુજરાતનો આદિવાસી રંગ' પુસ્તકમાં નામી-અનામી આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓની શૌર્યગાથા સરળ ભાષામાં રજૂ કરી છે. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત આ પુસ્તકના આધારે શબ્દરમત તૈયાર કરવામાં આવી છે.

૧. વર્ષ - ૧૮૩૮માં જન્મેલા મહાન આદિવાસી ક્રાંતિકારી કોણ હતા?
૨. આદિવાસી ઉત્કર્ષ માટે વર્ષ -૧૯૪૨માં ક્યા પ્રોજેક્ટનો પ્રારંભ થયો હતો?
૩. 'દઢવાવ' કયા જિલ્લામાં આવેલું છે?
૪. ........ની ૧૫૦મી જન્મજયંતીને 'જનજાતીય ગૌરવ વર્ષ' તરીકે ઊજવવામાં આવે છે.
૫. વર્ષ-૧૮૮૫માં ભરૂચના ....... આદિવાસીઓનો બ્રિટિશ શાસન સામે બળવો થયો હતો.
૬. વર્ષ -૧૯૩૮માં બારડોલીમાં ગાંધીજી અને સરદાર પટેલની ઉપસ્થિતિમાં '....... મુક્તિ'ની જાહેરાત થઈ હતી.
૭. વર્ષ -૧૯૩૪ માં આદિવાસીઓ માટે ફરજિયાત શિક્ષણ .......ગાયકવાડે દાખલ કર્યું હતું.
૮. ૧ ડિસેમ્બર, ૧૯૨૨ના રોજ દાહોદ ખાતે કઈ સંસ્થાની સ્થાપના થઈ હતી?
૯. વર્ષ -૧૮૪૩ માં શરૂ થયેલો ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત સમાન ઉત્સવ કયો છે?
૧૦. વર્ષ ૧૯૨૩માં ભીલ સેવામંડળ દ્વારા ક્યાં શરૂ થયેલી કેળવણી ખાસ કરીને કન્યાઓ માટે હતી?

1. જોરિયા પરમેશ્વર, 2. મીરાખેડી, 3. સાબરકાંઠા, 4. બિરસા મુંડા, 5. તળાવિયા 6. હળપતિ, 7. સયાજીરાવ, 8. ભીલ સેવામંડળ, 9. ડાંગ દરબાર, 10. જેસાવાડા

# જમ્યા બાદ ચાલવું કેટલું યોગ્ય?

**ડૉ. શીતલ ભાગીયા**

જમીને તરત ચાલવાથી પાચન સારી રીતે થાય છે અને ખોરાક સારી રીતે પચી જાય છે એવી ખોટી માન્યતાને કારણે આજકાલ ઘણા લોકો ખાસ કરીને રાત્રે વાળુ પછી ટાઈમ કાઢીને ચાલવા નીકળે છે અથવા તો જિમના સભ્ય બન્યા હોય તો રાત્રે જમીને જિમમાં પહોંચી જાય છે પરંતુ તે બિલકુલ યોગ્ય નથી.

આયુર્વેદ અનુસાર, જમ્યા પછીના સમયમાં શરીરમાં થોડો કફ વધે છે અને થોડું આળસ જેવું લાગે છે, થોડા સમય માટે અન્ય કામ કરવાની ઈચ્છા પણ નથી થતી; કારણ કે, જમ્યા પછી તુરંત જ શરીર તે ખાધેલા ખોરાકને પચાવવાના કામમાં વ્યસ્ત બને છે અને તે કામ કરવા માટે આપણા પાચનતંત્રને વધારે લોહીની જરૂર પડે છે; એટલા માટે પાચનના તે સમય દરમિયાન શરીરનાં બાકીનાં અંગોને મળતો લોહીનો પ્રવાહ તરત પાચનતંત્રનાં અંગો તરફ પહોંચાડે છે, જેને વૈજ્ઞાનિક ભાષામાં postprandial hyperemia કહેવાય છે. જો આ સમય દરમિયાન જ ચાલવાની કે બીજી કોઈ પણ કસરત કે પ્રવૃત્તિ કરવામાં આવે તો થોડો રક્તનો પ્રવાહ એ તરફ પણ જવાથી પાચનતંત્રને જરૂરિયાત અનુસાર લોહી મળી શકતું નથી, જેથી પાચનની પ્રક્રિયા મંદ થઈ જાય છે.

આયુર્વેદમાં મંદ અગ્નિને જ બધા રોગોનું મૂળ કહેવામાં આવ્યો છે, એટલે જ આયુર્વેદમાં જમ્યા પછી ચાલવા કે કસરત જેવી શારીરિક ક્રિયાઓની એક મુહૂર્ત, એટલે કે ૪૮ મિનિટ સુધી મનાઈ કરવામાં આવેલી છે. અષ્ટાંગ યોગમાં પણ બધાં જ આસન ભૂખ્યા પેટે, એટલે કે સવારે કરવાનું કહ્યું છે. એકમાત્ર વજ્રાસન જમીને કરી શકાય છે.



જમ્યા પછી થોડું આરામથી બેસવું અથવા વજ્રાસનમાં બેસવું. આળસ ઊતરી જાય પછી માત્ર ૧૦૦ પગલાં ચાલવું. ત્યાર બાદ ડાબા પડખે થોડું આડા પડવું. જમ્યા પછી તરત સૂઈ જવું કે સ્નાન કરવું નહીં; કારણ કે, તે મંદાગ્નિનું કારણ બને છે. ખોરાક પચવામાં અંદાજે ૪૫ મિનિટથી ૧.૫ કલાક લાગે છે, તેથી ભારે પ્રવૃત્તિ ટાળવી હિતાવહ છે.

# મહાસાગર
# ‘બ્લૂ લંગ ઑફ ધ અર્થ’

> મહાસાગર માનવસર્જિત $CO_2$નો 25-30% ભાગ અને વધારાની ગરમીનો આશ્ચર્યજનક 90% ભાગ પોતાનામાં શોષે છે.

**બેલા મહેતા**

પર્યાવરણીય સંકટની સાથોસાથ ઊભું થયેલું માનવજાતિનું સહિયારું, સૌથી મોટું અને વૈશ્વિક સંકટ એટલે કાર્બનડાયોક્સાઇડ ($CO_2$). તેની વધતી માત્રાથી વાતાવરણમાં ક્લાઈમેટ ચેન્જની સમસ્યા વધુ વિકટ બની રહી છે. આ સમસ્યાના નિરાકરણ તરીકે આપણે લીલાંછમ જંગલો તરફ જઈએ તે સ્વાભાવિક છે, પરંતુ આ જંગલો તરફ જતાં પહેલાં આપણા મહાસાગરો, દરિયાદેવ કે ‘ધ બ્લૂ સી’નો ઋણસ્વીકાર કરીએ તે પણ જરૂરી છે.

‘કાર્બનડાયૉક્સાઇડને દૂર કરનારા પૃથ્વી પરના ત્રણ સૌથી મોટા કુદરતી ‘વૅક્યૂમ ક્લીનર્સ’ કયાં?’ ૧. ‘વૈશ્વિક મહાસાગર’, જે માનવસર્જિત કાર્બનડાયોક્સાઇડના કુલ ઉત્સર્જનના લગભગ ૨૫થી ૩૦ ટકા અને ગ્રીનહાઉસ વાયુઓ દ્વારા ઉત્પન્ન થતી વધારાની ગરમીનો આશ્ચર્યજનક ૯૦ ટકા જેટલો ભાગ પોતાનામાં શોષે છે. ૨. ‘જંગલો’ અને ૩. ‘જમીન’. કાર્બનની શોષણક્રિયાના ખરા વિજેતા બ્લૂ રંગથી સજ્જ આપણા મહાસાગરો પોતાનું કાર્ય કરી રહ્યા છે. પૃથ્વીના ૭૦%થી વધુ હિસ્સાને આવરી લેતો વૈશ્વિક મહાસાગર આપણો સૌથી મોટો કાર્બન-શોષક છે. આખરે ‘મહાસાગર આ કાર્ય કેવી રીતે કરે છે?’ ખરેખર મહાસાગર બે અદૃશ્ય પદ્ધતિઓ દ્વારા કાર્બનને દૂર કરે છે.

દરિયાઈ સપાટી પર મહાસાગર એક વિશાળ ‘સ્પોન્જ’ની જેમ કામ કરે છે. સામાન્ય ડિફ્યુઝન દ્વારા $CO_2$ વાયુ પાણીમાં ઓગળી જાય છે. આ પ્રક્રિયા ઠંડા, ધ્રુવીય પ્રદેશોમાં સૌથી વધુ અસરકારક હોય છે; કારણ કે, ગરમ પાણીની સરખામણીમાં ઠંડું પાણી નોંધપાત્ર રીતે વધુ વાયુ સમાવી શકે છે. જેમ એ ઠંડું તેમ એ કાર્બનથી ભરપૂર સપાટીનું પાણી ઘટ્ટ બને છે અને ઊંડા સમુદ્રમાં ડૂબી જાય છે, જેને 'ઊંડા પાણીની રચના' કહે છે. તે તેની સાથે કેદ થયેલા કાર્બનને પણ સમુદ્રના તળિયે લઈ જાય છે. એકવાર સમુદ્રના અગાધ ઊંડાણમાં સ્થિર થઈ ગયા પછી આ કાર્બન સદીઓ સુધી વાતાવરણથી દૂર થઈ જાય છે.

કાર્બનના શોષણની પ્રક્રિયાની બીજી રીત એટલે જૈવિક પંપ તરીકેની અલાયદી કામગીરી, જે Phytoplankton તરીકે ઓળખાતી સૂક્ષ્મ દરિયાઈ વનસ્પતિ દ્વારા થાય છે. નાના દરિયાઈ જીવોથી લઈને વિશાળ બ્લૂ વ્હેલ સુધીના દરિયાઈ જીવો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખોરાક માટે ફાઇટોપ્લાન્કટોન પર જ આધાર રાખે છે. ફાઇટોપ્લાન્કટોન પણ સૂર્યપ્રકાશ, પાણી અને કાર્બનડાયૉક્સાઇડનો ઉપયોગ કરીને પ્રકાશ-સંશ્લેષણ કરે છે. તે પૃથ્વી પરના કુલ ઑક્સિજનના ૫૦%થી વધુ ઑક્સિજનનું ઉત્પાદન કરે છે. આ જીવો જ્યારે મૃત્યુ પામે ત્યારે તેમના શરીરમાં એકત્રિત થયેલો કાર્બન-સમૃદ્ધ જૈવિક પદાર્થ અંધારિયા સમુદ્રના તળિયે ડૂબી જાય છે. આ પ્રક્રિયામાં અબજો ટન કાર્બન હજારો વર્ષો સુધી દરિયાઈ કાંપમાં ધરબાઈ રહે છે.



### મહાસાગર આપણને શું આપે છે?

- વાતાવરણમાં $CO_2$ અને વધારાની ગરમીનું શોષણ કરે છે.
- પૃથ્વીના કુલ ઑક્સિજનનો 50%થી વધુ ભાગ પૂરો પાડે છે.
- જૈવવિવિધતા અને દરિયાઈ જીવનને આશ્રય આપે છે.
- પર્યાવરણને સંતુલિત રાખે છે.
- માનવજાતને ખોરાક, દવાઓ અને આર્થિક સ્રોતો પૂરા પાડે છે.

> મહાસાગર - પૃથ્વીનું બ્લૂ લંગ છે. તે આપણા માટે શાંતિથી શ્વાસ લઈને આપણને જીવવા યોગ્ય વાતાવરણ આપે છે. ચાલો, આપણે મહાસાગરોને સ્વચ્છ, સુરક્ષિત અને સજીવ રાખવાનો સંકલ્પ લઈએ.

# મૅથ્સ પાર્ક


## પંચમહાલમાં ગણિતનો અનોખો બગીચો !

**વિશાલ કડિયા**

સામાન્ય રીતે ગણિતનું નામ પડતાં જ ઘણા વિદ્યાર્થીઓના મનમાં મૂંઝવણ અને ભય પેદા થતાં હોય છે. બાળકોમાં ગણિતનો ડર હોવો એ સામાન્ય બાબત છે. ગણિત એક એવી સીડી છે જેમાં દરેક પગથિયું તેના અગાઉના પગથિયા પર આધારિત હોય છે. જો બાળકોનો ગણિતનો પાયો જ કાચો રહી જાય તો આગળ જતાં મુશ્કેલ દાખલાઓ ગણવામાં મુશ્કેલી આવે તે સહજ બાબત છે.

પંચમહાલના ગોધરા તાલુકાના નવા નદીસર ગામની પ્રાથમિક શાળાએ બાળકોના ગણિતના ડરને દૂર કરવા એક નવતર પહેલ આરંભી છે. આ શાળાએ 'મૅથ્સ પાર્ક' (ગણિતનો બગીચો) તૈયાર કર્યો છે. ઉચ્ચ શિક્ષણમાં 'સ્ટાન્ડર્ડ મૅથ્સ'ની પસંદગી કરનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધે તે માટે વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યેની રુચિ અને પાયાની સમજણ વિકસાવવાનો પ્રયાસ કર્યો છે. શાળાના આચાર્ય અને શિક્ષકોએ સાથે મળીને ગણિતને માત્ર બ્લૅકબોર્ડ પર નહીં, પણ મેદાન પર રમતાં-રમતાં શિખવાડવાનો પ્રયત્ન કરવાનું નક્કી કર્યું.










### મૅથ્સ પાર્કની ખાસિયતો

- ધાતુની સંખ્યારેખા પર ચાલીને પૂર્ણાંકો, ધન અને ઋણ પૂર્ણાંકોની સમજ.
- એબેકસ (મણકા ઘોડી) દ્વારા ગણતરી અને સ્થાનમાનની સમજ
- વિશાળ કદમાં વિવિધ ભૌમિતિક આકારો અને ખૂણાઓ દ્વારા ભૂમિતિની સમજ
- સાપ-સીડી જેવી રમતો દ્વારા પાયાની ગણિતીય ક્રિયાઓનો આનંદપૂર્વક અભ્યાસ
- ધાતુની પટ્ટીઓ દ્વારા માપન ક્રિયાની સમજ

આ નવતર પ્રયોગ દ્વારા મૅથ્સ પાર્કમાં ગણિતના અઘરા સિદ્ધાંતોને વિદ્યાર્થી સમક્ષ રજૂ કરવામાં આવ્યા છે. આ શાળાના વિદ્યાર્થીઓ સીધા નોટબુક પર પૂર્ણાંકો કરતાં પહેલાં ધાતુની 'સંખ્યારેખા' પર ચાલીને ધન અને ઋણ પૂર્ણાંકો શીખે છે. શાળાના મેદાનમાં જ એબેકસ (મણકા ઘોડી), વિવિધ ખૂણાઓ અને ભૌમિતિક આકારો વિશાળ કદમાં તૈયાર કરાયા છે. આ ઉપરાંત, સાપ-સીડી જેવી રમતો દ્વારા બાળકો ગણિતની પાયાની ક્રિયાઓ અને ધાતુની પટ્ટીઓ દ્વારા માપનની ક્રિયા શીખે છે.

આ પ્રૉજેક્ટની સફળતા પાછળ આચાર્ય રાકેશ પટેલ તથા શિક્ષકો શાંતિલાલ માલીવાડ અને ગોપાલ પટેલની વિદ્યાર્થીલક્ષી અને દૂરગામી દૃષ્ટિ રહેલી છે. કોઈ પણ બાહ્ય કોન્ટ્રાક્ટર વિના, સ્થાનિક કારીગરોની મદદથી આ પાર્ક તૈયાર કરવામાં આવ્યો છે, જે 'વોકલ ફોર લોકલ'નું ઉત્તમ ઉદાહરણ છે. આ અનોખા અભિગમને કારણે આ શાળાની પસંદગી ભારત સરકારની 'PM SHRI' (Pradhan Mantri Schools for Rising India) યોજના હેઠળ મૉડેલ સંસ્થા તરીકે કરવામાં આવી છે.



આજે નવા નદીસર પ્રાથમિક શાળા પ્રેરણાનું કેન્દ્ર બની છે. અહીંના વિદ્યાર્થીઓ માટે ગણિત હવે ભારરૂપ વિષય ન રહેતાં એક મજાની રમત બની ગયું છે! જો શિક્ષકોમાં કશુંક નવું કરવાની પ્રબળ ઇચ્છાશક્તિ હોય, તો અંતરિયાળ-ગ્રામીણ વિસ્તારોમાં વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પહોંચી શકે છે. નવા નદીસર ગામની શાળાએ બાળકોના હિત માટે જે નવતર પહેલ હાથ ધરી છે તે પ્રશંસનીય અને અભિનંદનીય પ્રયાસ છે.



# 'ગુજરાત' પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

'ગુજરાત' પાક્ષિકના વાચકોને આનંદ થાય તેવી વધુ એક નવતર બાબત 'ગુજરાત' પાક્ષિકમાં હવેથી ઉમેરવામાં આવી રહી છે. 'ગુજરાત' પાક્ષિકનો જે અંક તમારા હાથમાં છે એ અંકમાંથી જ ૧૪ સવાલો આપને પૂછવામાં આવ્યા છે. ક્વિઝ પ્રસિદ્ધ થયેલ અંકના પાનામાં જ વ્યવસ્થિત રીતે આપના જવાબ આપેલા વિકલ્પો પૈકી ☑ ની નિશાની કરીને, આ પાનું ✂ કાપીને તમારા નામ અને સરનામાની વિગત સાથે નીચેના સરનામે અંક પ્રસિદ્ધ થયાની તારીખથી પંદર દિવસમાં મોકલી આપશો. મળેલા તમામ સાચા ઉત્તરો પૈકી ડ્રો કરવામાં આવશે અને પ્રથમ, દ્વિતીય તથા તૃતીય વિજેતાનું નામ પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ તેમને પ્રોત્સાહક ઇનામ પણ આપવામાં આવશે.

**'ગુજરાત ક્વિઝ', અંક નં. ૧૧, 'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી કમિશનરશ્રીની કચેરી, ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.**

૧. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલ્પસર યોજના સાથે સમાનતા ધરાવતા ........ ના Afsluitdijk ડેમની મુલાકાત લીધી હતી.
(A) રશિયા (B) સ્પેન (C) નેધરલૅન્ડ્સ્ (D) ઇટલી

૨. છોટાઉદેપુર અને પંચમહાલના ......... આદિવાસીઓની પીઠોરા ચિત્રકલા વિશ્વવિખ્યાત છે.
(A) કોકણી (B) રાઠવા (C) ભીલ (D) ડુંગરી ગરાસિયા

૩. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગરની કઈ સંસ્થા ખાતે ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટરનું લોકાર્પણ કર્યું?
(A) GMU (B) NIFT (C) IIT (D) NID

૪. ગુજરાત સરકાર દ્વારા ..... સુધીની ઉંમરના સંપૂર્ણ બહેરાશ ધરાવતાં બાળકોને વિનામૂલ્યે કોક્લિયર ઇમ્પ્લાન્ટ કરી આપવાની નીતિ છે.
(A) ૬ વર્ષ (B) ૫ વર્ષ (C) ૪ વર્ષ (D) ૩ વર્ષ

૫. નીચેનામાંથી કયા વિષય પર ચર્ચા-વિચારણા માટે સંસદની Joint Parliamentary Committeeએ ગુજરાતની મુલાકાત લીધી હતી?
(A) વન નેશન, વન ઇલેક્શન (B) વન નેશન, વન આઇડેન્ટીટી
(C) વસ્તી ગણતરી ૨૦૨૭ (D) સમાન નાગરિક ધારો

૬. મુખ્યમંત્રીશ્રીએ ......... ખાતે મહાત્મા ગાંધી આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું હતું.
(A) માણાવદર (B) માંગરોળ
(C) મહુવા (D) રાજુલા

૭. ગુજરાતના ....... થી નવી દિલ્હીની સીધી રેલસેવાની ભેટ કેન્દ્ર સરકારે આપી છે.
(A) પોરબંદર (B) કચ્છ (C) અમરેલી (D) જામનગર

૮. ગુજરાતમાં વર્ષ ૨૦૦૭થી ગુમ થયેલા લોકોને શોધી કાઢવા માટેના ઓપરેશન ......... હેઠળ બે અઠવાડિયાંમાં ૭૦૧ લોકોને શોધી કાઢવામાં સફળતા મળી.
(A) સંગાથ (B) કનેક્ટ (C) મિલાપ (D) મિલન

૯. પ્રાચીન સમયમાં ન્યગ્રોધપુર તરીકે ઓળખાતો વિસ્તાર હાલમાં કયો જિલ્લો છે?
(A) મહીસાગર (B) દાહોદ (C) વલસાડ (D) ગોધરા

૧૦. એશિયન વેઇટલિફ્ટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૬નો ઉદ્ઘાટન સમારંભ ક્યાં યોજાઈ ગયો?
(A) અમદાવાદ (B) વડોદરા
(C) સુરત (D) ગાંધીનગર

૧૧. નાગરિકોને વીજળી સંબંધિત સેવાઓ ઓનલાઇન મળી રહે તે માટે કયું પોર્ટલ કાર્યરત છે?
(A) ઇ-વિદ્યુત (B) ઇ-વીજળી
(C) ડિજિ-વિદ્યુત (D) ઊર્જાસેતુ

૧૨. ........ જિલ્લાના નવા નદીસર ગામની પ્રાથમિક શાળાએ બાળકોના ગણિતના ડરને દૂર કરવા માટે મૅથ્સ પાર્કનો એક નવતર પ્રયોગ કર્યો છે.
(A) ડાંગ (B) સુરેન્દ્રનગર
(C) અરવલ્લી (D) પંચમહાલ

૧૩. કયું સ્થળ છત્રપતિ શિવાજીના પરાક્રમ સાથે સંકળાયેલું છે?
(A) પેથાપુરનો કિલ્લો (B) રાજપીપળા મહેલ
(C) દેલવાડાનાં દેરાં (D) પારનેરાની ટેકરીઓ

૧૪. જલ મહોત્સવ ૨૦૨૬માં ......ના લક્ષ્મીવાસ ગામને સુઆયોજિત જળવિતરણ વ્યવસ્થાપન માટે રાષ્ટ્રીય કક્ષાનું સન્માનપત્ર પ્રાપ્ત થયું છે.
(A) તાપી (B) મોરબી
(C) મહીસાગર (D) મહેસાણા

૧૫. અમેરિકાના બોગાટા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળામાં ભારતીય પ્રતિનિધિમંડળમાં ગુજરાતનું નેતૃત્વ કોણે કર્યું?
(A) ડૉ. ઉષા ઉપાધ્યાય (B) સુશ્રી નેહા સંજીવ
(C) ડૉ. મંજુલા પાઠક (D) શ્રીમતી ઇંદુમતી દલાલ

નામ : .................................. સરનામું : ..................................................................

..........................................................................................................................

ઈમેલ એડ્રેસ :........................................................... મોબાઇલ નં. :........................................

| અંક નં. ૦૯ના વિજેતા | નામ : ધુલાભાઈ માતા<br>કચ્છ | નામ : મિતરાજસિંહ ગોહિલ<br>ભાવનગર | નામ : વિપુલ રાવલ<br>જૂનાગઢ |
|---|---|---|---|

# ઇ-વિદ્યુત સેવા પોર્ટલ

**જીત ભાવસાર**




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુડ ગવર્નન્સ માટે ટેક્નોલૉજીના વધુમાં વધુ મહત્તમ ઉપયોગ પર ભાર મૂક્યો છે. તેમણે દેશભરમાં 'ડિજિટલ ઇન્ડિયા' અભિયાનથી નાગરિકોને ઘર-આંગણે સેવાઓ પહોંચાડી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં ડિજિટલ ગવર્નન્સને વધુ મજબૂત બનાવવા અને નાગરિકોને વીજળી સંબંધિત સેવાઓ વધુ સરળતાએ, પારદર્શક અને ઝડપથી મળી શકે તે માટે ડિજિટલ ટેક્નોલૉજીના ઉપયોગથી 'ઇ-વિદ્યુત' (https://portal.guvnl.in/login.php) પોર્ટલ કાર્યરત છે.

'ઇ-વિદ્યુત' પોર્ટલનો રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારોના લોકો સમાન રીતે લાભ મેળવી રહ્યા છે. આ પોર્ટલ રાજ્ય સરકારની 'મિનિમમ ગવર્નમેન્ટ, મૅક્સિમમ ગવર્નન્સ'ની વિચારધારાને સાકાર કરે છે.

'ઇ-વિદ્યુત' પોર્ટલનો મુખ્ય હેતુ નાગરિકોને ઘરે બેઠાં વીજળી સંબંધિત તમામ સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે અને આ પોર્ટલમાં મુખ્યત્વે નવાં કનેક્શન માટે અરજી, બિલ-ચુકવણી, ફરિયાદની નોંધણી, લોડ વધારવા અથવા ઘટાડવાની પ્રક્રિયા જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.

PGVCL, UGVCL, DGVCL, MGVCL જેવી ગુજરાતની વિવિધ વીજ વિતરણ કંપનીઓનો સમાવેશ આ એક જ પોર્ટલમાં થઈ જાય છે, તેથી આ પોર્ટલ ગ્રાહકો માટે એક 'વન-સ્ટોપ સૉલ્યુશન' તરીકે કાર્ય કરે છે, જ્યાં વીજળી સંબંધિત લગભગ તમામ સેવાઓ એક જ જગ્યાએ ઉપલબ્ધ છે.

## આ પોર્ટલનો ઉપયોગ કેવી રીતે કરશો?

- e-Vidhyut Seva **પોર્ટલની સત્તાવાર વેબસાઇટ ખોલો**
- 'Consumer Login' **અથવા** 'Register' **પર ક્લિક કરો**
- **ગ્રાહક નંબર અને જરૂરી વિગતો દાખલ કરો**
- OTP **દ્વારા વૅરિફિકેશન કરો**
- **લૉગ-ઇન કર્યા પછી જરૂરી સેવા પસંદ કરીને માહિતી ભરીને સબમિટ કરો**

## મુખ્ય સુવિધાઓ

1 **વીજળી બિલ પેમેન્ટ :** આ પોર્ટલમાં ગ્રાહક UPI, નેટબૅંકિંગ અને અન્ય માધ્યમોથી બિલની ઑનલાઇન ચુકવણી સરળતાથી કરી શકે છે. ગ્રાહકોને લાંબી લાઇનમાં ઊભા રહેવાની જરૂર રહેતી નથી.

2 **નવા વીજ-જોડાણની અરજી :** આ પોર્ટલમાં ગ્રાહક તેના ઘરેલુ, વ્યાવસાયિક અને ઔદ્યોગિક કનેક્શન માટે પોર્ટલ પરથી જ જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને ઓનલાઇન અરજી કરી શકે છે અને અરજીની સ્થિતિને ટ્રૅક પણ કરી શકે છે.

4 **ફરિયાદ અને રિક્વેસ્ટ મૅનેજમેન્ટ :** આ પોર્ટલમાં ગ્રાહક વીજળી બંધ થવી, લાઇન ફોલ્ટ, બિલિંગમાં ભૂલ અને મીટર સંબંધિત સમસ્યાઓ વગેરે માટે ઓનલાઇન ફરિયાદ નોંધાવીને તેનું સ્ટેટસ પણ સરળતાથી જાણી શકે છે.

5 **કનેક્શનની વિગતોમાં સુધારો :** વીજ કનેક્શનમાં નામ બદલવું, સરનામું અપડેટ કરાવવું, મોબાઇલ નંબર અને ઇ-મેલ અપડેટ કરાવવા જેવી સુવિધાઓ પણ ઓનલાઇન જ થઈ જવાથી ગ્રાહકોને સરળતા રહે છે.

7 **મીટર અને લોડ મૅનેજમેન્ટ :** ગ્રાહક પોતાના મીટરમાં લોડ-વધારા કે ઘટાડા માટે અરજી તથા મીટર ચેન્જ અથવા ચેક કરવા માટે રિક્વેસ્ટ પણ આ પોર્ટલમાંથી કરીને પોતાની જરૂરિયાત મુજબ સેવાને અપડેટ કરી શકે છે.

## ગ્રાહકોને શો ફાયદો થશે?

24/7 આ પોર્ટલ 24 X 7 ઉપલબ્ધ રહે છે, માટે ગ્રાહકો કોઈ પણ સમયે પોતાની સુવિધા મુજબ સેવાઓ મેળવી શકે છે.

ગ્રાહકોએ કરેલી દરેક અરજી અથવા ફરિયાદ માટે આ પોર્ટલમાં ટ્રૅકિંગ સુવિધા ઉપલબ્ધ છે, જેથી ગ્રાહકો તેમની કરેલી અરજી અથવા ફરિયાદની સ્થિતિ રિયલ-ટાઇમમાં જાણી શકે છે.

પોર્ટલમાં આ બધી સુવિધાઓનો લાભ ઘરે બેઠાં મળવાથી ગ્રાહકને કચેરી સુધી જવાની જરૂર પડતી નથી અને તેમનો સમય તથા મુસાફરી-ખર્ચ બંને બચી જાય છે.

e-Vidhyut Seva Portal Gujarat ગુજરાતના વીજ-ગ્રાહકો માટે એક અત્યંત ઉપયોગી અને આધુનિક ડિજિટલ પ્લૅટફૉર્મ છે. તે માત્ર સેવાઓને સરળ નથી બનાવતું, બલકે સરકાર અને નાગરિક વચ્ચેના અંતરને પણ ઓછું કરે છે.




# આદિજાતિ જીવનનું સમીપ-દર્શન : 'આદિવાસી સાંસ્કૃતિક વિરાસત'

- શ્રેયા સાઠે

ભારતીય સભ્યતાના વિકાસમાં આદિ નિષાદોનું કે આદિવાસીઓનું વિશેષ યોગદાન છે અને ઈતિહાસ તથા પુરાતત્ત્વની લિપિ ઉકેલીને તેની યોગ્ય નોંધ લેવાનું કામ ડૉ. ભગવાનદાસ પટેલ જેવા વિદ્વાનો કરતા રહ્યા છે. આદિજાતિના યોગદાનને સાબિત અને સંગૃહીત કરવામાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

ગુજરાતમાં વસતા વિવિધ આદિજાતિના ૨૯ જેટલા સમુદાયો જેમ કે, ડુંગરી ભીલ, સોખલા ગરાસિયા, દૂબળા, ગામીત, ચૌધરી, ધાનકા (તડવી) વગેરે જેવી મુખ્ય આદિજાતિઓની રહેણીકરણી, આભૂષણો, નૃત્ય, ચિત્રકલા, કાષ્ઠકલા તથા તેમના સામાજિક બંધારણની 'આદિવાસી સાંસ્કૃતિક વિરાસત' પુસ્તિકાનાં ૧૪ પ્રકરણોમાં વિસ્તૃત વાત કરવામાં આવી છે. આ ૧૨૪ પાનાંની આદિવાસી સંસ્કૃતિને તાદૃશ કરતી પુસ્તિકાના દરેક પ્રકરણ દ્વારા આદિવાસી સંસ્કૃતિ વિશે અવનવું જાણવા મળે છે. પુસ્તિકાના અંતમાં આપવામાં આવેલી તેની શબ્દસૂચિ આદિવાસીઓનાં સામાજિક ગીતો, ધાર્મિક ગીતો, ગોરનાં ગીતો વગેરેના તળપદા શબ્દો વિશે સમજ પૂરી પાડે છે. 'આદિવાસીઓની ગઈકાલ' (પૃ.૧૩) પ્રકરણમાં લેખકે સં.૧૨૫૦થી સં. ૧૩૦૨ સુધી ઈડરની ગાદી પર ભીલ આદિવાસી રાજા હાથી સોડે અને તેના પુત્ર શામળિયા સોડેએ રાજકારભાર ચલાવ્યાનો ઐતિહાસિક ઉલ્લેખ 'ઈડર રાજયનો ઇતિહાસ' પુસ્તકમાંથી મળે છે, એમ કહીને આદિવાસી પ્રજાના વિસ્તૃત વસવાટનો ગ્રાફ ટૂંકમાં આપ્યો છે. અંગ્રેજો સામે આદિવાસીઓના સંઘર્ષની પણ આ પ્રકરણમાં વાત કરાઈ છે. તો, 'આદિવાસીઓની આજ' (પૃ.૧૬) પ્રકરણમાં લેખક જણાવે છે કે, ગુજરાતમાં આદિવાસીઓની વસતિ લગભગ ૧૪ ટકા છે અને તેમના ૨૯ સમુદાયો વસે છે. નૃવંશ-વિજ્ઞાનીઓ તથા ભાષાશાસ્ત્રના નિષ્ણાતોનાં સંશોધનોના આધારે લેખકે આ પુસ્તકમાં ગાગરમાં સાગર જેવી કમાલ કરી દેખાડી છે.

આદિવાસીઓ વિવિધ જીવન-પ્રસંગો નિમિત્તે જે ગીતો અને ઉજવણીઓ કરે છે તેમાં વપરાતા શબ્દો અને કહેવતો તેમજ વિવિધ પ્રસંગોએ ગવાતાં ગીતોના શબ્દાર્થ વગેરેની લેખકે 'આદિવાસી ગીતોનું રસદર્શન' (પૃ. ૭૨) લેખથી શરૂ થતા લેખોમાં વિગતે વાત કરી છે. એટલું જ નહીં, લેખકે શબ્દાર્થસૂચિ (પૃ. ૧૦૫થી ૧૨૨) આપીને આદિવાસી લોકભાષાના શબ્દોના અર્થ પણ દર્શાવ્યા છે. 'આદિવાસી સંસ્કૃતિ સંપદા'થી શરૂ કરીને 'આદિવાસી ગીતોનું રસદર્શન' સુધીનાં ૧૪ પ્રકરણોમાં ફેલાયેલું કુલ ૧૨૪ પાનાંનું આ પુસ્તક માહિતીની દૃષ્ટિએ તો શ્રેષ્ઠ છે જ, બલકે ડૉ. શ્રી ભગવાનદાસ પટેલની લેખિનીના કારણે પણ અનોખું બની રહે છે.

માહિતી કમિશનરની કચેરી દ્વારા પ્રકાશિત કરવામાં આવેલું 'આદિવાસી સાંસ્કૃતિક વિરાસત' પુસ્તક આદિવાસી સમાજ તથા આ વિષયમાં સંશોધન કરનાર અભ્યાસવાંછુઓ માટે દુર્લભ ગ્રંથ સમાન છે.

આપણી યુવા પેઢી તથા તમામ નાગરિકો આદિવાસી સંસ્કૃતિ વિશે જાણે અને સમજે તે જરૂરી છે. ગ્લોબલ વૉર્મિંગના આ જમાનામાં વનરાજીઓની ઘનઘોર ઘટામાં પ્રસ્થાન કરીને શિક્ષિત સમાજને આદિવાસીઓની સાંસ્કૃતિક વિરાસત વિશે લગભગ સૌએ માહિતગાર થવાની જરૂર છે. ડૉ. ભગવાનદાસ પટેલ જેવા અભ્યાસી અને વિદ્વાને આલેખેલું પુસ્તક 'આદિવાસી સાંસ્કૃતિક વિરાસત' આદિવાસી સંસ્કૃતિ અને આદિજાતિની જીવનશૈલીનો વાચકને ખૂબ નજીકથી પરિચય કરાવે છે. લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ, આદિવાસી સમાજ વિશે ગ્રામ અને નગરમાં વસતા અન્ય સમાજોના લોકોમાં પ્રવર્તતી અનેક પ્રકારની ગેરસમજોને તોડવા માટે પણ આ પુસ્તક ઉપયોગી થાય એવું છે. લેખકની નિરૂપણશક્તિ અને શબ્દશક્તિ તો ઉત્તમ છે જ, બલકે આ વિષય પરત્વેની તેમની વિદ્વત્તાને જોતાં આ પુસ્તક આદિજાતિને સમજવા મથનાર કોઈ પણ વાચક માટે અજાણી ભોમકામાં એક ભોમિયા સમાન બની રહેશે, તે નિઃશંક બાબત છે.

'આદિવાસી સાંસ્કૃતિક વિરાસત', પ્રકાશક : કે. એલ. બચાણી, માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, આવૃત્તિ : વર્ષ : ૨૦૨૬, લેખન અને સંપાદન : ડૉ. ભગવાનદાસ પટેલ, મુદ્રક: સરકારી ફોટો લિથોપ્રેસ, અમદાવાદ, કુલ પાનાં: ૧૨૪

# મફત તબીબી સહાય યોજના

| | |
|---|---|
| **યોજનાનો ઉદ્દેશ / હેતુ** | આર્થિક નબળી સ્થિતિ ધરાવતા અનુ. જનજાતિના લોકોની દવા, ઇન્જેક્શન તથા પૌષ્ટિક આહાર મેળવી સ્વાસ્થ્યવર્ધક જીવન જીવી શકે તે હેતુ |
| **આવક મર્યાદા** | વાર્ષિક રૂ. ૬ લાખ |
| **પાત્રતાનાં ધોરણો** | અનુ. જનજાતિના લોકોને આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવે છે. |

**યોજના અંતર્ગત મળતી સહાય**

| ક્રમ | રોગનું નામ | સહાયતાના દર |
|---|---|---|
| ૧ | પ્રસૂતિના ગંભીર કેસમાં | રૂ. ૨૦૦૦ કેસ દીઠ |
| ૨ | સ્ત્રીઓને થતાં પાંડુરોગ માટે | રૂ. ૨૦૦૦ કેસ દીઠ |
| ૩ | ક્ષય | રૂ. ૨૦૦૦ દર માસે (બીમારી મટે ત્યાં સુધી) |
| ૪ | કેન્સર | રૂ. ૨૫૦૦ દર માસે (બીમારી મટે ત્યાં સુધી) |
| ૫ | રક્તપિત્ત | રૂ. ૨૦૦૦ કેસ દીઠ, દર માસે બીમારી મટે ત્યાં સુધી |
| ૬ | H.I.V. / એઇડ્સ | રૂ. ૨૫૦૦ દર માસે, બીમારી મટે ત્યાં સુધી |
| ૭ | સિકલસેલ એનિમિયા | રૂ. ૨૫૦૦ દર્દી દીઠ, દર માસે, બીમારી મટે ત્યાં સુધી |
| ૮ | થેલેસેમિયા | રૂ. ૨૫૦૦ દર્દી દીઠ, દર માસે, બીમારી મટે ત્યાં સુધી |

| | |
|---|---|
| **અરજીની પ્રક્રિયા** | સંબંધિત જિલ્લા કચેરીએ અરજી કરવાની રહે છે. |
| **અમલીકરણ કરતી કચેરી / સંપર્ક અધિકારી** | નિયામક, આદિજાતિ વિકાસની કચેરી, ગાંધીનગર<br>સંબંધિત જિલ્લાના મદદનીશ કમિશનર,<br>આદિજાતિ વિકાસ અધિકારી (ડાંગ / કચ્છ) |
| **અરજી સમયે રજૂ કરવાના થતા પુરાવા** | જાતિનો દાખલો, કુટુંબની આવકનો દાખલો, સારવાર અને સમયગાળો દર્શાવતું ડૉક્ટરનું પ્રમાણપત્ર, રહેઠાણ અંગેનો પુરાવો |

મફત તબીબી સહાય યોજનાની વધુ માહિતી તથા અરજી માટે સ્કેન કરો

'મારી યોજના' પોર્ટલ રાજ્ય સરકારની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની પ્રાથમિક માહિતી એક જ મંચ પર ઉપલબ્ધ કરાવતું યુઝર ફ્રેન્ડલી ડિજિટલ પ્લેટફોર્મ છે, જે માત્ર એક ક્લિકથી પૂરી પાડશે તમામ યોજનાઓની માહિતી.





**Published on Date : 01-06-2026**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : Ahmedabad Unaccountable L1 on every 3 to 15 and 22 to 30 E.M., Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**64 + 4 Cover = Total 68 Pages • Editor and Published by** Commissoner of Information on behalf of Commissonerate of Information, Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 10, Gandhinagar Respectively.

**'ગુજરાત' પાક્ષિક કાર્યાલય :-**
માહિતી કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦